| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૧ |
| નોંધ્યા તારીખ | ૩૦/૦૭/૨૦૨૧ |
| ફેંસલ તારીખ | ૨૨/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીનો–વર્ષ |
| | |

सत्यमेव जयते

# અરવલ્લીના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ.મોડાસા, જી. અરવલ્લી

==========================================================

**–।। સેશન્સ કેસ નં. ૭૬/૨૦૨૧ ।।–**

==========================================================

**આંક–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** **રત્નાભાઇ જેમાભાઇ ડામોર,**
ઉ.વ.૪૭, ધંધો:–ખેતી ,
રહે.કાલીયાકુવા, તા.મેઘરજ, જી.અરવલ્લી

==========================================================

**ગુનો:–** **ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ**

==========================================================

- ફરિયાદી તરફે વિ. પ્રોસીક્યુટર શ્રી આર.એમ.પટેલ
- આરોપી તરફે વિ.ધારાશાસ્ત્રી શ્રી જે.જી.પ્રજાપતિ

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧–૦૧–૨૦૧૮ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૭–૦૧–૨૦૨૧ |
| આરોપનામાની તારીખ | ૩૦–૦૭–૨૦૨૧ |
| આરોપના ઘડતરની તારીખ | ૦૪–૦૯–૨૦૨૧ |
| પુરાવા પ્રારંભની તારીખ | ૨૧–૦૧–૨૦૨૩ |
| ચુકાદો અનામત રખાયાની તારીખ | ૧૪–૦૭–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૨–૦૭–૨૦૨૬ |
| સજાના હુકમની, જો કોઇ હોય તો તારીખ | – |

## આરોપીની વિગત

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | ૧ |
| આરોપીનું નામ | **રત્નાભાઇ જેમાભાઇ ડામોર** |
| ધરપકડ થયાની તારીખ | ૦૮–૦૪–૨૦૨૧ |
| જામીન મુકત થયા તારીખ | ૧૯–૦૪–૨૦૨૧ |
| કરાયેલ આરોપ | ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) |
| શું ગુના મુકત અથવા દોષિત ફરમાવેલી શિક્ષા | આખરી હુકમ મુજબ |
| ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૮૨ ના હેતુસર ટ્રાયલ દરમીયાન જોગવાઇ અટકાયતનો સમયગાળો | – |

## ફોર્મ–સી

**ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટ સાહેદોનું લીસ્ટ :–**

**(એ) ફરીયાદપક્ષ તરફે :–**

**–: ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–**

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૮ | ભોગબનનાર | ભોગબનનાર |
| ૨. | ૩૦ | ભોગબનનારના પતિ | ભોગબનનારના પતિ |
| ૩. | ૩૩ | કેશાજી કોદરજી ડામોર | પંચસાહેદ |
| ૪. | ૩૫ | મનિષકુમાર નાનાભાઇ ડામોર | પંચસાહેદ |
| ૫. | ૪૦ | દશરથભાઇ અમરાભાઇ ડામોર | પંચસાહેદ |
| ૬. | ૪૬ | લાલાભાઇ નાનાભાઇ ડામોર | પંચસાહેદ |
| ૭. | ૪૮ | સુકાભાઇ રૂપાભાઇ બારીયા | પંચસાહેદ |
| ૮. | ૫૦ | ભરતભાઇ સવાભાઇ ડામોર | પંચસાહેદ |
| ૯. | ૫૨ | ડો.પી.જે.પ્રજાપતિ | તબીબી સાહેદ |
| ૧૦. | ૫૭ | ડો.પી.બી.રાઠોડ | તબીબી સાહેદ |
| ૧૧. | ૬૨ | જયેશકુમાર પોપટભાઇ ભરવાડ | ત.ક.અમલદાર |
| ૧૨. | ૬૫ | મનિષકુમાર દિલીપભાઇ પંચાલ | ત.ક.અમલદાર |

**(એ) બચાવપક્ષ તરફે :–**

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૭૪ | કનુભાઇ રૂપાભાઇ ખાંટ | પોલીસ સાહેદ |
| ૨ | ૯૦ | મનુબેન દિનેશભાઇ ડામોર | ફરીયાદીના |

| | | | |
|---|---|---|---|
| | | | દેરાણી |

## (એ) કોર્ટ સાહેદો તરફે :–

| સાહેદ નં. | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | - | – |

## –: ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવો:–

| નંબર | આંક | દસ્તાવેજની વિગત | કયા સાહેદમાં પુરવાર થયેલ છે. |
|---|---|---|---|
| ૧. | ૦૯ | ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૨. | ૧૦ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન | સાહેદ નં.૧ |
| ૩. | ૧૮ થી ૨૧ | આરોપીએ ભોગબનનાર પાસેથી લીધેલા દસ્તાવેજો | સાહેદ નં.૧ |
| ૪. | ૨૨ થી ૨૪ | એફ.આઈ.આર.ની નકલો | સાહેદ નં.૧ |
| ૫. | ૨૫ થી ૨૭ | ચાર્જશીટની નકલો | સાહેદ નં.૧ |
| ૬. | ૨૮ | સ્ટેમ્પ પેપરનું લખાણ | સાહેદ નં.૧ |
| ૭. | ૩૧ | પગાર ચુકવણી પત્રક | સાહેદ નં.૨ |
| ૮. | ૩૨ | ફોટોગ્રાફની નકલ | સાહેદ નં.૨ |
| ૯. | ૩૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | સાહેદ નં.૩ |
| ૧૦. | ૩૬ | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | સાહેદ નં.૪ |

| | | | |
|---|---|---|---|
| ૧૧. | ૩૭ થી ૩૯ | પંચનામાના પંચ કાપલીઓ | સાહેદ નં.૪ |
| ૧૨. | ૪૧ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામું | સાહેદ નં.૫ |
| ૧૩. | ૪૨ થી ૪૫ | પંચનામાના પંચ કાપલીઓ | સાહેદ નં.૫ |
| ૧૪. | ૪૯ | મુદ્દામાલ રીકવરી પંચનામું | સાહેદ નં.૭ |
| ૧૫. | ૫૩ | આરોપીનું મેડીકલ તપાસણી કરવા યાદી | સાહેદ નં.૯ |
| ૧૬. | ૫૪ | આરોપીના કેસ પેપર | સાહેદ નં.૯ |
| ૧૭. | ૫૫ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૯ |
| ૧૮. | ૫૬ | આરોપીનું મેડીકલ તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૯ |
| ૧૯. | ૫૮ | ભોગબનનારનું મેડીકલ તપાસણી કરવા યાદી | સાહેદ નં.૧૦ |
| ૨૦. | ૫૯ | ભોગબનનારના કેસ પેપર | સાહેદ નં.૧૦ |
| ૨૧. | ૬૦ | ભોગબનનારનું મેડીકલ તપાસણી સર્ટીફીકેટ | સાહેદ નં.૧૦ |
| ૨૨. | ૬૩ | સુચિપત્ર | સાહેદ નં.૧૧ |
| ૨૩. | ૬૪ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન લેવા કરેલ યાદી | સાહેદ નં.૧૧ |
| ૨૪. | ૬૬ | મુદ્દામાલ રવાનગીપત્રક | સાહેદ નં.૧૨ |
| ૨૫. | ૬૭ | મુદ્દામાલ મળ્યાની પહોંચ | સાહેદ નં.૧૨ |
| ૨૬. | ૬૮ | એફ.એસ.એલ. ફોરવડીંગ લેટર | સાહેદ નં.૧૨ |
| ૨૭. | ૬૯,૭૦ | બાયોલોજી તથા સીરોલોજી પૃથ્થકરણ અહેવાલો | સાહેદ નં.૧૨ |

## −: બચાવપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવો :−

| નંબર | આંક | દસ્તાવેજની વિગત | કયા સાહેદમાં પુરવાર થયેલ છે. |
|---|---|---|---|
| ૧. | ૭૫ | ડામોર રત્નાભાઈએ ભોગબનનાર વિરુધ્ધ આપેલ ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૨. | ૭૬ | ડામોર રત્નાભાઈએ ભાથીભાઈ વિરુધ્ધ આપેલ ફરીયાદ | સાહેદ નં.૧ |
| ૩. | ૭૭ | ભાથીભાઈના જામીન લેવા મામલતદારને કરેલ અરજીની નકલ | સાહેદ નં.૧ |
| ૪. | ૭૮,૭૯ | ભોગબનનાર વગેરે ચાર સમક્ષ કરેલી ફરીયાદો | સાહેદ નં.૧ |
| ૫. | ૮૦,૮૧ | ડામોર રત્નાભાઈ વગેરે બે સમક્ષ કરેલી ફરીયાદો | સાહેદ નં.૧ |
| ૬. | ૮૨ | જશવંતસિંહ વગેરે બે ના જામીન લેવા મામલતદારને કરેલ અરજીની નકલ | સાહેદ નં.૧ |
| ૭. | ૮૩ | ભોગબનનાર વિરુદ્ધના કેસની ફરીયાદની નકલ | સાહેદ નં.૧ |
| ૮. | ૮૪ થી ૮૬ | ભોગબનનાર,જશવંતસિંહ વગેરેના જામીન લેવા મામલતદારને કરેલ અરજીની નકલ | સાહેદ નં.૧ |
| ૯. | ૮૭ | રત્નાભાઈ ડામોરે કરેલ ફરીયાદની એફ.આઈ.આર.ની નકલ | સાહેદ નં.૧ |
| ૧૦. | ૮૮,૮૯ | ચાર્જશીટોની નકલ | સાહેદ નં.૧ |
| ૧૧. | ૯૨ | મિટીંગ ફોર્મ | આંક−૯૧ ની અરજીના હુકમ અન્વયે |
| ૧૨. | ૯૩ | હરસિધ્ધી મિશન મં.સખી મંડળને | આંક−૯૧ ની |

| | | | |
|---|---|---|---|
| | | બેંક સાથે જોડાણ કરવા કરેલ અરજીની નકલ | અરજીના હુકમ અન્વયે |
| ૧૩. | ૯૪ | રત્નાભાઇનું સંમતીપત્રક | આંક–૯૧ ની અરજીના હુકમ અન્વયે |
| ૧૪. | ૯૫ | આર.ટી.આઇ એકટ અન્વયે લખેલ પ્રત જા.નં.૭૭૦/૨૦૨૩ અસલ | આંક–૯૧ ની અરજીના હુકમ અન્વયે |

**–: કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવો :–**

| **નંબર** | **આંક** | **દસ્તાવેજની વિગત** | **કયા સાહેદમાં પુરવાર થયેલ છે.** |
|---|---|---|---|
| – | - | - | – |

## **:JUDGMENT:**

**(૧)** આરોપીઓ **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેની ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલ છે.

**(૨) ફરીયાદ મુજબ ટૂંકમાં હકીકત એ પ્રકારે છે કે,** આ કામના આરોપીએ સને ૨૦૧૮ ની સાલમાં આ કામના ફરીયાદી/ભોગબનનાર નારેગા યોજના હેઠળ સાઇડ ઉપર એકલા હતા ત્યારે તેણીની એકલતાનો લાભ લઇ ફરીયાદી/ભોગબનનારને રામપુર ચપ્પા જેવું બતાવી તેણીની મરજી વિરુધ્ધ

શરીર સુખ માણી, ‘‘જો તુ કોઈને કહીશ તો તને અને તારા પતિને જાનથી મારી નાખીશ.’’ તેવી ધમકીઓ આપી આરોપીની પોતાની ગાડી નં.જી.જે.૩૧.ડી.૩૮૫૦ માં ઉન્ડવા ગામ તરફ લઈ જઈ ગાડીમાં પણ શરીર સુખ માણી અવાર નવાર ફરીયાદી સાથે મારકૂટ કરી પોતાની સાથે સંબંધ રાખવા ધાક ધમકી આપી ફરીયાદી તેમજ ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોય ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ફરીયાદ કરેલ છે.

આરોપી વિરુધ્ધ મેઘરજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૮૦૦७२१००३८/२०२१ થી ભારતીય દંડ સંહિતાની કલમ:- ३७૬, ३२३, ૫०४, ૫०૬(२) મુજબના ગુના ફરીયાદ નોંધવામાં આવતા તપાસ કરનાર અધિકારીએ તપાસ શરુ કરેલી અને આરોપી મળી આવતા આરોપીને અટક કરેલા. ભોગબનનારનું સી.આર.પી.સી.ની કલમ ૧૬४ મુજબનું નિવેદન લેવડાવવા કાર્યવાહી કરેલી અને ત્યારબાદ જરૂરી પંચનામા તથા સાહેદના નિવેદન લઈ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ- ३७૬, ३२३, ૫०४, ૫०૬(२)** મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજૂ કરેલ.

(૩) તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરવામાં આવેલા ચાર્જશીટનું સંજ્ઞાન લઈ, વિ.ટ્રાયલ કોર્ટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ- ૨०४ અન્વયે આરોપીને સમન્સ કરવામાં આવતા, આરોપીને ધોરણસર સમન્સ બજી જતા, આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહેલા. ત્યારબાદ ફોજદારી

કાર્યરીતિ અધિનિયમની કલમ– ૨૦૭ અન્વયે ચાર્જશીટ લગત તમામ કાગળોની વિનામુલ્યુ નકલો પુરી પાડવામાં આવેલ છે તેમજ આ કામે આક્ષેપિત ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં આક્ષેપિત ગુનો સેશન્સ અદાલત ચલાવી શકે તે પ્રકારનો હોય, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ– ૨૦૯ અન્વયે સદર કેસ કમીટ કરવામાં આવેલ છે.

(૪) વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કમીટ કરવામાં આવેલ કેસ અત્રેની અદાલતમાં સેશન્સ કેસ તરીકે સ્વીકારેલ છે તથા આરોપીને સમન્સ બજી જતા અત્રેની કોર્ટમાં હાજર રહેલ છે. તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ આરોપી વિરૂદ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાતા હોય **આંક–૦૩** થી મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ તહોમત ફરમાવેલ છે અને આરોપીએ તેમના વિરુદ્ધના ગુના સબબ ઈન્કાર કરતા **આંક–૦૪ હેઠળ આરોપીનું પ્રાથમિક નિવેદન** નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ વિ.પ્રોસીક્યુટરશ્રી દ્વારા **આંક–૭૧** થી તથા બચાવપક્ષ દ્વારા **આંક–૯૬** થી પુરાવો બંધ કરવાની પુરસીસ આપેલ છે. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું સી.આર.પી.સી.ની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓને તેમના વિરૂદ્ધ પડેલ પુરાવા સબબ ખુલાસો કરવાનું જણાવતા આરોપીઓએ જણાવેલ છે કે, તેઓને ફરીયાદી/ભોગબનનાર તથા તેમના ઘરના સભ્યો સાથે નાણાકીય

લેવડ દેવડ હોય ઉઘરાણી કરતા તેમને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપેલી ને ત્યારબાદ ફરીયાદીને આગળ રાખીને ખોટી રીતના તેમના ઉપર કોઈપણ પ્રકારનો આવો બનાવ બનેલ ના હોવા છતાં ખોટી રીતના ફસાવવા માટે ખોટી ફરીયાદ કરેલ છે. તેઓ નિર્દોષ છે.

## (૬) <u>ફરીયાદ પક્ષની દલીલો</u> –

ફરીયાદપક્ષ તરફે વિ.પ્રોસીકયુટર શ્રી આર.એમ.પટેલને સાંભળ્યા. તેઓઓ પોતાની દલીલમાં જણાવેલ છે કે, **આંક–૮** થી ભોગબનનારની જુબાની થયેલ છે. તેણીને આરોપીએ ધમકી આપેલ, શારીરિક સંબંધ મરજી વિરુધ્ધ અનેકવાર કરેલ છે. ભોગબનનારને કલાર્ક તરીકે મનરેગામાં કામે રાખેલ, જુદી જુદી જગ્યાએ લઈ ગયેલ છે. ગાડીમાં રેપ કરેલ છે, **આંક–૩૦** થી ભોગબનનારના પતિને તપાસેલ છે. તેઓએ પણ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન આપેલ છે. તે જ રીતે પંચોએ પણ સમર્થન આપેલ છે. આરોપી સામે અગાઉ આવી ફરીયાદો થયેલ છે. ત.ક.અમલદારને તપાસેલ છે. બચાવપક્ષના સાહેદોને તપાસેલ છે. તેઓએ ઉલટતપાસમાં **આંક–૮૮,૮૯** માં આરોપીએ ભોગબનનારના પરીવાર સામે ફરીયાદ કરેલ.તેમાં ફરીયાદી તેના દીકરાના નામ નથી. જે ફરીયાદ છે તે હાલની ફરીયાદ પછીની છે. આરોપી સરપંચ હતા. ડેપ્યુટી સરપંચ સામે ફરીયાદ કરેલ છે. સાહેદોએ આરોપી સામે બળાત્કારની ફરીયાદ થયેલાનું સ્વીકારેલ છે. બચાવપક્ષના સાહેદ સહીતનાએ હકીકતો જણાવેલ છે. આરોપી સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ પુરવાર થયેલ હોય આવી માનસીકતા ધરાવતી વ્યકિતને

સજા કરવી જોઇએ. સમાજમા દાખલો બેસાડવો જોઇએ વગેરે હકીકતો દલીલમાં જણાવેલ છે.

**(૭) બચાવ પક્ષની દલીલો –**

આ કામે બચાવપક્ષના વિ.વ.શ્રી.જે.જી.પ્રજાપતિ દ્વારા મૌખિક દલીલમાં જણાવેલ છે કે ફરીયાદી પરણેલ છે. બાળકો છે. નાણાકીય લેવડદેવડના કેસના કારણે હાલની આ ખોટી ફરીયાદ આપેલ છે. ૨૦૧૮ માં આરોપી ઘરે આવી મનરેગાના કામ માટે ફરીયાદીના પતિને કલાર્ક તરીકે રાખવાનુ કહી ફરીયાદીને રાખેલ અને બળાત્કાર વગેરે કરેલાનો આક્ષેપ છે. ખરેખર મનરેગાના કામ માટે કલાર્ક તરીકે જે કાઇ હુકમો કરવાના હોય તેની ટીડીઓને સત્તા છે. આરોપીને સત્તા નથી. ફરીયાદી ભોગબનનારના નામના કોઇ કલાર્કના ઓર્ડરો રેકર્ડ પર રજુ નથી. મસ્ટર લખવા બોલાવતા રાતે ૯ વાગ્યા થી ૪ વાગ્યા સુધી રાખતાની હકીકતો ખોટી છે. ૨૦૧૮ માં કાગસીચાવાડા ડુંગર ઉપર લઇ ગયેલ અને મરજી વિરુદ્ધના શારીરિક સંબંધ બાંધેલ. ૨૦૧૯ મા નોકરી છોડેલ અને ૨૦૨૦ માં ગાંધીનગર ગાડીમા મીટીગમા જવાનુ કહી સંભોગ કરેલ. પછી ઘરે આવી આરોપીએ તેના પતિ સહીતને ચપ્પુ બતાવી મારી નાખવાની ધમકી આપેલ અને ફરીયાદી સહીતના અમદાવાદ જતા રહેલ અને પરત આવેલા. દિવાળી વખતે ત્યારે રસ્તામાં આરોપીએ ગાડી ઉભી રખાવી ધમકીઓ આપેલની હકીકતો જણાવેલ છે. ૨૦૧૮–૧૯ ના બનાવ અંગે કાઇ કહેતા નથી. ૨૦૨૦ માં રસ્તામાં ભોગબનનાર સહીતનાને રોકેલ અને તે બનાવની વાત સમાજના માણસોને કહેલ અને બળાત્કાર વગેરે હકીકતો બનેલ હોવાનું જણાવેલ છે. પતિ સાથે હોય તો પણ કાંઇ કહેતા

નથી. પંચો ફરીયાદીના કાકા, સાસુ વગેરે છે. તેઓ પણ કલાર્ક તરીકેનું ફોર્મ ભરવાનું ખબર નથી. ગામના લોકો ભેગા મળી મેઢ (કલાર્ક) ની ભલામણ ટીડીઓને કરતા હોવાનુ પછી તે ઓર્ડર આપતા હોવાનું, ફરીયાદીના પતિના નામનો ઓર્ડર લેવાનો હોય તો તેના નામના કોઇ દસ્તાવેજો આપેલ નહી હોવાનું રેકર્ડ પરથી જણાય છે. ઉલટતપાસમાં  હકીકતો જણાય આવે છે કે મસ્ટરમાં કામદારની હાજરી પુરવાની હોય છે. આરોપીના ઘર તથા ભોગબનનારના ઘર વચ્ચે નું અંતર અંગે પુછતા ફરીયાદીએ ખબર નહી હોવાનું જણાવેલ છે. **આંક–૧૮,૨૧** થી દસ્તાવેજો રજુ છે જે આધારકાર્ડ, માર્કશીટ નોકરીની અરજી વગેરે રજુ છે. દસ્તાવેજોને આંક પડેલ છે. ફોટા નોકરી માટે મોકલેલ છે. તા.૨૮/૧/૨૧ એફ.આઇ.આર છે જયારે તેની પહેલા આરોપીએ તા.૨૦–૧–૨૧ નારોજ ભોગબનનાર તેમના કુટુબના સભ્યો વિરુદ્ધ ફરીયાદ આપેલ છે. આરોપી પાસે થી ૨ લાખ રૂપિયા ઉછીના ફરીયાદી સહીતનાએ લીધેલ હોય તેની માંગણી કરતા નહી આપતા તે અંગે વકીલ મારફત નોટીસ આપેલ છે અને તે રકમ ન આપવી પડે એટલે હાલની ફરીયાદ આપેલ છે. આરોપીની ગાડીને પણ તા.૨૫–૧–૨૦૨૨ નારોજ નુકશાન કરેલ છે. **આંક–૯૨,૯૩** થી સખી મંડળ ચલાવવા અંગેના કાગળો રજુ છે છતાં ફરીયાદીએ પોતાની સહી અને તે ચલાવતા હોવાની હકીકતોનો ઇન્કાર કરેલ છે. આ સ્કીમમાં ફરીયાદી તેના પતિ, માતાપિતા જોડાયેલા છે. નાણાકીય લેવડદેવડના હીસાબ છે. **આક–૬૯** થી ભોગબનનારના પતિને તપાસેલ છે. આરોપી સરકારી નોકરી કરતા નથી. નરેગામાં રોજ ભોગબનનાર ના પતિ કામે જતા હતા અને તેમા ફરીયાદી કલાર્ક તરીકે સાથે જતા હતા.

તેથી રેપનો સવાલ રહેતો નથી. ૯ થી ૨ કામકાજનો સમય હતો. મસ્ટર રજીસ્ટર હોય છે. હેરાન પરેશાન અંગેની કોઇ ફરીયાદ કયારેય ફરીયાદીએ કરેલ નથી. **આક–૩૧** થી પગાર ચુકવણી પત્રકમાં ફરીયાદીના માતા, ભાઇનુ નામ છે. સમાધાન માટે ભેગા થયેલાનું પણ કહેલ છે. **આંક–૩૨** સમાધાન બાંહેધરી ખત રજુ છે. પ્રમુખ હોવાનું કહેલ છે. જયારે ભોગબનનારે સખી મંડળ અંગેની હકીકતોનો ઇન્કાર કરેલ છે. પંચોને તપાસેલ છે. ફરીયાદીના સગા છે છતાં ફરીયાદી મનરેગામા કામ કરતા હોવાનું, આરોપી ગામના વિકાસ માટે કાર્ય કરતા હોવાનું, ફરીયાદી પાસેથી ઉછીના પૈસા લીધેલ હોવાનું અને તેથી આરોપી સાથે ઝગડો ચાલચો હોવાનુ સમાધાન માટે પોલીસ સ્ટેશને પ્રયત્ન કરેલ પણ થયેલ નહી વગેરે હકીકતો જણાવેલ છે. અન્ય પંચો હોસ્ટાઇલ થયેલ છે. ત.ક.અમલદારને તપાસેલ છે. એફ.એસ.એલમાં કોઇ હકીકતો ફરીયાદપક્ષે બનેલાનું ખુલેલ નથી. બચાવપક્ષે **આંક–૭૪** થી સાહેદને તપાસેલ છે. તેઓએ પણ બચાવપક્ષના કેસને સમર્થન આપેલ છે અને ફરીયાદી સહીતનાઓ સામે આરોપીએ ફરીયાદી કરેલ તે રજુ થયેલ છે. ઠરાવ રજુ થયેલ છે. આંક પડેલ છે અને આરોપીએ ફરીયાદીને ઉછીની રકમ આપેલ હોવાનુ નોટીસ આપેલ હોવાનુ વગેરે હકીકતો તેઓની જુબાનીમાં જણાવેલ હોય તે રીતે કેસની હકીકત સંજોગો પુરાવો ધ્યાને લઇ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલમાં જણાવેલ છે.

આરોપીપક્ષે **આંક–૯૮** થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ છે કે આરોપી ફરીયાદીને ત્યાં આવેલ અને તેણીના પતિને મેઢ(કલાર્ક) તરીકે રાખવાનુ કહી તેના નામનો ઓર્ડર લાવવાના બદલે

ફરીયાદીના નામનો લાવેલ નોકરીમાં રાખેલ અને નિયમિત નારેગા યોજના હેઠળ કામ પર જતા હતા તાલુકા પંચાયત જવાનુ કહી સાથે લઇ જતા રાત્રે લાવતા અને પતિને સાથે રાખી ૯ વાગે આરોપીના ઘરે મસ્ટર લખવા જતા. મેઘરજ લઇ જવાના બહાને લઇ ગયેલા. તેણીના પતિને જવાનુ કહી મારકુટ કરેલ. તેમજ કળસીયાવાડી નાળ તરીકે ઓળખાતા ડુગરે લઇ જઇ  રામપુરી ચાકુ બતાવી એકલતાનો લાભ લઇ શારીરિક સુખ માણેલ, ધમકી આપેલ, ગાંધીનગર મીટીગમા જવાનુ કહી ગાડીમા શારીરિક સુખ માણેલ વગેરે જે ઉપરોકત મૌખિક દલીલમાં હકીકતો જણાવેલ છે તે હકીકતો લેખિત દલીલમાં પણ જણાવવામા આવેલ છે. તેમજ ૩ વર્ષ ૨૬ દિવસ સુધી ફરીયાદીએ કોઇને બનાવની વાત કરેલ નથી તે માની શકાય તેમ નથી અને આરોપી ફરીયાદી કામ ઉપરથી છુટી ઘરે જાય ત્યારે પાછળ આવતા હતા તો કયારેય ફરીયાદીએ આરોપીને શા માટે પાછળ આવે છે તેવુ કહેલ હોવાનું રેકર્ડ પરથી જણાય આવતુ નથી. અન્ય હકીકતો કહેલ નથી. ફરીયાદી પોતે એકલા આરોપીને ત્યાં  મસ્ટર લખવા ગયેલા નથી. સ્વેચ્છાપૂર્વક ડુગરે સાઇટ પર આરોપી સાથે ગયેલ હોવાનુ જણાય આવે છે. ગાડીમા લઇ જઇ બળાત્કાર કરેલ હોય તો તે અંગેની કોઇ  ફરીયાદ તેઓએ કયારેય કરેલ નથી. ૨૦૧૯ માં નોકરી છોડી દીધેલ. ૨૦૨૦ માં માય લાઇફની મીટીગ હોવાનું ત્યાં લઇ ગયેલ નહી હોવાનું જણાવેલ છે અને આરોપીએ ઘરે આવીને મારી નાખવાની ધમકી આપી ચપ્પુ બતાવેલ અને તે વખતે ફરીયાદીના પતિ આવી ગયેલાનું જણાવેલ છે તો ફરીયાદીના પતિએ કોઇ હકીકત જણાવેલ નથી. ફરીયાદ કરેલ નથી. રોડ ઉપર રોકેલા અને ધમકી આપેલાની હકીકત અંગે જોતા તે

અંગે પણ કોઇ ફરીયાદ અરજી તેઓએ આપેલ નથી તેમજ મજુરો કામ કરતા હોય ત્યાં હાજરી પુરતા હોવાનું જણાવેલ છે તેમજ અન્ય હકીકતો ખબર નહી હોવાનુ જણાવેલ છે. મનરેગામાં સાસુ, સસરા, દીયર મજુરી કામ કરતા હોવાનુ, તેઓના પતિ પણ આવતા હોવાનુ, ૫ દિવસની તેઓના પતિની હાજરી મજુર તરીકેની પુરેલ હોવાનુ પણ જણાવેલ છે. ૩ બાળકો હોવાનુ પણ જણાવેલ છે. ફરીયાદી આરોપી ના ઘર વચ્ચેનુ અંતર તેઓને ખબર નહી હોવાનુ પણ જણાવેલ છે. આમ, જુદા જુદા સાહેદોએ જણાવેલ હકીકતો જણાવેલ છે. બચાવપક્ષના સાહેદો તરીકે તપાસેલ છે. તે અંગેની હકીકતો પણ લેખિત દલીલમાં જણાવવામા આવેલ છે. જે ઉપરોકત મૌખિક દલીલમાં પણ તે અંગે જણાવેલ છે. તે રીતે આરોપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે માગણી કરેલ છે.

આ કામે બન્ને પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓની મૌખિક દલીલો તેમજ રજુ થયેલ રેકર્ડ/પુરાવાઓ ઘ્યાને લેતા નીચે મુજબના મુદ્ધાઓના નિર્ણય કરવાના રહે છે.

## –:: મુદ્ધાઓ ::–

**મુદ્ધા નં.૧ઃ–** શું ફરિયાદ પક્ષ એ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સને ૨૦૧૮ ની સાલમાં આ કામના ફરીયાદી/ભોગબનનાર નારેગા યોજના હેઠળ સાઇડ ઉપર એકલા હતા ત્યારે તેણીની એકલતાનો લાભ લઇ ફરીયાદી/ભોગબનનારને રામપુર ચપ્પા જેવું બતાવી તેણીની મરજી વિરુધ્ધ શરીર સુખ માણી, ‘‘જો તુ કોઇને કહીશ તો

તને અને તારા પતિને જાનથી મારી નાખીશ.'' તેવી ધમકીઓ આપી આરોપીની પોતાની ગાડી નં.જી.જે.૩૧.ડી.૩૮૫૦ માં ઉન્ડવા ગામ તરફ લઈ જઈ ગાડીમાં પણ શરીર સુખ માણી અવાર નવાર ફરીયાદી સાથે મારકૂટ કરી પોતાની સાથે સંબંધ રાખવા ધાક ધમકી આપી ફરીયાદી તેમજ ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

**મુદ્દા નં.૨–** મુદ્દામાલ અંગે શું હુકમ ?

**મુદ્દા નં.૩–** શું આખરી હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **મુદ્દા નં.૧** | :– | **નકારમાં** |
| **મુદ્દા નં.૨** | :– | **આખરી હુકમ મુજબ** |
| **મુદ્દા નં.૩** | :– | **આખરી હુકમ મુજબ** |

## –:: કારણો ::–

(૯) આ કામે આરોપી સામે સને ૨૦૧૮ ની સાલમાં આ કામના ફરીયાદી/ભોગબનનાર નારેગા યોજના હેઠળ સાઈડ ઉપર એકલા હતા ત્યારે તેણીની એકલતાનો લાભ લઈ ફરીયાદી/ભોગબનનારને રામપુર ચપ્પા જેવું બતાવી તેણીની મરજી વિરુધ્ધ શરીર સુખ માણી, ''જો તુ કોઈને કહીશ તો તને અને તારા પતિને જાનથી મારી નાખીશ.'' તેવી

ધમકીઓ આપી આરોપીની પોતાની ગાડી નં.જી.જે.૩૧.ડી.૩૮૫૦ માં ઉન્ડવા ગામ તરફ લઈ જઈ ગાડીમાં પણ શરીર સુખ માણી અવાર નવાર ફરીયાદી સાથે મારકૂટ કરી પોતાની સાથે સંબંધ રાખવા ધાક ધમકી આપી ફરીયાદી તેમજ ફરીયાદીના પતિને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબના ગુનાનો આક્ષેપ રહેલો છે.

(૧૦) કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, **નામદાર સર્વોચ્ચ અદાલતના એ.આઈ.આર. ૧૯૭૭, સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૭૦ ઉપરના રવિકુમાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ઓરીસ્સા**ના જજમેન્ટ મુજબ ફોજદારી ન્યાયશાસ્ત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ક્રિમિનલ ટ્રાયલમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબના ગુન્હાઓ આરોપીએ કરેલ હોવાનું નિ:શંકપણે ફરિયાદપક્ષે તેઓ તરફે રજુ કરેલ પુરાવા દ્વારા પુરવાર કરવાનું હોય છે અને ફરિયાદપક્ષે આરોપીના બચાવની નિર્બળતાથી પોતાનો કેસ પુરવાર કરવાનો લાભ મળી શકતો નથી અને આરોપી સામેના ગુન્હાઓ પુરવાર થાય નહીં ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું માનવુ પડે. આમ, ઉપરોકત જજમેન્ટ મુજબ ફરિયાદપક્ષ ઉપર તહોમતનામું પુરવાર કરવાની જવાબદારી રહે છે. આમ, ઉપરોકત ચુકાદો જોતાં આ કામે ફરિયાદપક્ષે આરોપી સામે **આંક–૦૩** નું તહોમતનામું પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે તે પુરાવાના આધારે આરોપી સામેનો કેસ ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકે છે કે કેમ અને તે પુરાવો આરોપી સામે વિશ્વાસનીય હોવાનું ફલીત થાય છે કે કેમ તેનો નિર્ણય ફરિયાદપક્ષે આ

કામે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજ પુરાવાનું મુલ્યાંકન કરી તેને આધારે કરવાનો રહે છે.

(૧૧) આ કામે આરોપી વિરુધ્ધ **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨)** મુજબનાં શિક્ષાને પાત્ર ગુનાનું તહોમત છે ત્યારે આ કામે પુરાવા અંગેની વિસ્તૃત ચર્ચાઓ કરતાં પહેલાં ઉપરોકત કલમોનાં આવશ્યક તત્વો/વ્યાખ્યા ધ્યાને લેવી જરૂરી હોઈ, જે તત્વો/વ્યાખ્યા નીચે પ્રમાણેછે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬ :–**

(1) પેટા–કલમ (2) દ્વારા પૂરા પાડવામાં આવેલ કેસો સિવાય જે કોઈ બળાત્કાર કરે છે તેને સાત વર્ષથી ઓછી ન હોય તેવી મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે પરંતુ જે આજીવન અથવા તે મુદત માટે હોઈ શકે છે. દસ વર્ષ સુધી લંબાવી શકે છે અને દંડ માટે પણ જવાબદાર રહેશે.

(2) જે કોઇ, – (a) પોલીસ અધિકારી હોવાના કારણે બળાત્કાર થાય છે– (i) જે પોલીસ સ્ટેશનમાં તેની નિમણૂક કરવામાં આવી છે તેની હદમાં; અથવા (ii) જે પોલીસ સ્ટેશનમાં તેની નિમણૂક કરવામાં આવી છે તે પોલીસ સ્ટેશનમાં સ્થિત છે કે નહીં તે કોઈપણ સ્ટેશન હાઉસના પરિસરમાં; અથવા (iii) તેની કસ્ટડીમાં અથવા તેને ગૌણ પોલીસ અધિકારીની કસ્ટડીમાં રહેલી મહિલા પર; અથવા

(b) જાહેર સેવક હોવાને કારણે, આવા જાહેર સેવકની કસ્ટડીમાં અથવા આવા જાહેર સેવકના ગૌણ જાહેર સેવકની કસ્ટડીમાં સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(c) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા વિસ્તારમાં તૈનાત સશસ્ત્ર દળોના સભ્ય હોવાને કારણે આવા વિસ્તારમાં બળાત્કાર થાય છે; અથવા

(d) જેલ, રિમાન્ડ હોમ અથવા અન્ય કોઈ કાયદા દ્વારા અથવા તે હેઠળ સ્થાપિત કસ્ટડીના અન્ય સ્થાન પર અથવા મહિલા અથવા બાળકોની સંસ્થાના મેનેજમેન્ટ પર હોવાને કારણે, આવી જેલના કોઈપણ કેદી પર બળાત્કાર કરે છે., રિમાન્ડ હોમ, સ્થળ અથવા સંસ્થા; અથવા

(e) હોસ્પિટલના મેનેજમેન્ટ અથવા સ્ટાફ પર હોવાને કારણે, તે હોસ્પિટલમાં મહિલા પર બળાત્કાર કરે છે; અથવા

(f) સંબંધી, વાલી અથવા શિક્ષક હોવાને કારણે, અથવા સ્ત્રી પ્રત્યે વિશ્વાસ અથવા સત્તાની સ્થિતિ ધરાવતી વ્યક્તિ, આવી સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(g) સાંપ્રદાયિક અથવા સાંપ્રદાયિક હિંસા દરમિયાન બળાત્કાર કરે છે; અથવા

(h) સ્ત્રી ગર્ભવતી હોવાનું જાણીને તેના પર બળાત્કાર કરે છે; અથવા

(i) જ્યારે સ્ત્રી સોળ વર્ષથી ઓછી હોય ત્યારે તેના પર બળાત્કાર કરે છે; અથવા

(j) સામૂહિક બળાત્કાર કરે છે; અથવા

(K) સંમતિ આપવા માટે અસમર્થ સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(I) સ્ત્રી પર નિયંત્રણ અથવા પ્રભુત્વની સ્થિતિમાં હોવાથી, આવી સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા |

(m) માનસિક અથવા શારીરિક અક્ષમતાથી પીડાતી સ્ત્રી પર બળાત્કાર કરે છે; અથવા

(n) જ્યારે બળાત્કાર કરવાથી ગંભીર શારીરિક નુકસાન થાય છે અથવા અપંગ બને છે અથવા સ્ત્રીના જીવનને જોખમમાં મૂકે છે; અથવા

(o) એક જ સ્ત્રી પર વારંવાર બળાત્કાર કરે છે, દસ વર્ષથી ઓછી ન હોય તેવી મુદત માટે સખત કેદની સજા કરવામાં આવશે પરંતુ જે આજીવન હોઈ શકે છે અને દંડને પાત્ર પણ રહેશે. સમજૂતી.—આ પેટા–વિભાગના હેતુઓ –

(a) "સશસ્ત્ર દળો" નો અર્થ નૌકાદળ, સૈન્ય અને હવાઈ દળો છે અને તેમાં અર્ધલશ્કરી દળો અને કેન્દ્રના નિયંત્રણ હેઠળના કોઈપણ સહાયક દળો સહિત, વર્તમાન સમય માટે અમલમાં રહેલા કોઈપણ કાયદા હેઠળ રચાયેલા સશસ્ત્ર દળોના કોઈપણ સભ્યનો સમાવેશ થાય છે. સરકાર અથવા રાજ્ય સરકાર; (b) "હોસ્પિટલ" નો અર્થ છે હોસ્પિટલની હદ અને સાજા થવા દરમિયાન અથવા તબીબી સારવાર અથવા પુનર્વસનની જરૂર હોય તેવા વ્યક્તિઓના સ્વાગત અને સારવાર માટે કોઈપણ સંસ્થાના વિસ્તારનો સમાવેશ થાય છે; (c) પોલીસ અધિનિયમ, 1861 હેઠળ "પોલીસ" અભિવ્યક્તિને સોંપવામાં આવેલો અર્થ ' પોલીસ અધિકારી" નો એ જ અર્થ હશે; (d) "મહિલા અથવા બાળકોની સંસ્થા" એટલે એક સંસ્થા, પછી ભલેને અનાથાશ્રમ કહેવાય અથવા ઉપેક્ષિત મહિલાઓ અથવા બાળકો માટેનું ઘર અથવા વિધવા ઘર અથવા અન્ય કોઈ નામથી ઓળખાતી સંસ્થા, જે મહિલાઓના સ્વાગત અને સંભાળ માટે સ્થાપિત અને જાળવવામાં આવે છે. અથવા બાળકો. (e) જ્યાં કોઈ મહિલા પર એક અથવા વધુ વ્યક્તિઓ દ્વારા તેમના સામાન્ય ઈરાદાને આગળ વધારવામાં કૃત્ય કરવામાં આવે છે, ત્યાં દરેક વ્યક્તિએ આ પેટા–કલમના અર્થમાં સામૂહિક બળાત્કાર કર્યો હોવાનું માનવામાં આવશે. ગુનાનું વર્ગીકરણ (1) બળાત્કાર –– સાત વર્ષથી ઓછી ન હોય તેવી સખત કેદની પરંતુ જે આજીવન અને દંડની સજા થઈ શકે છે –– કોગ્નિઝેબલ –– બિન–જામીનપાત્ર –– સત્રની અદાલત (2) પોલીસ અધિકારી

અથવા જાહેર સેવક અથવા સશસ્ત્ર દળો અથવા જેલ, રિમાન્ડ હોમ અથવા કસ્ટડીની અન્ય જગ્યા અથવા મહિલા અથવા બાળકોની સંસ્થાના મેનેજમેન્ટ અથવા સ્ટાફ પર હોય તેવી વ્યક્તિ દ્વારા બળાત્કાર અથવા હૉસ્પિટલના સ્ટાફ પર, અને બળાત્કારનો ભોગ બનેલી વ્યક્તિ પ્રત્યે વિશ્વાસ અથવા સત્તાની સ્થિતિમાં વ્યક્તિ દ્વારા અથવા બળાત્કારનો ભોગ બનેલી વ્યક્તિના નજીકના સંબંધી દ્વારા આચરવામાં આવેલ બળાત્કાર – દસ વર્ષથી ઓછી નહીં પરંતુ આજીવન કેદની સજા અને દંડ –– કોગ્નિઝેબલ –– બિન–જામીનપાત્ર –– સત્રની અદાલત

**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩ :–**

કોઇપણ વ્યકિત, કલમ–૩૩૪ મા જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

આવશ્યક તત્વો–

(૧) આરોપીએ શારીરિક પીડા, રોગ અથવા અશકિત નિપજાવ્યા.

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાનાં ઇરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે અઅેટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતું.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ :–**

ઈ. પી. કો. કલમ–૫૦૪ સુલેહભંગ કરવા ઉશ્કેરાવાનાં ઇરાદાથી અપમાન–ઉશ્કેરાઇ જઇને કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઇ ગુન્હો કરી બેસે તેવા ઇરાદાથી અથવા કોઇ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા કોઇ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતાં, કોઇ પણ વ્યકિત, ઇરાદાપૂર્વક અન્ય કોઇ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઇ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

આવશ્યક તત્વો–

(૧) આરોપીએ ઈરાદાપૂર્વક કોઇ વ્યકિતનું અપમાન કર્યુ,

(૨) તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

(૩) આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) :–**

જે કોઈ ફોજદારી ધાકધમકીનો ગુનો કરે છે તેને બે વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે; જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની હોય, વગેરે – અને જો ધમકી મૃત્યુ અથવા ગંભીર ઈજા પહોંચાડવાની હોય, અથવા આગ દ્ધારા કોઈપણ મિલકતના વિનાશનું કારણ બને, અથવા મૃત્યુ અથવા આજીવન કેદની સજાને પાત્ર ગુનાનું કારણ બને, સાત વર્ષ સુધીની મુદત માટે કેદની સજા અથવા સ્ત્રીને અપવિત્રતાનો આરોપ લગાવવા માટે, સાત વર્ષ સુધી લંબાવવામાં આવતી મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે સજા કરવામાં આવશે.

## **ફરીયાદપક્ષનો પુરાવો :–**

### **(૧૨) ફરીયાદી ભોગબનનારની જુબાની :–**

ફરીયાદપક્ષે **આંક–૮** થી **ફરીયાદી ભોગબનનાર**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપર આપેલ સરનામે રહું છું અને ઘરકામ કરું છું. મારા લગ્ન વિક્રમભાઈ સાથે થયેલ છે અને આ લગ્ન જીવનથી મારે ત્રણ સંતાન થયેલા. હું અને મારા પતિ સને–૨૦૧૮ ની સાલમાં અમારા ઘરે હાજર હતા અને અમારા ગામના રત્નાભાઈ જેમાભાઈ ડામોર અમારા ઘરે સવારના આશરે ૧૦ વાગ્યાના સમયે આવેલા

અને મારા પતિને કહેલ કે તમે મનરેગા યોજનામાં મેઢ (કારકુન) તરીકે કામ કરશો? જેથી મારા પતિએ કામ કરવાની હા પાડેલી. ત્યારબાદ આરોપી રત્નાભાઈ જેમાભાઈ મારા પતિની જગ્યાએ મારા નામ ઓર્ડર કાઢીને લાવેલા, જેથી મેં નોકરી ચાલુ કરેલી અને સવારના છ વાગ્યા થી બપોરના બે વાગ્યા સુધી સાઈડ ઉપર જતી હતી. આ રત્નાભાઈ જેમાભાઈ ડામોર મને બપોરના ૨ વાગ્યે નોકરી પરથી છોડતા હતા. મારી નોકરી પરથી છૂટ્યા પછી આ રત્નાભાઈ મારી પાછળ પાછળ ઘરે આવતા હતા. તેઓ એવું કહેતા કે ચાલ મસ્ટર લેવા માટે તાલુકા પંચાયત કચેરી મેઘરજમાં જવાનું છે, જેથી હું રત્નાભાઈ સાથે જતી હતી અને તેઓ સાંજના મોડા મારા ઘરે છોડતા હતા. ત્યારબાદ આ રત્નાભાઈ અમને મસ્ટર લખવા માટે રાત્રે નવ વાગ્યે તેમના ઘરે બોલાવતા હતા અને રાત્રીના ચાર વાગ્યે અમને ઘરે આવવા દેતા હતા. ત્યારબાદ એક દિવસ આ રત્નાભાઈ મને રોલેશ્વર લઈ ગયેલા અને મને મારકૂટ કરીને અને ધમકી આપેલી અને ગમે તેના નામ દઈને તેવું કહેતા હતા કે તેઓ તારા ઘરે કેમ આવે છે અને હું કહું તેમ કરતી નથી તેવું જણાવેલું તથા એવી પણ ધમકી આપેલી કે આ વાત તારા પતિને કહીશ તો તારા પતિને જાનથી મારી નાખીશ. ત્યારબાદ એક દિવસ અમારી સાઈડ કળશિયાવાળી નાળ તરીકે ઓળખાતા ડુંગરે અમારી સાઈડ ચાલતી હતી ત્યાં સવારે છ વાગ્યે લઈ ગયેલા અને ત્યાં લઈ જઈને મારી સાથે ના કરવાના કૃત્યો કરેલા અને મારી મરજી ના હોવા છતાં મારી સાથે શરીર સુખ માણેલું. ત્યારબાદ ત્યાંથી મને તેમની ગાડીમાં ઊંડવા તરફ રસ્તો જતો હતો ત્યાં લઈ ગયેલા અને ગાડીમાં મારી મરજી વિરુદ્ધ શરીર સુખ માણેલું.

ત્યાંથી મોડા મને ઘર છોડી ગયેલા. ત્યારબાદ સને – ૨૦૧૯ માં આ નોકરી છોડી દીધેલી. ત્યારબાદ સને ૨૦૨૦ માં મને આ રત્નાભાઈ માય લાઈફની મીટિંગ છે તેવું કહીને ગાંધીનગર લઈ ગયેલા. ત્યાં કોઈ મીટિંગ હતી પરંતુ ત્યાં મને લઈ ગયેલા નહીં અને કોઈ એકાંત જગ્યાએ લઈ ગયેલા અને ગાડીમાં મારી મરજી વિરુદ્ધ શરીર સુખ માણેલું. ત્યારબાદ રત્નાભાઈ એક દિવસ મારા ઘરે આવેલા અને મને કહેલ કે હું કહું છું તેમ કેમ કરતી નથી તેમ કહી ચપ્પુ બતાવેલ અને કહેલ કે તને અને તારા પતિને મારી નાખીશ, હું કહું તેમ કેમ નથી કરતી? એટલામાં મારા પતિ ઘરે આવી ગયેલા અને તેમણે મારો બચાવ કરી લીધેલો. ત્યારબાદ રત્નાભાઈ જતા રહેલા. ત્યારબાદ અમે અમદાવાદ મજૂરી કામે જતા રહેલા અને દિવાળીના સમયે ઘરે આવેલા હતા અને મેઘરજ અમારા છોકરાઓના કપડાં લેવા માટે જતા હતા ત્યારે આ રત્નાભાઈ એ અમારી પાછળ ભેમાપુર મેડી ગામેથી તેની ગાડી અમારી પાછળ પીછો કરેલ અને બાઠીવાડા નજીક આવતા રત્નાભાઈ એ અમારી ગાડી આગળ તેમની ગાડી ઊભી કરી દીધેલી અને બીભત્સ ગાળો બોલતા હતા અને મને મારા પતિને ધમકીઓ આપેલી અને કહેતા હતા કે તું કેમ અમદાવાદ જતી રહી છે અને હું કહું તેમ કેમ નથી કરતી? ત્યારબાદ અમે ઘરે જતા રહેલા. અમે અમારા કુટુંબના અરજણ કાકા તથા લાલાકાકા, કનુકાકા વગેરેને આ બનાવ અંગે વાત કરેલી. તેમજ મારી સાથે બનેલ સમગ્ર કૃત્યોની જાણ મેં મારા પતિને કરેલી અને અમારા કુટુંબના અરજણ કાકા તથા લાલાકાકા, કનુકાકા વગેરેને જાણ કરેલી અને તેઓને મેં જણાવેલ કે રત્નાભાઈ આવી રીતે ખોટી રીતે મને હેરાન કરે છે અને મારી

સાથે જબરજસ્તીથી શરીર સુખ માણવા ઈચ્છે છે અને હું ના પાડું તો મને હેરાન કરે છે. ત્યારબાદ અમે મેઘરજ પોલીસ સ્ટેશને આવેલા અને બનાવ અંગેની ફરિયાદ રત્નાભાઈ સામે આપેલી. ત્યારબાદ પોલીસ મારી શારીરિક તપાસ કરાવવા માટે સીએચસી મેઘરજ ખાતે લઈ ગયેલા અને ત્યાં મારી શારીરિક તપાસ કરવામાં આવેલી. ત્યારબાદ પોલીસ મને મારું નિવેદન નોંધવા માટે બાયડ કોર્ટમાં લઈ ગયેલા ત્યાં મારું મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ મારું નિવેદન નોંધાવેલું તેમાં મારી સાથે બનેલ તમામ હકીકતો લખાવેલ અને મારા લખાવેલ મુજબ ત્યાં નિવેદન નોંધવામાં આવેલું.ત્યારબાદ મેં મારા બનાવ સમયે પહેરેલા કપડાં મેં પોલીસ સમક્ષ રજૂ કરેલા જે કપડાંમાં લાલ કલરનો ચણીયો, લાલ, પીળા, ભૂરા રંગની સાડી તથા એક બ્લાઉઝ હતો જે રજૂ કરેલા. મને આજરોજ મુદ્દામાલ કપડાં બતાવવામાં આવે તો હું ઓળખી શકું. આ કામના આરોપી રત્નાભાઈ જેમાભાઈ ડામોર તેઓએ મારી સાથે આશરે ત્રણ થી ચાર વાર શરીર સંબંધ બાંધેલો હશે. આ કામના આરોપીને હું ઓળખું છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.**ઉલટતપાસ :- આરોપી તરફે વિ.વ.શ્રી જે.જી.પ્રજાપતિ.** હું ધોરણ - ૧૦ સુધી ભણેલી છું. મારે વિક્રમભાઈ સાથે લગ્ન થયાના આશરે દસ વર્ષ થયેલા છે. એ વાત ખરી છે કે મારા સસરા વીરાભાઈ હજીરાભાઈ ડામોર કાલીયાકુવા કન્યા છાત્રાલયના ગૃહપતિ તરીકે નિવૃત થયેલા છે. મને ખબર છે કે આ કેસના સાક્ષીઓ અને પંચો કોણ છે. મનીષભાઈ નાનાભાઈ ડામોર મારા કુટુંબી કાકાસસરા થાય છે. શાંતાબેન વીરાભાઈ ડામોર મારા સાસુ છે. કેશાભાઈ સોદરાભાઈ ડામોર તથા ધુળાજી લાલજી ડામોર મારા ગામના

કુટુંબી થાય છે. લાલાભાઈ નાનાભાઈ ડામોર, ભરતભાઈ સવાભાઈ ને હું ઓળખતી નથી. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકે નોકરી માટે અરજી ફોર્મ ભરવાનું હોય છે. એ વાતની મને ખબર નથી કે આ ફોર્મ ગ્રામ પંચાયતના સરપંચ અને કમિટી સભ્યોની ભલામણથી તાલુકા પંચાયતમાં મોકલવાનું હોય છે. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકેની નિમણૂક માટેની કાર્યવાહીના મુખ્ય અધિકારી તાલુકા પંચાયત કચેરીમાં ગ્રામ વિકાસ શાખામાં બેસતા હોય છે. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકે કરવાની તમામ કાર્યવાહીના તમામ રિપોર્ટ આ કચેરીમાં મોકલવાના હોય છે. એ વાત ખરી છે કે મેઢ તરીકેનો ઓર્ડર મારા નામનો હતો. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકેની નોકરી મેળવવા માટે મારા પતિના નામના કોઈ દસ્તાવેજો રજૂ કરેલા નથી. એ વાત ખરી નથી કે મારા પતિ અમારા લગ્ન પહેલાંથી વેલ્ડિંગનું કામકાજ કરતા હતા. એ વાત ખરી છે કે મારા પતિને વેલ્ડિંગનું કામ આવડે છે. એ વાત ખરી છે કે અમારું ગામ કાલીયાકુવા ગામ મોટું ગામ છે અને તેમાં હાઈસ્કૂલ, દૂધની ડેરીઓ, પ્રાથમિક શાળાઓ આવેલી છે. એ વાતની મને ખબર નથી કે જેનું ખેતર હોય તેમાં તેનું ઘર હોય તે રીતે છૂટાછવાયા લોકો રહેતા હોય છે. એ વાતની મને ખબર નથી કે મારી સાથે બીજા ચાર વ્યક્તિઓ મેઢ તરીકે નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે મેઢ તરીકેનું મસ્ટર એક અઠવાડિયા માટેનું મળતું હતું. એ વાત ખરી છે કે આ મસ્ટર પર લખેલ આવતું હતું કે અમુક ચોક્કસ જગ્યાએ કામ કરવાનું છે. એ વાતની મને ખબર નથી કે મસ્ટર રોલ (હાજરીપત્રક) પણ કચેરીમાંથી આપતા હતા. એ વાત ખરી છે કે મેઢ તરીકે મારે હાજર રહેલા

મજૂરોની હાજરી પૂરવાની હોય છે. એ વાત ખરી છે કે જ્યાં કામ કરવાનું હોય ત્યાં માટીકામ, ખોદકામ, પૂરણકામ કરવાનું હોય છે. એ વાતની મને ખબર નથી કે નાડીયા જેવા રસ્તાના ખાડા ટેકરા હોય તો લેવલિંગ તથા પૂરણ કામ કરવાનું હોય. એ વાતની મને ખબર નથી કે આ જે કામ કરવાનું હોય તેનો સમય સવારના નવ વાગ્યાનો હોય છે અને ત્યાં મજૂરો જતા હોય છે. એ વાત ખરી છે કે મજૂરો કામ કરતા હોય તેની ચાલુ કામગીરીએ હું હાજરી પૂરતી હતી. એ વાતની મને ખબર નથી કે મજૂરોએ જેટલા દિવસ કામ કરેલ હોય તેટલા દિવસનો પગાર બેંક ખાતામાં પડતો હોય છે. એ વાતની મને ખબર નથી કે મજૂરોને કામેથી છૂટવાનો સમય બપોરના બે વાગ્યાનો હોય છે. એ વાતની મને ખબર નથી કે તાલુકા પંચાયતમાંથી મેઢના નામનું મસ્ટર નીકળતું હોય છે. એ વાતની મને ખબર નથી કે તાલુકા પંચાયતમાંથી જે તે મેઢની સહી કરાવ્યા પછી મસ્ટર આપવામાં આવે છે અને તે મસ્ટરની નીચે ગ્રામ પંચાયતમાં જઈ તલાટીના સહી સિક્કા કરાવવાના હોય છે. એ વાતની મને ખબર નથી કે આવું મસ્ટર મેઢ લેવા જાય તો જ મળે નહી તો ન મળે. એ વાતની મને ખબર નથી કે આ કામગીરીનું નિરીક્ષણ કરવા સારું ઉપરી અધિકારીઓ આવતા હોય છે. એ વાતની મને ખબર નથી કે હું જ્યાં મેઢ તરીકે કામ કરતી હતી ત્યાં કેટલા મજૂરો કામ કરતા હતા. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકેનું તા. ૨૯/૧૦/૨૦૧૮ થી તા. ૦૨/૧૧/૨૦૧૮ નું મસ્ટર મળેલું. એ વાતની મને ખબર નથી કે આ મસ્ટરના આધારે મેં રાજસ્થાન પાકા રોડ થી ભેફળી જતા રોડનું કામકાજ કરાવેલું. એ વાત ખરી નથી કે મારા સાસુ સસરા અને

દિયર મનરેગા યોજનામાં મજૂરી કામ માટે આવતા હતા. સાહેદ જણાવે છે કે મારા પતિ આવતા હતા. એ વાતની મને ખબર નથી કે તા. ૨૯/૧૦/૨૦૧૮ થી તા. ૦૨/૧૧/૨૦૧૮ સુધીના મસ્ટરમાં મારા પતિની મજૂર તરીકેની પાંચ દિવસની હાજરી પૂરેલી છે અને તેઓને રૂ. ૯૪૦/– પગાર મળેલું છે. એ વાતની મને ખબર નથી કે આ જ રીતે મારા સાસુ શારદાબેન તથા દિયર જશવંતસિંહ વીરાભાઈ પણ પાંચ પાંચ દિવસની મજૂરી કરેલી છે અને આ બંનેને રૂ. ૯૫૦ – ૯૫૦/– એમ પગાર મળેલ છે. એ વાત ખરી નથી કે મારા લગ્ન સને – ૨૦૧૧ માં થયેલા. એ વાત ખરી છે કે મારે ત્રણ બાળકો છે જેમાં અનુક્રમે ૬ વર્ષ, ૮ વર્ષ, ૧૦ વર્ષ ઉંમરના છે. એ વાત ખરી છે કે મારા દિયરનું નામ જશવંતભાઈ વીરાભાઈ ડામોર છે અને તેમનું લગ્ન વાંઢેરા ગામે લીલાબેન સાથે થયેલા છે. એ વાતની મને ખબર નથી કે સને – ૨૦૧૧ – ૧૨ ના વર્ષમાં મેં અને મારા પરિવારના સભ્યોનું મનરેગા યોજનાનું જોબકાર્ડ કઢાવેલું. એ વાત ખરી નથી કે ૨૦૧૭ ની સાલમાં હું નળાવાળા તળાવે હું મજૂરીએ જતી હતી. એ વાતની મને ખબર નથી કે અમારા ફળિયાને મારા કુટુંબના મોટા વડીલના નામથી નામ આપી ઓળખવામાં આવે છે. એ વાત ખરી છે કે અમારા વિસ્તારને ધોળાખાખરા ફળિયા તરીકે ઓળખવામાં આવે છે. એ વાતની મને ખબર નથી કે મારા અને આરોપીના ઘર વચ્ચે દોઢ થી બે કિલોમીટરનું અંતર છે. એ વાત ખરી નથી કે આરોપીને પોતાના ઘરેથી મેઘરજ જવું હોય તો ધોળા ખાખરા ફળિયામાં થઈને રાયાવાળા થઈને જવાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મેઘરજ જવાનો બીજો પણ રસ્તો છે. એ વાતની મને

ખબર નથી કે આરોપીના ઘરેથી મેઘરજ જવાનો બીજો રસ્તો તુંબલિયા, વાઘોરા, મુળશી, રામગઢી, ભુતિયા, રાજપુર, રાજપુર કેનાલ, હજુહીરોલા, રાલા કુંભા થઈને જવાય. મારો મેઘરજ જવાનો રસ્તો રાયાવાળા થઈને જવાનો રસ્તો છે. એ વાતની મને ખબર નથી કે મેઘરજ જવા માટે રાયાવાળો રસ્તો ટૂંકામાં ટૂંકો રસ્તો છે.એ વાત ખરી નથી કે સને – ૨૦૧૮ વર્ષમાં ભેમાપુર ગામે મનરેગા યોજનાનું કામ ચાલતું હતું તેમાં હું અને મારા કુટુંબના સભ્યો કામે જતા હતા. એ વાતની મને ખબર નથી કે આરોપી રત્નાભાઈ પણ મેઢની કામગીરી કરતા હતા. એ વાત ખરી નથી કે સને – ૨૦૧૮ ના વર્ષમાં મારા સાસુ સસરાએ મને અલગ રહેવાનું કહેલ તેથી હું અલગ રહેતી હતી. એ વાત ખરી નથી કે મારા સસરાએ મને અલગથી ખેતી કરવા માટે એક ખેતર પણ આપેલું. એ વાત ખરી નથી કે મેં તથા મારા પતિએ આરોપીને મારા ઘરે બોલાવીને વાત કરેલ કે અમારે જુદા રહેવાનું થયેલ છે અને જમીન ઓછી છે વેલ્ડિંગનો ધંધો સારો ચાલતો નથી તેથી અમારા ધંધાની કોઈ વ્યવસ્થા કરો. એ વાત ખરી નથી કે બનાવ પહેલાં આરોપી સાથે અમારે સંબંધો સારા હતા. એ વાત ખરી છે કે મારું પિયર સૂરદેવી થાય છે. એ વાતની મને ખબર નથી કે આરોપીની સાસરી વાઘોરા ગામે થાય છે. એ વાતની મને ખબર નથી કે સૂરદેવી અને વાઘોરા ગામના સીમાડા એક બીજાને અડીને આવેલા ગામ છે. એ વાતની મને ખબર નથી કે આરોપીએ મને સલાહ આપેલી કે હું ધો – ૧૨ સુધી ભણેલી છું તેથી નર્સિંગનો કોર્સ કરવાથી જલ્દી નોકરી મળી જશે. એ વાત ખરી નથી કે મેં આરોપીને કહેલ કે પંચાયતમાં મેઢ તરીકે નોકરી કરવી છે. મને નિશાની – ૧૭/૬/૧ થી

૧૭/૬/૪ સુધી બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે આ દસ્તાવેજો મારા છે. સાહેદ જણાવે છે કે આ દસ્તાવેજો આરોપીએ મારી પાસેથી લઈ લીધા હતા. એ વાત ખરી છે કે મારા દસ્તાવેજો આરોપીએ લઈ લીધા તે સંબંધે મેં કોઈ ફરિયાદ કરેલ નથી કે કોઈને કહેલ નથી. હું મારા નામથી દેના બેંક, મેઘરજ શાખામાં ખાતું ધરાવું છું. હું કહી શકું નહીં કે નિશાની – ૧૭/૭/૧ થી ૧૭/૭/૪૦ સુધીના કાગળો બતાવવામાં આવે છે તે મનરેગા યોજનાના પગારબીલો, હાજરીપત્રક છે. એ વાત ખરી નથી કે આ દસ્તાવેજોમાં મારી સહીઓ છે. એ વાત ખરી નથી કે હું તાલુકા પંચાયત કચેરીએ જતી હતી. મને ખબર નથી કે મસ્ટરની કામગીરી માટે તાલુકા પંચાયતની કચેરીએ જવાનું થતું હોય છે. મને મારા પતિનો મોબાઈલ નંબર યાદ નથી. એ વાત ખરી નથી કે મો. નં. ૯૯૭૯૨૩૮૩૧૭ નો નંબર મારા પતિનો છે. એ વાત ખરી નથી કે મારી પાસે નોકિયા કંપનીનો સાદો નાનો ફોન જેમાં સીમ નં. ૭૮૭૪૯૧૮૮૦૫ તથા ૬૩૫૯૧૧૯૭૯૩ નો હતો. એ વાત ખરી છે કે મારા સસરા અમારા ઘરે છાત્રાલય ચલાવતા હતા. એ વાતની મને ખબર નથી કે આ છાત્રાલયના મુખ્ય કાર્યકર્તા જવરાભાઈ ભુરાભાઈ ડામોર હતા. એ વાત ખરી છે કે મારા સસરા સદર છાત્રાલયના ગૃહપતિ હતા. મને ખબર નથી કે આ છાત્રાલયમાં રાજુભાઈ નામનો છોકરો રહેતો હતો. એ વાતની મને ખબર નથી કે ઉપરોક્ત બંને સીમકાર્ડ આ રાજુભાઈ નામના છોકરાના હતા. એ વાતની મને ખબર નથી કે હું મનરેગા યોજના કામે જતી હતી ત્યારે મારા ફોટોગ્રાફ્સ લેવામાં આવતા હતા. એ વાત ખરી નથી કે મનરેગા યોજનામાં કરેલી કામગીરીની વિગતો મારા

પતિના મોબાઈલ પરથી ઓનલાઈન તાલુકા પંચાયતમાં મોકલતી હતી. મને નિશાની – ૧૭/૮/૧ થી ૧૭/૮/૧૩ ના કુલ – ૧૩ ફોટોગ્રાફ્સ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે મારા ફોટોગ્રાફ્સ છે. એ વાત ખરી નથી કે મારા હાથમાં મસ્ટર પકડેલું છે. સાહેદ જણાવે છે કે આરોપીએ દસ રૂપિયાની નોટબુક આપેલી તે પકડેલી. એ વાત ખરી છે કે આ ફોટોગ્રાફ્સમાં મારી સાથે આરોપીનો કોઈ ફોટો નથી. એ વાત ખરી છે કે મનરેગા યોજના હેઠળ આ ફોટાઓમાં તળાવ ઊંડું કરવાનું તેમજ વનીકરણનું કામ થતું હતું. એ વાત ખરી છે કે આ ફોટોગ્રાફ્સના નં. ૧૦ અને ૧૨ વાળા ફોટા મારા ઘરના ઢાળિયાના છે. સાહેદ જણાવે છે કે આરોપીએ મને કહેલ કે તારા ફોટા ઓનલાઈન મોકલવા પડશે તેથી હું ઉભી રહેલી અને આરોપીએ ફોટા પાડેલા. એ વાત ખરી છે કે મારા ઢાળિયાનું નામ ભાથીભાઈ હજુરભાઈ ડામોર કરવા આવતા હતા. એ વાતની મને ખબર નથી કે કાળુભાઈ હજુરભાઈ અને હજુરભાઈ શનાભાઈ તે ભાથીભાઈના ભાઈ તથા પિતા થાય છે. એ વાતની મને ખબર નથી કે તા. ૨૦/૧/૨૦૨૧ ના રોજ ભાથીભાઈ વિરુદ્ધ આરોપીએ ફરિયાદ આપેલી અને તેનો કેસ મેઘરજ કોર્ટમાં ચાલુ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મેં આરોપી પર હાલનો કેસ કરેલ તેથી તેણે હાલ બે–ત્રણ ફરિયાદો આપેલી છે. એ વાત ખરી છે કે આરોપીએ ફરિયાદ કરેલી તે ફરિયાદવાળો કેસ મેઘરજ કોર્ટમાં ચાલુ છે.સાહેદ જણાવે છે કે આ બધી ફરિયાદો ખોટી કરેલી છે. એ વાત ખરી છે કે આરોપીએ મારા અને ઘરના નવ સભ્યો વિરુદ્ધ તથા અન્ય ફરિયાદોમાં શું લખાવેલ તેની વિગતો મેં જાણેલી. હું કાલીયાકુવાના લાલુભાઈ ડામોરને ઓળખતી નથી. એ વાત

ખરી નથી કે મેં આરોપીની સલાહથી હરસિદ્ધિ સખી મંડળ બનાવેલું. મને નિશાની – ૧૭/૧ થી ૧૭/૨ ના કુલ દસ પાના બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં હરસિદ્ધિ મિશન સખી મંડળ સંબંધેના કાગળો છે, તેમાં સહી છે તથા તેના મારા નામ સામે સહી કરેલી છે તે મારી નથી. હું આરોપીની દીકરીઓને ઓળખતી નથી, તેને જોયેલી હશે પરંતુ ઓળખતી નથી. હું મારા ગામના નંદાબેન ધીરાજી ડામોર, રાજીબેન ભીખાભાઈ, ભુરીબેન સોમાભાઈ, ગીતાબેન પ્રતાપભાઈ, મીનાબેન કાળુભાઈ, સવિતાબેન અજમેલભાઈ, સીતાબેન સુરેશભાઈ પગી ને હું ઓળખું છું. એ વાત ખરી નથી કે આ બધાએ મારી રૂબરૂમાં તેમની સહી અને અંગૂઠા કરેલા છે. એ વાત ખરી નથી કે આ મંડળી માટે કેસ ક્રેડિટ મેળવવા માટે દેના બેંક મેઘરજ શાખામાં મારી સહીથી પત્ર લખેલો અને તે પત્રમાં સભાસદોએ સહી અને અંગૂઠા કરેલા. એ વાત ખરી નથી કે સરકાર તરફથી મળતી સહાય અમારી મંડળીના ખાતામાં જમા થયેલી. એ વાતની મને ખબર નથી કે મંડળી ખાતામાં જમા થયેલ રકમ ઉપાડવા માટે મંડળીના પ્રમુખ અને મંત્રીની સહીની જરૂર પડે. મને ખબર નથી કે આ મંડળીમાં સંગીતાબેન રત્નાભાઈ ડામોર મંત્રી હતા. એ વાત ખરી નથી કે મંડળીમાં જમા થયેલી સરકારી સહાયની રૂ. ૧૫,૦૦૦/– ની રકમ મેં મારી સહીથી જાતે ઉપાડી લીધેલી.(૧૧) એ વાત ખરી છે કે માય લાઈફ સ્ટાઈલ માર્કેટિંગ કંપનીમાં મારા પતિ જોડાયેલા. એ વાત ખરી છે કે મારા પતિ પછી હું પણ જોડાયેલી. એ વાતની મને ખબર નથી કે આ કંપનીમાં ખાતેદાર સભ્યો બનાવવાના હતા. એ વાત ખરી છે કે આ કંપનીમાં મારા સસરા તથા સાસુ પણ

જોડાયેલા. એ વાતની મને ખબર નથી કે મારા પિયર પક્ષના કુટુંબીઓ પણ જોડાયેલા. એ વાતની મને ખબર નથી કે આ કંપનીમાં મારી નીચે આરોપી રત્નાભાઈ તથા તેમના કુટુંબીઓ જોડાયેલા. એ વાત ખરી છે કે મસાર અશોકભાઈ જુમાભાઈ મારા ભાઈ થાય છે. એ વાત ખરી નથી કે મારા ભાઈ પણ આ કંપનીમાં જોડાયેલા. એ વાતની મને ખબર નથી કે આ કંપનીમાં સવા બે લાખ થી વધુ કામ કરીએ તો કંપની થાઈલેન્ડ પ્રવાસે મોકલે તેવી યોજના હતી. મને ચોક્કસ યાદ નથી કે તા. ૦૪/૧૦/૨૦૧૯ ના રોજ હું માય લાઈફ કંપનીની ઓફિસે મોડાસા આવેલી. એ વાત ખરી છે કે આ કંપનીમાં ડી.જે. વાંટડીયાા નામના માણસ કામ કરતા હતા. એ વાત ખરી નથી કે આ કંપનીમાં કામગીરી કરવા બદલ સંમતિપત્રક આપેલું. મને નિશાની – ૧૭/૩/૧ બતાવવામાં આવે છે જેમાં મેં રૂપિયા બે લાખ કંપનીમાં ભરેલાનું દર્શાવેલું છે જેની નીચે મારા નામની સહી કરેલી છે. સાહેદ જણાવે છે કે આ સહી મારી નથી તેમજ મારો ફોટો ડુપ્લીકેટ કરીને લગાવેલો છે. મને નિશાની – ૧૭/૩ થી એક સ્ટેમ્પ પેપર પરનું લખાણ બતાવવામાં આવે છે તેમાં મારો અને આરોપીનો ફોટો છે તેમાં કોની સહીઓ છે તે હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે આ કંપનીમાંથી થાઈલેન્ડ જવાનું થયેલું તેથી બધાનો પાસપોર્ટ કઢાવેલો. એ વાત ખરી છે કે કંપનીમાંથી થાઈલેન્ડ જવા માટે ટિકિટો પણ બુક કરાવેલી. એ વાત ખરી છે કે થાઈલેન્ડ જવા માટે પોલીસ સ્ટેશને પણ પાસપોર્ટની કાર્યવાહી માટે જવાનું થયેલું. એ વાતની મને ખબર નથી કે પાસપોર્ટની કાર્યવાહી માટે પોલીસ સ્ટેશને જવાબ આપવા માટે મારી સાથે રત્નાભાઈ પણ આવેલા. એ વાત ખરી છે કે

પાસપોર્ટની કામગીરી દરમિયાન મારા પતિ પણ મારી સાથે હતા. એ વાત ખરી છે કે પાસપોર્ટ માટે અમદાવાદ ઓફિસેથી ઈન્કવાયરી આવેલી. સાહેદ જણાવે છે કે ઈન્કવાયરી આવેલી પરંતુ હું ગયેલી નહીં. એ વાત ખરી નથી કે ઈન્કવાયરીના કામ માટે હું તથા મારા પતિ આરોપીની ગાડીમાં બેસીને અમદાવાદ ગયેલા. એ વાત ખરી છે કે માય લાઈફ કંપનીની કામગીરી બાબતે મારા ખાતામાં રૂપિયા સત્તાવીસ હજાર જેટલું કમિશન આવેલું. એ વાત ખરી છે કે સમાજ કલ્યાણ ખાતા તરફથી મકાન સહાય માટે રૂ. ૪૦,૦૦૦/- ની સહાય મારા ખાતામાં આવેલી. એ વાત ખરી નથી કે મેં મારી મેઢ તરીકેની કામગીરી દરમિયાન ડામોર સોમાભાઈ કાળુભાઈને કેટલ શેડ સહાયનું ફોર્મ ભરેલું. એ વાતની મને ખબર નથી કે આવી સહાય માટે પ્રમાણપત્ર આપવાનું થાય છે અને હું પ્રમાણપત્ર આપું તો જ તલાટી તેમાં સહી સિક્કા કરતા હોય છે. એ વાત ખરી નથી કે સોનલબેન રમેશભાઈ ડામોર મારી બહેનપણી છે અને તેમનું પણ મેં કેટલ શેડ સહાયનું ફોર્મ ભરેલું અને પ્રમાણપત્ર આપેલું. એ વાત ખરી નથી કે મેં મારા નામનું કેટલ શેડ સહાયનું ફોર્મ ભરેલ અને પ્રમાણપત્ર રજૂ કરેલ અને તલાટી સાહેબના સહી સિક્કા કરાવેલા. એ વાત ખરી નથી કે મારા સસરાએ પંડિત દીનદયાલ આવાસ યોજનાનું ફોર્મ ભરીને તેમાં મેઢ તરીકે આરોપી તથા મારી સહી કરેલી અને મેં પ્રમાણપત્ર આપેલું. એ વાત ખરી નથી કે અરજનભાઈ અમરાભાઈ ડામોર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય યોજનાનું ફોર્મ ભરીને તેમાં મેઢ તરીકે મારી સહી કરેલી. એ વાત ખરી નથી કે ડામોર હીરાભાઈ હજુરભાઈનું કૂવો ખોદવાની મંજૂરીનું અરજી ફોર્મ ભરેલ તેમાં સરપંચ તથા તલાટી તથા મેં

તેમાં સહીઓ કરેલી. એ વાત ખરી નથી કે મારા સાસુ કેટલ શેડ યોજનાનું ફોર્મ ભરી તેનું પ્રમાણપત્ર મેં આપેલ તેમાં તલાટી સાહેબનો સહી સિકકો કરેલો. એ વાત ખરી નથી કે હું મારા પતિના મોબાઈલમાંથી આરોપીને વોટ્સએપ મેસેજ કરતી હતી. એ વાત ખરી નથી કે તા. ૧૦/૫/૨૦૨૦ ના રોજ મારા પતિના મો. નં. ૯૯૭૯૨૩૮૩૧૭ થી વોટ્સએપ થી આરોપીના મોબાઈલ નં. ૯૯૨૫૭૪૬૧૩૪ પર મેસેજ કરેલ કે મારા ઘરે આવો. એ વાત ખરી નથી કે આરોપી આવેલા નહીં તેથી મેં તેમને ફોન કરેલો કે તમે તાત્કાલિક આવો મારે તમારું કામ છે. એ વાત ખરી નથી કે આરોપી આવેલા ત્યારે મેં મારા પતિની હાજરીમાં અમારા નવા તબેલામાં બેસાડેલા. એ વાત ખરી નથી કે અમે આરોપીને કહેલ કે તબેલો બનાવવા માટે માલસામાન આવેલ છે તેના પૈસા મેઘરજમાં રહીમભાઈને ચૂકવવાના છે અને તેમનો ફોન આવેલ છે તેથી અમે આરોપી મારફતે ફોન કરીને રહીમભાઈને કહેવડાવેલ કે થોડા દિવસ પછી પૈસા આપી દઈશું. એ વાત ખરી નથી કે રહીમભાઈ વેપારીએ રત્નાભાઈને કહેલ કે તમે પૈસા આપવાની જવાબદારી લેતા હોવ તો પૈસા બાકી રાખું. એ વાત ખરી નથી કે તે દિવસે મેં આરોપી પાસેથી રૂ. ૧,૦૦૦/– હાથ ઉછીના લીધેલા. એ વાત ખરી નથી કે મેં તા. ૧૨/૫/૨૦૨૦ ના રોજ આરોપી પાસેથી ગેસની બોટલ ભરાવવા માટે રૂ. ૧૫૦૦/– લીધેલા. એ વાત ખરી નથી કે મેં તા. ૧૪/૫/૨૦૧૭, તા. ૧૫/૫/૨૦૧૭ તથા ૧૬/૫/૨૦૧૭ ના રોજ અલગ અલગ પૈસા આરોપી પાસેથી લીધેલા. એ વાત ખરી નથી કે મનુભાઈનો ફોન રત્નાભાઈ પર આવેલો અને નવા ગામની કોઈ ગ્રાન્ટ બાબતે વાત થયેલી. એ વાત

ખરી નથી કે મેં આરોપી પાસેથી એક સાદો ફોન લીધેલો. એ વાત ખરી નથી કે આરોપીએ સાદો ફોન પણ આપેલો અને રૂ. ૧,૦૦૦/− પણ આપેલા. હું ડામોર શનાભાઈ કાળુભાઈને ઓળખું છું. એ વાતની મને ખબર નથી કે તેમના કૂવા પાસે વાઘુ તથા ચેક ડેમ આવેલ છે. એ વાત ખરી નથી કે તા. ૧૯/૫/૨૦૨૦ ના રોજ મેં આ ચેકડેમના કામમાં મેઢ તરીકે હાજરી આપેલી. એ વાતની મને ખબર નથી કે તે દિવસે મારા ઘરના સભ્યો કામે આવેલા અને આ કામગીરી તા. ૧૮/૫/૨૦૨૦ થી તા. ૨૨/૫/૨૦૨૦ સુધી ચાલેલી. એ વાતની મને ખબર નથી કે તા. ૧૩/૬/૨૦૨૦ ના રોજ આ વાઘાવાળી કામગીરી ચાલતી હતી. મારા ઘરે પાણીનો હવાડો આવેલો છે. એ વાત ખરી નથી કે હું કપડાં ધોવા બેઠી હતી ત્યારે રત્નાભાઈને મેં મારા ઘરે બોલાવેલા અને રત્નાભાઈએ મને કહેલ કે મારે મેઘરજ જવું છે તેથી તમારા ઘરે આજે અવાશે નહીં. એ વાત ખરી નથી કે મેં, મારા પતિ અને આરોપીએ ભેગા થઈને કોઈ ખેતર ગીરો રાખેલ છે. એ વાત ખરી નથી કે તે દિવસે આરોપીને મશીન ચાલુ કરવું છે કેરોસીન લઈને આવો તેમ કહીને બોલાવેલા. એ વાત ખરી નથી કે પાણી વાળવા જવાનું હતું તેથી તમે રોકાઈ જાવ તેમ આરોપીને કહેલું. અમે જે ખેતર ગીરો રાખેલું તે બાબુભાઈનું છે. બાબુભાઈનું આખું નામ મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે બાબુભાઈનું આખું નામ બાબુભાઈ સોમાભાઈ છે. એ વાત ખરી નથી કે આ બાબુભાઈ સોમાભાઈએ ખેતરમાં આવેલું મશીન કેરોસીન નાખીને ચાલુ કરી આપેલું. એ વાતની મને ખબર નથી આ ખેતરની બાજુમાં ઈન્દુબેનનું ખેતર આવેલું છે. એ વાત ખરી નથી કે આ ગીરોવાળા ખેતરમાં મશીન ચાલુ હતું

ત્યારે ઈન્દુબેન પાણી ભરવા માટે ગીરોવાળા ખેતરમાં આવેલા. એ વાત ખરી નથી કે આ મશીન ચાલુ હતું તે વખતે આરોપી રત્નાભાઈએ મને એવું કહેલ કે મેઘરજ જવું છે. એ વાત ખરી નથી કે મેં એવો જવાબ આપેલો કે આજે બીજો શનિવાર છે એટલે ઓફિસો બંધ છે તો મેઘરજ જવું નથી, મને પાણી વાળવા લાગો. એ વાત ખરી નથી કે આરોપીએ એમ જણાવેલ કે હું જેશાભાઈને મોકલું છું તે તમને પાણી વાળવામાં મદદ કરશે. એ વાતની મને ખબર નથી કે આવું કહીને આરોપી ખેતરમાંથી નીકળીને મેઘરજ તરફ જતો રહેલો. એ વાત ખરી નથી કે માય લાઈફ કંપનીનું કમિશન મને મળવાનું ચાલુ થયેલું. એ વાત ખરી નથી કે મને કમિશન મળવાનું શરૂ થયેલું ત્યારબાદ આરોપીએ મારી પાસે ઉછીના આપેલા પૈસા પરત માંગેલા. એ વાત ખરી નથી કે આ સમયે અમારો તબેલો બનાવવાનું કામ ચાલુ હતું. એ વાતની મને ખબર નથી કે આરોપી મારી પાસે પૈસા પરત માંગવા આવતા હતા તેની જાણ ભાથીભાઈ હજુરભાઈને છે. એ વાત ખરી નથી કે આરોપી પૈસા માંગવા આવતા હતા તેથી મારા પતિ તથા મારા સસરાએ તેમની સાથે ઝઘડો કરેલો. મને નિશાની – ૧૭/૮/૧૧ થી રજૂ થયેલ ફોટોગ્રાફ્સ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તે ફોટામાં મારા પતિ તથા મારા સસરા છે. એ વાત ખરી નથી કે આરોપીએ મારા પતિ તથા સસરા સામે ધારીયું લઈને મારવા સામે થયેલા તેવી ફરિયાદ પોલીસમાં આપેલી. એ વાત ખરી નથી કે અમારે આરોપી સાથે એવી વાત થયેલી કે જેમ જેમ પૈસા આવશે તેમ તેમ પૈસા પાછા આપીશું. એ વાત ખરી નથી કે ભાથીભાઈ હજુરભાઈએ પણ આરોપી સાથે ઝઘડો કરેલો કે તું શેના પૈસા

માંગે છે અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપેલી તે મતલબની ફરિયાદ આરોપીએ ભાથીભાઈ અને તેમના ઘરના સભ્યો વિરુદ્ધ કરેલી. એ વાત ખરી નથી કે આ ઝઘડો થયા પછી ગીરોવાળા ખેતરમાં વાવેલું સહિયારું ઘાસ અમે એકલા કાપીને અમારા ઘરે લઈ આવેલા. એ વાત ખરી નથી કે આ ઘાસ કાપી લાવેલા તેથી આરોપીએ અમારા ઘરના લોકોને ઠપકો કરેલો ત્યારે અમારા ઘરના લોકોએ આરોપીને કહેલ કે તને કશું મળવાનું નથી, તારાથી થાય તે કરી લે. એ વાત ખરી નથી કે આ બનાવ બાદ મેં તથા મારા પતિ તથા ભાથીભાઈ, રત્નાભાઈ તથા મારા ઘરના સભ્યોએ આરોપીને મારી નાખવાના કાવતરા કરેલા. હું અમદાવાદ કઈ તારીખ અને કયા વર્ષમાં અને કયા મહિનામાં ગયેલી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે અમદાવાદ ગયા પછી હું મારા ઘરે ફોન કરીને સાસુ સસરાને ફોન કરીને ખબર અંતર લેતી હતી. એ વાત ખરી નથી કે હું ભાથીભાઈ હજુરભાઈને પણ અમારા ઘરનું ધ્યાન રાખવા માટે ફોન કરતી હતી. એ વાતની મને ખબર નથી કે ભાથીભાઈ હજુરભાઈ પણ અમદાવાદ મજૂરી કામ માટે આવેલા. હું પ્રતાપભાઈ ધુળાભાઈ ડામોરને ઓળખતી નથી. એ વાત ખરી નથી કે પ્રતાપભાઈ ધુળાભાઈને ખેતીના કામ માટે આરોપી બોલાવવા ગયેલો ત્યારે પણ અમારા ઘરવાળાઓએ આરોપી સાથે ઝઘડો કરેલો. એ વાત ખરી નથી કે તા. ૧૮/૮/૨૦૨૦ ના રોજ મેં ભાથીભાઈ હજુરભાઈને ધારીયું લઈને આરોપીને મારવા માટે મોકલેલો. એ વાત ખરી નથી કે જુદા જુદા નંબરના ફોન પરથી જુદી જુદી તારીખોએ મારા તથા મારા મળતિયાઓ દ્વારા આરોપીને મારી નાખવાની ધમકીઓ આપવામાં આવેલી. એ વાતની મને

ખબર નથી કે આ બાબતે તા. ૨૫/૮/૨૦૨૦ ના રોજ આરોપીએ ફરિયાદ આપેલી છે. એ વાતની મને ખબર નથી કે ૨૦૨૦ ની નવરાત્રીમાં હું અમદાવાદથી એક દિવસ માટે ઘરે આવેલી અને મારા છોકરાઓને ઘરે મૂકીને દીકરી એકલીને લઈને પાછી અમદાવાદ જતી રહેલી. મને ચોક્કસ યાદ નથી કે ૨૦૨૦ ની દિવાળીમાં આ ઝઘડા સંબંધે સમાજ ભેગો થયેલો. એ વાત ખરી નથી કે આ સમાજ ભેગો થયેલો તેમાં રત્નાભાઈએ મને આપેલા હાથઉછીના પૈસા બાબતની ચર્ચા થયેલી. એ વાત ખરી નથી કે ત્યારબાદ દિવાળીના આશરે ચાર દિવસ બાદ ફરીથી સમાજ ભેગો કરેલો. મને ખબર નથી કે આ વખતે સમાજના માણસોએ આરોપીએ મોકલાવેલ વકીલ મારફતેની નોટીસ વાંચેલી. એ વાત ખરી નથી કે સમાજના માણસોએ મને એવું કહેવડાવેલું કે આ નોટીસની વાતનો ખુલાસો ન થાય ત્યાં સુધી અમદાવાદ જતા નહીં. એ વાત ખરી નથી કે ત્યારબાદ મેં આરોપીને મારી નાખવાનો પ્લાન બનાવીને ભાથીભાઈને આરોપી સાથે ભેગા કરેલા. એ વાત ખરી નથી કે આરોપીને છેતરીને માનગઢ બોલાવેલો અને ત્યાં પૈસા આપી દઈશું તેમ જણાવેલ પરંતુ પૈસા આપેલા નહીં. એ વાત ખરી નથી કે રોજે રોજ આરોપીને મારી નાખવાની ધમકીઓ મારા દ્વારા આપવામાં આવતી હતી. એ વાત ખરી નથી કે અમે આરોપીને એવી ધમકીઓ આપેલી કે પૈસા માંગવાનું બંધ કરી દો નહિતર તમારી ઉપર ફરિયાદ કરીશું. એ વાતની મને ખબર નથી કે મને રૂ. ૬,૮૧,૫૫૦/- ની ઉઘરાણીની નોટીસ તા. ૮/૧/૨૦૨૧ ના રોજની મળેલી. એ વાત ખરી નથી કે આ ગુનાની ફરિયાદ તૈયાર કરીને લખીને ત્યારબાદ પોલીસ સ્ટેશને

આપવા માટે ગયેલી. એ વાત ખરી છે કે હું ફરિયાદ આપવા ગયેલી ત્યારે મારા કુટુંબના સભ્યો મારી સાથે હતા. એ વાત ખરી નથી કે પોલીસે અમને એમ જણાવેલ કે ફરિયાદ કર્યા વગર સમાધાન કરો, પૈસાની લેવડ દેવડની વાત છે. એ વાતની મને ખબર નથી કે ત્યારબાદ પોલીસે મારી હાજરીમાં આરોપીને પોલીસ સ્ટેશનમાં બોલાવેલો. એ વાત ખરી નથી કે મેં ફરિયાદ આપી તે અગાઉ આરોપીએ મારા અને મારા પરિવારજનો તેમજ ભાથીભાઈ પર ફરિયાદો કરી દીધેલી હતી અને તેમાં અમારા જામીન પણ લેવાયેલા. એ વાત ખરી નથી કે મેં ફરિયાદ આપી તે અગાઉ બનાવ અંગેની હકીકતો મેં કોઈને જણાવેલી નહીં. એ વાત ખરી છે કે મેં ફરિયાદ આપ્યા બાદ હું પોલીસને ક્યાંય લઈ ગયેલી નહીં. સાહેદ જણાવે છે કે પોલીસ મને લઈ ગયેલી. એ વાત ખરી છે કે પોલીસ મને બાયડ કોર્ટમાં મારો જવાબ લખાવવા તેમજ મેડિકલ કરાવવા માટે લઈ ગયેલા. એ વાતની મને ખબર નથી કે સને – ૨૦૧૮ થી લઈને હાલની ફરિયાદ આપી ત્યાં સુધી મેં આરોપી વિરુદ્ધ ફરિયાદ કે અરજી આપેલી કે કેમ? એ વાતનો મને ખ્યાલ નથી કે મને બાયડ કોર્ટમાં જવાબ આપવા માટે લઈ જતા હતા ત્યારે પોલીસે મને મારી ફરિયાદ વાંચવા માટે આપેલી. એ વાત ખરી નથી કે મારી સાથે આવેલા વુમન કોન્સ્ટેબલે મને જણાવેલ કે કોર્ટમાં સાહેબ પૂછે ત્યારે ફરિયાદ મુજબ બોલજો. એ વાત ખરી નથી કે મારું નિવેદન નોંધવા માટે બાયડ કોર્ટમાં લઈ ગયા ત્યારે મારા પતિ તથા મારા સસરા પોલીસની ગાડીમાં સાથે આવેલા. સાહેદ જણાવે છે કે મારા પતિ એકલા આવેલા. એ વાત ખરી છે કે હું કેટલા દિવસ પછી બાયડ કોર્ટમાં ગયેલી તે ચોક્કસ કહી

શકું નહીં. એ વાત ખરી નથી કે આરોપી મારા નામનો મેઢનો ઓર્ડર કાઢી લાવેલાની હકીકત હું ખોટી જણાવું છું. ફરિયાદ આપ્યા બાદ આરોપી સાથે મારે કોઈ દિવસ રૂબરૂ કે ટેલિફોનિક સંપર્ક થયેલો નહીં. એ વાત ખરી નથી કે મેં કોઈ ચાની કીટલીવાળા પાસે આરોપી પર ફોન કરાવેલો અને તેમાં એવી વાત કરેલી કે મારા ઘરવાળાએ મને મારેલી છે અને આ છેલ્લી વખત વાત કરી લઉં તેવી વગેરે વાત કરેલી. એ વાત ખરી નથી કે મેં આરોપીને ફોન ઉપર એવી વાત કરેલી કે મજબૂર બનીને નરોડાવાળી કેનાલમાં આત્મહત્યા કરવા માટે પડેલી. એ વાત ખરી નથી કે હું કેનાલમાં પડેલી અને કોઈક માણસે મને બહાર કાઢી ને બચાવેલી. એ વાત ખરી નથી કે કેનાલમાંથી બહાર કાઢ્યા બાદ પણ હોશમાં આવીને પછી આરોપી સાથે ફોન પર વાત કરેલી. એ વાત ખરી નથી કે આરોપીએ મને આવતી કાલે મળવા આવીશ તેમ જણાવેલું. એ વાત ખરી નથી કે તા. ૧૨/૯/૨૦૨૧ ના રોજ આરોપી મને મળવા માટે રૂબરૂ આવેલો. એ વાત ખરી નથી કે તે દિવસે હું અને આરોપી અમદાવાદ – નરોડા રીંગ રોડ પાસે પુલની નીચે મળેલા અને ત્યાંથી આરોપીની ગાડીમાં બેસીને એકાંતવાળી જગ્યાએ ગયેલા. એ વાત ખરી નથી કે તે વખતે મેં આરોપી પાસેથી રૂ. ૫,૦૦૦/– રોકડા લીધેલા. એ વાત ખરી નથી કે તે દિવસે આરોપીના ખોળામાં માથું મૂકીને આત્મીયભાવથી ખૂબ જ રડેલી. એ વાત ખરી નથી કે તે દિવસે મેં અને આરોપીએ એકબીજાની સ્વેચ્છાથી શરીર સંબંધ બાંધેલો. એ વાત ખરી નથી કે તે દિવસે ઉતાવળમાં મેં પહેરેલો અંડરવિયર આરોપીની ગાડીમાં ભૂલાઈ ગયેલો. એ વાત ખરી નથી કે તા. ૧૯/૯/૨૦૨૧ ના રોજ મારે

અને આરોપીને ટેલિફોનિક વાત થઈ ત્યારે હું અંડરવેર ભૂલી ગયેલાની જાણ થયેલી. એ વાત ખરી નથી કે મેં આરોપીને એમ પણ જણાવેલું કે હવે તમે મને મળવા આવો ત્યારે મારા માટે મોબાઈલ ફોન લઈ આવજો. એ વાત ખરી નથી કે ફરીથી પણ મેં આરોપીને અમદાવાદ રીંગ રોડ પર મળવા માટે બોલાવેલો. એ વાત ખરી નથી કે તે દિવસે આરોપીને આવવામાં મોડું થયેલું તેથી હું નિરાશ થઈ ગયેલી અને ઘરે જતી હતી ત્યારે આરોપીની ગાડી જોઈને ખુશ થઈ ગયેલી. એ વાત ખરી નથી કે ત્યારબાદ આરોપી મને મળેલો અને તેને મેં ગળે લગાવી લીધેલો. એ વાત ખરી નથી કે તે દિવસે હું આરોપી સાથે નરોડા પાસે હોટલમાં ગયેલી અને આરોપી પાસેથી મેં રૂ. ૪,૦૦૦/– લીધેલા. એ વાત ખરી નથી કે તા. ૨૬/૯/૨૦૨૧ ના રોજ ફરીવાર નરોડા પાસે હોટલમાં ગયેલા અને આરોપી પાસે રૂ. ૩,૦૦૦/– લીધેલા. એ વાત ખરી નથી કે આ હોટલનું નામ "એનીટાઈમ હોટલ" હતું. એ વાત ખરી નથી કે તા. ૧૨/૧૦/૨૦૨૧ ના રોજ મેં મહેશભાઈ નામના રીક્ષાચાલકનો ફોન લઈને આરોપીને મળવા બોલાવેલો અને તે દિવસે પણ આરોપી સાથે એનીટાઈમ હોટલમાં ગયેલી અને આરોપી પાસે રૂ. ૫,૭૦૦/– લીધેલા.એ વાત ખરી નથી કે તા. ૨૧/૧૦/૨૦૨૧ ના રોજ રીક્ષા ચાલક મહેશભાઈના ફોન પરથી આરોપીનો સંપર્ક કરી આરોપીને બોલાવી એનીટાઈમ હોટલમાં ગયેલા અને ત્યાં રૂ. ૬,૦૦૦/– આરોપી પાસેથી લીધેલા. એ વાત ખરી નથી કે ત્યારબાદ તા. ૨૭/૧૦/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૧૭૩૮૨૨૦૭૬ થી આરોપીના મોબાઈલ નંબર પર ફોન કરીને નરોડા કેનાલ પાસે બોલાવેલ અને ત્યાંથી બાયપાસ રોડ પર મળેલા અને ત્યાંથી

હોટલ પર ગયેલા અને ત્યાં મેં આરોપી પાસેથી રૂ. ૭,૦૦૦/- લીધેલા અને રૂ. ૧,૦૦૦/- મેં રીક્ષાવાળાને અપાવેલા. એ વાત ખરી નથી કે તા. ૯/૧૧/૨૦૨૧ ના રોજ મહેશભાઈના ફોનથી ફોન કરીને આરોપીને બોલાવેલો અને એનીટાઈમ હોટલમાં ગયેલા અને ત્યાં આરોપી પાસેથી રૂ. ૮૬૦૦/- લીધેલા. એ વાત ખરી નથી કે તા. ૧૭/૧૧/૨૦૨૧ ના રોજ રીક્ષા ચાલક મહેશભાઈ દ્વારા આરોપીને બોલાવી એનીટાઈમ હોટલમાં ગયેલા અને ત્યાં રૂ. ૪,૫૦૦/- આરોપી પાસેથી લીધેલા અને રૂ. ૫૦૦/- રીક્ષાવાળાને અલગથી અપાવેલા. એ વાત ખરી નથી કે તા. ૦૨/૧૨/૨૦૨૧ ના રોજ મહેશભાઈ દ્વારા સંપર્કમાં રહી આરોપીને બોલાવી અમે એનીટાઈમ હોટલમાં ગયેલા અને આરોપી પાસેથી રૂ. ૧૧,૦૦૦/- લીધેલા. એ વાત ખરી નથી કે તા. ૨૫/૧૨/૨૦૨૧ ના રોજ મારા મોબાઈલ નં. ૯૬૨૪૩૫૮૦૯૬ થી આરોપીને ફોન કરીને બોલાવેલો. એ વાત ખરી નથી કે તે દિવસે ફોન નં. ૮૧૫૩૧૬૮૨૫ તથા ૯૧૫૩૯૧૬૮૨૫ થી આરોપીને ફોન ઉપર સંપર્ક કરી મેં બોલાવેલ. એ વાત ખરી નથી કે તે દિવસે વિશાલભાઈ નામનો છોકરો રીક્ષા લઈને આવેલ હતો અને તે દિવસે પણ હું એનીટાઈમ હોટલમાં ગયેલી અને રૂ. ૮,૦૦૦/- મેં લીધેલા અને રૂ. ૧,૦૦૦/- રીક્ષાવાળાને અપાવેલા. એ વાત ખરી છે કે અમારા કાલીયાકુવા ગ્રામ પંચાયતની સરપંચની ચૂંટણી હતી તેમાં મતદાન કરવા માટે આવેલી. એ વાત ખરી નથી કે તા. ૩/૧/૨૦૨૨ ના રોજ મેં વિશાલભાઈ નામના રીક્ષાવાળાના ફોન પર ફોન કરીને આરોપીને સવારના ૯ થી ૧૧ વચ્ચે નરોડા રીંગ રોડ પર મળવા માટે બોલાવેલ હતો. એ વાત

ખરી નથી કે તે દિવસે આરોપીની ગાડીમાં સ્વેચ્છાએ હોટલ સુધી ગયેલી અને આરોપી પાસેથી રૂ. ૨,૦૦૦/– મેં લીધેલા તેમજ રૂ. ૧,૦૦૦/– રીક્ષાવાળાને અપાવેલા. એ વાત ખરી નથી કે મેં મેઘરજમાં ભીજાભાઈ ચોક્સીના ત્યાં મારા ગીરોએ મૂકેલા દાગીના છોડાવવા માટે આરોપી પાસેથી રૂ. ૨૫,૦૦૦/– લીધેલા. એ વાત ખરી નથી કે તા. ૩૦/૧/૨૦૨૨ ના રોજ મેં વિશાલભાઈ નામના રીક્ષાવાળાના ફોન નં. ૯૫૭૪૭૬૯૦૯૮ પરથી ફોન કરીને આરોપીને નરોડા રીંગ રોડ પર મળવા માટે બોલાવેલ હતો અને તે દિવસે હોટલમાં ગયેલા અને આરોપી પાસેથી રૂ. ૧,૨૦૦/– મેં લીધેલા તેમજ બીજા પૈસા બેંક ખાતામાં ઘરે જઈને રૂ. ૨,૦૦૦/– મોકલી આપશો તેવું કીધેલું અને બીજા બે જોડી કપડાં તથા બ્લાઉઝ પણ મંગાવેલા. એ વાત ખરી નથી કે આ બ્લાઉઝ મેં દિનેશભાઈ દરજી કઠવાડારોડ નરોડાવાળા પાસેથી સિવડાવેલા. એ વાત ખરી નથી કે આ કપડાં દરજી પાસેથી આરોપી પાસે મંગાવેલા. એ વાત ખરી નથી કે આ કપડાં હાલમાં આરોપી પાસે હશે. એ વાત ખરી નથી કે આરોપીએ મારા ખાતામાં મેઘરજ જઈને રૂ. ૨,૦૦૦/– નાંખેલા. એ વાત ખરી નથી કે મારો બેંક ખાતા નં. ૬૭૮૫૦૧૦૦૦૭૦૫૩૪ નો છે. એ વાત ખરી નથી કે આ પૈસા મેં તા. ૧/૨/૨૦૨૨ ના રોજ ઉપાડેલા છે. એ વાત ખરી નથી કે તા. ૫/૨/૨૦૨૨ ના રોજ ફરીથી વિશાલભાઈ નામના વ્યક્તિ પાસેથી આરોપીને ફોન કરીને બોલાવેલા, ટોલનાકા પાસે મળેલા અને ત્યાંથી એનીટાઈમ હોટલમાં ગયેલા અને ત્યાં રૂ. ૭,૦૦૦/– આરોપી પાસેથી મેં લીધેલા અને રૂ. ૧,૦૦૦/– રીક્ષાવાળાને અપાવેલા. એ વાત ખરી નથી કે

ફરિયાદ દાખલ કર્યા બાદ આરોપી સાથે નિયમિત રીતે સંપર્કમાં રહેલી છું અને આર્થિક મદદ માટે નાણાં લીધેલા છે. એ વાત ખરી નથી કે મારે આરોપી સાથે સતત સંપર્કમાં રહેવાના કારણે મારા પતિ, સાસુ અને સસરા સાથે ઘર્ષણ પેદા થયેલું. એ વાત ખરી નથી કે જૂન–૨૦૨૨ માં કાલીયાકુવા ગામે મારા સસરાનું મકાનનું રિપેરિંગ કામ ચાલતું હોવાથી હું ઘરે આવેલી. એ વાત ખરી નથી કે ઘરે ઝઘડા થતા હોવાથી તા. ૯/૬/૨૦૨૨ ના રોજ હું ઘરેથી નીકળી ગયેલી અને મારા ઘરના લોકો બીજા દિવસે મને શોધી લાવેલા. એ વાત ખરી નથી કે ત્યારબાદ પંચ ભેગું કરેલું અને મારા પિયર મોકલી દીધેલી. એ વાત ખરી નથી કે હું મારા પિયરથી પણ કોઈને કહ્યા વગર નીકળી ગયેલી અને મને અમદાવાદથી ઘરે લાવેલા. મનુબેન દિનેશભાઈ મારા કુટુંબમાં જેઠાણી થાય છે. એ વાત ખરી નથી કે આરોપી અને મારા સંબંધો જાહેર થતાં આ મનુબેન સાથે મારે ઝઘડો થયેલો. એ વાત ખરી નથી કે હું તથા મારા પતિ તથા આરોપી તથા મનુબેન તથા અમારા ગામના ઉદેસિંહ ફતાજી વગેરે ૫ થી ૭ માણસો માયલાઈફ કંપનીની મીટિંગમાં ગાંધીનગર સાથે ગયેલા. એ વાત ખરી નથી કે મીટિંગમાંથી પરત આવતા બધા ધનસુરા ખાતે એક હોટલમાં જમવા બેઠેલા. આરોપી મારા નામનો મેઢનો ઓર્ડર કાઢી લાવેલ ત્યારે તાલુકા પંચાયતને જાણ કરેલી નહીં કે મારે નોકરી કરવી નથી. એ વાત ખરી છે કે મેઢ તરીકેની નોકરી કરેલી તેનો પગાર લીધેલો. એ વાતની મને ખબર નથી કે આરોપી મનરેગા યોજનામાં કોઈ અધિકારી કે સુપરવાઈઝર છે કે કેમ? એ વાતની મને ખબર નથી કે મનરેગા યોજનાનું મારું જોબકાર્ડ ૨૦૧૧ ના વર્ષથી બનાવેલું. એ

વાત ખરી નથી કે ફરિયાદ મુજબનો કોઈ બનાવ બનેલો નહીં. એ વાત ખરી નથી કે આરોપી સાથે મેં આક્ષેપ કર્યા મુજબના શારીરિક સંબંધો એકબીજાની મરજીથી બાંધેલા. એ વાત ખરી નથી કે આરોપીએ કહેવાતી કોઈ ધમકી પણ આપેલી નથી કે મને તથા મારા પતિને ગાળો પણ આપેલી નથી. એ વાત ખરી નથી કે સને – ૨૦૧૮ થી આરોપી પાસે મારે પ્રેમસંબંધ હતા પરંતુ આરોપીએ મને આપેલા નાણાં પાછા આપવા ન પડે તેથી ગોઠવણ કરીને આ ખોટી ફરિયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલો નથી પરંતુ મેં સોગંદ પર ખોટી જુબાની આપેલ છે. એ વાત ખરી નથી કે જો આરોપીએ મારી પાસે ઉછીના આપેલા નાણાં પાછા ન માંગ્યા હોત તો આ ફરિયાદ કરવાની જરૂર ન પડત. એ વાત ખરી નથી કે આરોપીને ફસાવવા માટે તથા આર્થિક રીતે બરબાદ કરવા માટે તેની સામે ખોટી ફરિયાદ આપી અને ખોટી જુબાની આપેલ છે.

ઉપરોકત ફરીયાદી ભોગબનનારે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે,૨૦૧૮ ની સાલમાં આરોપી તેમના ઘરે ગયેલ અને મનરેગા યોજનામા કારકુન તરીકે કામ અપાવાનું કહેલ અને તેણીના પતિના બદલે પોતાનો વર્ક ઓર્ડર લાવેલો. સવારના છ થી બપોરના બે વાગ્યા સુધી નોકરીએ સાઈટ પર રહેતી. મસ્ટર લેવા તાલુકા પંચાયત વગેરે જગ્યાએ આરોપી સાથે જતા. ઘરે લખવા માટે બોલાવતા અને મોડે સુધી બેસાડતા.તેમજ કળશીયાવાળી નાળ તરીકે ઓળખાતી સાઈટ પર લઈ ગયેલ અને ત્યા ના કરવાના કુત્યો કરેલ મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધેલ તેમજ ઉન્ડવા તરફ ગાડીમા લઈ

ગયેલ ત્યા મરજી વિરુદ્ધ શારીરિક સુખ માણેલ, ૨૦૧૯ મા નોકરી છોડી દીધેલ અને ૨૦૨૦ માં આરોપીએ માઇ લાઇફ ની મીટીગ છે તેમ કહી ગાંધીનગર લઇ જઇ ગાડીમાં મરજી વિરુદ્ધ શારીરીક સુખ માણેલ, ધમકી આપેલ અને એક વાર રસ્તામા પણ ઉભા રાખી ધમકી આપેલાનું જણાવેલ છે એટલુ જ નહી પોતે ૧૦ ધોરણ ભણેલ છે અને પંચ સાહેદો કુટુંબના હોવાનું, અને કલાર્ક તરીકેનો તેમના નામનો હુકમ હતો, પતિના દસ્તાવેજ રજુ કરેલા કે કેમ તેની ખબર નથી. બીજા વ્યકિતઓ મેઢ તરીકે હતા કે કેમ તેની ખબર નથી. અઠવાડિયા માટે મસ્ટર મળતું અને પોતે મજુરોને હાજરી પુરવાની હતી, માટી કામ ખોદકામ વગેરે કામગીરીની નોંધ કરવાની હોય, તેમજ મજુરોની ચાલુ કામગીરીએ હાજરી પુરતા,પોતાના સાસુ, સસરા વગેરે યોજનામા કામ કરતા હોવાની હકીકતનો પણ ઈન્કાર કરેલ છે. તેણીના પતિ આવતા હોવાનું જણાવેલ છે. આરોપીનુ ઘર દોઢ બે કિલોમીટર દુર હોવાનું ખબર નહી હોવાનુ જણાવેલ છે અને ૨૦૧૮ માં ભેમાપુર મનરેગાના કામમાં બધા જતા હોવાનો ઈન્કાર કરેલ છે.આરોપીએ દસ્તાવેજો લઇ લીધા અંગે કોઇ ફરીયાદ નહી કરેલ હોવાનું અને દસ્તાવેજોમાં પોતાની સહી નહી હોવાનું જણાવેલ છે.આરોપી સાથેના ફોટા ઢાળીયાના હોવાનું જણાવેલ છે. આરોપીએ ફરીયાદ કરેલ હોવાની વગેરે હકીકતો પણ સ્વીકારેલ છે. તેમજ માઇ લાઇફ કંપનીમાં તેના પતિ તથા પોતે પણ જોડાયેલા હોવાનું તેમજ સાસુ સસરા જોડાયેલા હોવાનું પણ સ્વીકારેલ છે. રૂ.૨૭૦૦૦/- કમીશન મળેલું. તેમજ પોલીસ ફરીયાદ આપ્યા બાદ કયાય નહી ગયેલ હોવાનું,

તેમજ પોતાના ઘરવાળાએ મારેલી અને છેલ્લી વખત વાત કરી લેવાનુ કહેલું વગેરે હકીકતો જણાવેલ છે.

## (૧૩) ભોગબનનારના પતિ ની જુબાની :–

આ કામે ફરિયાદપક્ષ તરફ પોતાનો કેસ પુરવાર કરવા માટે **ભોગબનનારના પતિ**ને **આંક–૩૦** થી તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું ઉપર જણાવેલ સરનામે રહું છું અને ખેતીકામ કરું છું. મારા લગ્ન આશરે ૧૦ વર્ષ પહેલાં આ કામના ભોગ બનનાર સાથે થયેલા અને આ લગ્ન જીવનથી અમારે ત્રણ બાળકો છે. સને– ૨૦૧૮ માં આ કામના આરોપી રત્નાભાઈ જેમાભાઈ અમારા ઘરે આવેલા અને મનરેગા યોજના વિશે મને તથા મારી પત્નીને વાત કરેલી કે અને અમને પૂછેલું કે નરેગા યોજનામાં કામ કરશો? જેથી મેં આ યોજનામાં કામ કરવાની હા પાડેલી. આરોપીએ મને મેઢ તરીકે કામ કરવા માટે કહેલું જેથી મેં હા પાડેલી. કામ કરવા માટે મેં હા પાડેલી હતી આમ છતાં આરોપી મેઢ તરીકે નરેગા યોજનામાં કામ કરવા માટેનો ઓર્ડર મારી પત્નીના નામે કાઢી લાવેલા, જેથી મારી પત્નીએ મેઢ તરીકેની નોકરી ચાલુ કરેલી. આરોપીએ મને મજૂર તરીકે કામ પર રાખેલો. આરોપી મારી પત્નીને સવારે વહેલા અંદાજે છ એક વાગ્યે બોલાવતો હતો અને બપોરે આશરે બે એક વાગ્યે રજા મળતી હતી. રજા મળ્યા બાદ મારી પત્ની ઘરે આવતી હતી અને તેની પાછળ પાછળ આરોપી પણ ગાડી લઈને ઘરે આવતા હતા. આરોપી અમને બંનેને તેમ પણ કહેતા હતા કે મેઘરજમાં કામ છે અને બીજા તાલુકામાં કામ છે તેમ કહીને સાથે આવવા જણાવતા હતા. જ્યારે અમને બંનેને તાલુકામાં સાથે લઈ જાય ત્યારે

સાંજના મોડા પાંચ–છ વાગ્યે છોડતા હતા. આરોપી અમને બંનેને રાત્રે તેમના ઘરે મસ્ટર તેમજ અન્ય રજીસ્ટર લખવા બોલાવતા હતા અને રાત્રે બાર વાગ્યાથી ચાર વાગ્યાની વચ્ચે છોડતા હતા અને છોડવાનો સમય કોઈ નક્કી ન હતો. એક વખત આરોપી અમને બંનેને તાલુકા પંચાયત મેઘરજમાં જવાનું છે તેમ કહીને સાથે લઈ ગયેલો. ત્યારબાદ મેઘરજ આવ્યા પછી મને તાલુકા પંચાયતમાં મોકલેલો અને મારી પત્નીને આરોપી ગાડીમાં બેસાડીને રોલેશ્વર મહાદેવ લઈ ગયેલો. ત્યાં લઈ જઈને આરોપીએ મારી પત્નીને એમ કહીને મારઝૂડ કરેલ કે તું બીજા લોકો સાથે કેમ વાત કરે છે અને બીજા સાથે કેમ ફરે છે અને કહેલ કે તારે કોઈના જોડે વાત નહીં કરવાની અને બોલાવવાનું નહીં. વધુમાં આરોપીએ એમ પણ કહેલ કે આ મારઝૂડની વાત તારા પતિને કરવાની નહીં અને મારી નાખવાની ધમકી આપેલી. ત્યારબાદ આરોપી મારી પત્નીને લઈને તાલુકા પંચાયતે લઈ આવેલો અને સાંજના પાંચેક વાગ્યે અમે ઘરે ગયેલા. એક દિવસે આરોપીએ મારી પત્નીને સવારે છ વાગ્યે કળશિયાવાળી નાળ તરીકે ઓળખાતા ડુંગરે જ્યાં નરેગાનું કામ ચાલતું હતું ત્યાં બોલાવેલી, જેથી હું મારી પત્નીને મૂકવા માટે ગયેલો ત્યારે ત્યાં કોઈ માણસો હાજર ન હતા. આરોપીએ મને ઘરે જવાનું કહેલું જેથી હું મારી પત્નીને મૂકીને ઘરે આવેલો. ત્યાં આરોપીએ મારી પત્ની સાથે બળજબરીપૂર્વક બળાત્કાર કરેલો અને ધમકી આપેલી કે જો આની જાણ કોઈને કરીશ તો તમને બંનેને મારી નાખીશ. ત્યારબાદ આરોપી મારી પત્નીને ગાડીમાં બેસાડીને ઊંડવા ગામ બાજુ લઈ ગયેલો. ત્યાં પણ આરોપીએ મારી પત્ની સાથે તેની જી.જે.૩૧.ડી.૩૮૫૦ વાળી ગાડીમાં બળાત્કાર કરેલો.

ત્યારબાદ આરોપી મારી પત્નીને મોડેથી ઘરે મૂકી ગયેલો. ત્યારબાદ મારી પત્નીએ નોકરીએ જવાનું ઓછું કરી નાખેલું. ત્યારબાદ મારી પત્નીએ નોકરી છોડી દીધા પછી એક દિવસ આરોપીએ માય લાઈફ કંપનીની મીટિંગ ગાંધીનગરમાં છે તેમાં જવાનું છે તેવું મને તથા મારી પત્નીને જણાવેલું. આરોપીએ મને ગાંધીનગર આવવાની ના પાડેલી અને મારી પત્નીને લઈને ગાંધીનગર તેની ગાડીમાં લઈ ગયેલો. ત્યાં કોઈ મીટિંગ જ હતી નહીં. આરોપીએ ત્યાં મારી પત્ની સાથે શારીરિક બળાત્કાર કરેલો અને કોઈને કહીશ તો તને મારી નાખીશ તેવી ધાક–ધમકીઓ આપેલી. એક દિવસ આરોપી વહેલી સવારે આશરે આઠ થી નવ વાગ્યે મારે ઘરે આવેલો, તે વખતે હું ઘરે ન હતો ત્યારે મારી પત્નીને ધાક–ધમકી આપેલી અને તું મારી સાથે વાત કેમ નથી કરતી અને તું તારા પતિને કેમ સાથે રાખે છે તેમ કહેલું અને પિસ્તોલ બતાવેલી અને જણાવેલ કે તું આવી વાત કરીશ તો તને અને તારા પતિને મારી નાખીશ અને મોડાસા જવાનું કહેલું. આ વખતે હું ગામમાંથી આવી ગયેલો અને મારી પત્નીનો બચાવ કરેલો ત્યારે આરોપીએ મને પણ મારી નાખવાની ધમકી આપેલી. એક વાર દિવાળીનો તહેવાર હતો અને હું અને મારી પત્ની છોકરાઓને ગામડે મૂકીને અમદાવાદ મજૂરી કામ માટે ગયેલા. દિવાળીનો તહેવાર હોવાથી અમે ગામડે આવેલા અને ત્યાંથી છોકરાઓના કપડાં લેવા માટે મેઘરજ જતા હતા ત્યારે રસ્તામાં આરોપી મળેલો અને મેડી ગામે અમને ઉભા રાખેલા. ત્યાં આરોપીએ અમને ગાળો બોલેલી તેમજ જણાવેલું કે તમે અમદાવાદ કામે કેમ જતા રહ્યા છો? ત્યાંથી અમે બંને જણા ઘરે આવતા રહેલા. ત્યારબાદ ઘરે આવ્યા પછી મારી પત્નીએ

મને જાણ કરેલી કે આરોપીએ તેની સાથે બળાત્કાર કરેલો છે અને મારી પત્ની સાથે આરોપીએ અગાઉ જે જે કરેલું તે તમામ હકીકતો મને જણાવેલી. ત્યારબાદ મારી પત્નીને લઈને મેઘરજ પોલીસ સ્ટેશને લઈ ગયેલો અને ત્યાં મારી પત્નીએ પોલીસમાં ફરિયાદ આપેલી અને પોલીસે મારી પૂછપરછ કરીને જવાબ લીધેલો. આ કામના આરોપીને હું ઓળખું છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.એવું બનેલું કે એક દિવસ મારી પત્ની ખેતરમાં ઘાસ કાપવા માટે એકલી ગઈ હતી ત્યારે આરોપી આવી ગયેલો અને તેણીને કહેલ કે શરીર સુખ માણવા દે નહીં તો ઉપાડી જઈશ, જેથી મારી પત્નીએ બૂમો પાડેલી. જેથી અમારા ગામના કુટુંબી અર્જુનભાઈ અમરાભાઈ આવી ગયેલા ત્યારે આરોપી ત્યાંથી ભાગી ગયેલો.**ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી જે.જી.પ્રજાપતિ.** હું ધોરણ – ૧૦ સુધી ભણેલો છું. હું વેલ્ડિંગનું કામ કરું છું. એ વાત ખરી નથી કે મને રોજે રોજ વેલ્ડિંગનું કામ મળતું નથી. એ વાત ખરી છે કે હું સને – ૨૦૨૧ થી અમદાવાદ મુકામે રહું છું. હવે હું કહું છું કે સાલ મને ખબર નથી. સાહેદ જણાવે છે કે આમ તો હું સને – ૨૦૧૧ ના વર્ષથી અમદાવાદ રહું છું પરંતુ ગામડે આવતો જતો હોવ છું. એ વાત ખરી છે કે મારા પત્ની ધોરણ – ૧૦ સુધી ભણેલા છે. એ વાત ખરી છે કે મારા પિતા કાલીયાકુવા છાત્રાલયમાંથી રીટાયર્ડ થયેલા છે. એ વાત ખરી છે કે કોઈ નોકરી માટે અરજી કરીએ તો પુરાવા રજૂ કરવા પડે. એ વાત ખરી નથી કે આરોપી મારા ઘરે નોકરીની વાત કરવા આવેલા ત્યારે મારા પત્નીના પુરાવા એલ.સી. વગેરે આપેલા. એ વાત ખરી છે કે આરોપી કોઈ સરકારી નોકરી કરતા નથી. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકેની

નોકરીનો ઓર્ડર તાલુકા પંચાયતમાં થતો હોય છે. એ વાતની મને ખબર નથી કે મનરેગા યોજનાના અધિકારી તાલુકા પંચાયતમાં બેસતા હતા. એ વાતની મને ખબર નથી કે મેઢ તરીકેની નોકરીનો ઓર્ડર કાયમી નોકરીનો ન હતો. મારી પત્નીનો ઓર્ડર કેન્સલ કરાવવા માટે કોઈ કાર્યવાહી કરેલ નહીં. એ વાત ખરી છે કે મેં મારી પત્નીને કોઈ દિવસ એવું કહેલ નહીં કે મેઢ તરીકે નોકરી કરવી નથી અને રાજીનામું આપી દે. એ વાત ખરી નથી કે મારા પત્ની તેમની મરજીથી રેગ્યુલર નોકરી પર જતા હતા. એ વાત ખરી છે કે હું નરેગા યોજનામાં રેગ્યુલર મજૂર તરીકે નોકરીએ જતો હતો. એ વાત ખરી છે કે નરેગા યોજનામાં મજૂરનો સમય સવારે નવ થી બપોરે ૨ વાગ્યા સુધીનો હોય છે. એ વાત ખરી છે કે સામાન્ય રીતે જે જગ્યાએ કામગીરી કરવાની હોય ત્યાં સવારે મજૂરો ભેગા થતા હોય છે. એ વાતની મને ખબર નથી કે નરેગા યોજનાના અધિકારી તરીકે આરોપીની ફરજ ન હતી. એ વાત કરી છે કે નરેગા યોજનાની કામગીરી માટે અઠવાડિયે એક મસ્ટર મળતું હતું. એ વાતની મને ખબર નથી કે મેઢ કારકુને કામગીરીવાળી જગ્યાએ જઈને મજૂરોની હાજરી પૂરવાની હોય છે. મને ખબર નથી કે મારી પત્ની સિવાય અમારા ગામના બીજા ત્રણ–ચાર માણસો મેઢ તરીકેની કામગીરી કરતા હતા. એ વાત ખરી નથી કે મેઘરજ તાલુકા પંચાયતમાં જ્યારે જ્યારે મારી પત્ની આવેલા ત્યારે હું સાથે આવેલ. એ વાત ખરી છે કે મેઘરજ અમારું તાલુકા મથક છે. એ વાત ખરી નથી કે રોજબરોજના કામો માટે અમારે મેઘરજ આવવું પડે છે. એ વાત ખરી છે કે સને – ૨૦૧૮ થી હાલની ફરિયાદ આપી ત્યાં સુધી મેં તથા મારી પત્ની તથા મારા પિતાએ આરોપી સામે કોઈ ફરિયાદ કરેલ નથી. એ વાતની મને ખબર

નથી કે તા. ૯/૧૦/૨૦૧૧ ના રોજ નરેગા યોજનામાં મારું જોબકાર્ડ કઢાવવા માટે ગ્રામ પંચાયત કાલીયાકુવામાં અરજી કરેલી. એ વાત ખરી નથી કે આ અરજીના આધારે મને જોબકાર્ડ આઈ.ડી. નંબર – ૯૪૬૭૦૦૧૩૭ મળેલું હતું અને હું કામે જતો હતો. એ વાતની મને ખબર નથી કે સને – ૨૦૧૪ થી ૨૦૧૬ સુધી હું અને મારી પત્ની અમદાવાદ જતા રહેલા. એ વાતની મને ખબર નથી કે હું અમદાવાદ જતો રહેલો તેથી મારું જોબકાર્ડ આઈ.ડી. રદ થઈ ગયેલું. એ વાત ખરી નથી કે સને – ૨૦૧૭ ના વર્ષમાં હું અને મારી પત્ની મારા વતન પાછા આવેલા. એ વાતની મને ખબર નથી કે તા. ૮/૨/૨૦૧૮ ના રોજ મનરેગાની કામગીરી માટે મેં નવું જોબકાર્ડ કઢાવેલું જેનો આઈ.ડી. નં. ૯૪૬૭૦૦૩૦૮૬ હતો. એ વાતની મને ખબર નથી કે આરોપી અમારા ગામના સરપંચ તરીકે આશરે પાંચેક વર્ષ જેટલું રહેલા. એ વાત ખરી નથી કે હું સરપંચ તરીકે રત્નાભાઈને ઓળખું છું. સાહેદ જણાવે છે કે ગામમાં બધા આરોપીને સરપંચ–સરપંચ કહેતા હતા તેથી ઓળખું છું. એ વાત ખરી છે કે મારી પત્નીના નામનો ઓર્ડર આરોપી કઈ તારીખે લાવેલ તે હું ચોક્કસ કહી શકું નહીં. સાહેદ જણાવે છે કે મેં ઓર્ડર જોયેલો જ નથી. એ વાત ખરી છે કે મેં નરેગા યોજનામાં રાજસ્થાન પાકા રોડ થી ભેફડી સુધીના રસ્તા પર કામ કરતો હતો. સાહેદ જણાવે છે કે ચોક્કસ તારીખ મને યાદ નથી. મને નિશાની – ૧૭/૭ પૈકી પાના નં. ૧૩ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે આ દસ્તાવેજ મનરેગા યોજનાનું પગાર ચૂકવણીનું પત્રક છે. તેના અનુક્રમ નં. ૧૨ ઉપર મારું તથા અનુક્રમ નં. ૧૯ માં ડામોર શારદાબેન વીરાભાઈ તથા અનુક્રમ નં. ૨૦ મારા ભાઈ

જશવંતભાઈના નામ છે, તેની સામે દિવસ પાંચની હાજરી બતાવેલ છે અને મજૂરી દર્શાવેલી છે. મનુબેન દિનેશભાઈ ડામોર અમારા ગામના છે અને તેમને હું ઓળખું છું. એ વાતની મને ખબર નથી કે તેઓ પણ મેઢ તરીકેની નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે મેં મેઢ તરીકેની નોકરી મેળવવા માટે મારી જાતે કોઈ અરજી કરેલ નથી કે મેઢ તરીકેની નોકરી મેળવવા માટે મારા કોઈ દસ્તાવેજ આપેલા નથી. એ વાત ખરી નથી કે બનાવ પહેલાં આરોપી સાથે અમારે સારા સંબંધ હતા. એ વાત ખરી નથી કે અમે જરૂરિયાતના સમયે આરોપી પાસેથી આર્થિક મદદ લેતા હતા. એ વાત ખરી નથી કે ફરિયાદ દાખલ કરતા પહેલાં આરોપીએ તમને જુદા જુદા દિવસે રકમ આપેલી જે પરત મેળવવા માટે નોટીસ આપેલી અને તેવી નોટીસ અમારા ગામમાં ફરતી થયેલી. એ વાત ખરી છે કે ફરિયાદ આપતા પહેલાં અમારા ગામના લોકો સમાધાન માટે ભેગા થયેલા. સાહેદ જણાવે છે કે પૈસાના સમાધાન માટે નહીં. એ વાત ખરી નથી કે આરોપીએ આ સમાધાનમાં બેઠકમાં પંચો રૂબરૂ પૈસાની ઉઘરાણીવાળી નોટીસ બતાવીને વાંચેલી. એ વાત ખરી નથી કે આ સમાધાનમાં હું ગયેલો નહીં. એ વાત ખરી છે કે હું માય લાઈફ કંપનીમાં ડિસ્ટ્રીબ્યુટર તરીકે જોડાયેલો. એ વાત ખરી છે કે આ કંપનીમાં એક સભ્યની નીચે બીજા સભ્યો મૂકવાના હતા. એ વાત ખરી નથી કે આરોપી મારી નીચે સભ્ય બનેલા. એ વાત ખરી છે કે મારી નીચે મારા પિતા, પત્ની તથા ભાઈ વગેરે સભ્યો બનેલા. એ વાત ખરી છે કે આરોપી પણ માય લાઈફ કંપનીમાં સભ્ય હતા. એ વાત ખરી નથી કે હું, આરોપી તેમજ ગામના બીજા સભ્યો ગાડીમાં બેસીને નવા સભ્યો બનાવવા માટે જુદા જુદા ગામમાં જતા હતા. એ

વાત ખરી નથી કે જો માચ લાઈફ કંપની વતી સારું કામ કરીએ તો કંપની થાઈલેન્ડ પ્રવાસે મોકલતી હતી. એ વાત ખરી છે કે થાઈલેન્ડ જવા માટે મેં અને મારી પત્નીએ કાર્યવાહી કરેલી. એ વાત ખરી નથી કે પાસપોર્ટના કામ માટે એક વખત હિંમતનગર જવાનું થયેલું ત્યારે આરોપી અમારી સાથે આવેલ હતો. એ વાત ખરી નથી કે પાસપોર્ટ ઓફિસ ગાંધીનગર જવાનું થયેલું ત્યાં પણ આરોપી મારી સાથે આવેલ હતા. એ વાત ખરી નથી કે માચ લાઈફ કંપનીમાં ભરવા માટે મારી પત્નીએ આરોપી પાસેથી તા. ૪/૧૦/૨૦૧૯ ના રોજ રૂપિયા અઢી લાખ લીધેલા. મને આંક – ૨૮ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે આ સંમતિપત્રકમાં મારી પત્ની તથા આરોપીનો પાસપોર્ટ સાઈઝ ફોટો લગાવેલ છે. એ વાત ખરી નથી કે ફોટાની નીચે કરેલી સહી મારી પત્નીની છે. એ વાત ખરી છે કે માચ લાઈફ કંપનીમાં ડી.જે. વાંટડીયા નામના એક સભ્ય હતા. એ વાત ખરી છે કે આ કંપનીમાં કામ કરવા માટે સંમતિપત્રક આપવું પડતું હતું. એ વાત ખરી નથી કે આરોપી સરપંચ હોવાથી ગામમાં ઘણા લોકો સાથે સંબંધ ધરાવતા હોય મેં માચ લાઈફ કંપનીમાં તેમને સભ્ય બનાવેલા. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી રૂપિયા અઢી લાખ કંપનીમાં આપવા ગયા ત્યારે આ પૈસા ટેબલ પર મૂકીને ફોટો પડાવેલો. મને એક ફોટોગ્રાફ્સની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે તેમાં મારો ચહેરો દેખાય છે.  એ વાત ખરી નથી કે આરોપી પાસેથી પૈસા લીધેલા તે એક વર્ષમાં પરત આપવાની બાંહેધરીવાળું લખાણ કરેલું. એ વાત ખરી છે કે એક વખત ગાંધીનગર માચ લાઈફ કંપનીના કામે જવાનું થયું હોય ત્યારે સભ્ય સીતાબેન અને દિનેશભાઈ સાથે આવેલા. એ વાતની મને ખબર નથી

કે આ સીતાબેન અને દિનેશભાઈ મારાથી ઉપરના લેવલના સભ્ય હતા. એ વાત ખરી છે કે પાસપોર્ટની કામગીરી માટે અમદાવાદ પાસપોર્ટ ઓફિસે ગયેલા ત્યારે સીતાબેન અને દિનેશભાઈ અમારી સાથે હતા. એ વાત ખરી નથી કે પાસપોર્ટની કામગીરી માટે મેઘરજ પોલીસ સ્ટેશને અમને બોલાવેલા. એ વાત ખરી નથી કે પાસપોર્ટ માટે ફોટો પડાવવા ગયા ત્યારે આરોપી પણ મારી સાથે આવેલ હતો. એ વાત ખરી નથી કે મારા, મારી પત્નીના અને આરોપીના પાસપોર્ટ સાઈઝના ફોટા ફોટા પાડેલા અને તેનું બિલ આરોપીએ ચૂકવેલું. એ વાત ખરી નથી કે આરોપીએ મારી સાસરી પક્ષને બોરનો કેબલ લાવવા તેમજ દવા બિચારણ માટે ઘણીવખત મદદ કરેલી. એ વાત ખરી છે કે મારા ગામમાં સખી મંડળ ચાલતું હતું. એ વાત ખરી છે કે આરોપીની દીકરી સખી મંડળમાં મંત્રી તરીકે કામ કરતી હતી. એ વાત ખરી છે કે આ મંડળમાં મારા પત્ની પ્રમુખ તરીકે કામ કરતા હતા. એ વાત ખરી નથી કે આ મંડળની બેઠક આરોપીના ઘરે થતી હતી. સાહેદ જણાવે છે કે બેઠકની ખબર નથી પરંતુ મંડળનો વહીવટ આરોપી કરતો હતો. એ વાત ખરી છે કે આ મંડળનું ખાતું દેના બેંક, મેઘરજમાં હતું. એ વાત ખરી છે કે આ મંડળનું નામ હરસિદ્ધિ મિશન મંડળ હતું. એ વાતની મને ખબર નથી કે જો મંડળ સારું ચાલે તો સરકાર રૂપિયા એક લાખની સહાય આપે તે માટેનું ફોર્મ ભરેલું હતું. એ વાત ખરી નથી કે આ મંડળના ચોપડા લખવા માટે પત્ની આરોપીના ઘરે જતા હતા. એ વાત ખરી છે કે મારા ઘરેથી આરોપીનું ઘર આશરે દોઢ થી બે કિલોમીટર દૂર છે. એ વાત ખરી છે કે આરોપીના ઘરેથી મારા ઘરે આવવું હોય તો વચ્ચે ટેકરી અને ઝાડી–ઝાંખરાવાળો વિસ્તાર આવે છે. એ વાતની મને

ખબર નથી કે રત્નાભાઈના ઘરે તેમનો પરિવાર રહે છે. આરોપીને ત્રણ દીકરી અને બે દીકરા છે. એ વાત ખરી છે કે મારા પત્નીનો પાસપોર્ટ નીકળેલો. એ વાત ખરી નથી કે થાઈલેન્ડ જવા માટે ટિકિટ પણ કઢાવેલી. એ વાત ખરી નથી કે આરોપીએ તેમના ઘરના દાગીના ગીરો મૂકીને અમને આર્થિક મદદ કરેલી છે. એ વાતની મને ખબર નથી કે સખી મંડળમાં જમા થયેલા પૈસા મારી પત્નીએ ઉપાડેલા. એ વાત ખરી નથી કે સરકારી યોજના હેઠળ ઘર મંજૂર કરાવવા માટેની કાર્યવાહી અમને આરોપીએ કરી આપેલી. એ વાત ખરી નથી કે મારી માતાને મકાન સહાય અને કૂવો બનાવવા અંગેનું ફોર્મ આરોપીએ ભરી આપેલું. એ વાત ખરી નથી કે મારા ઘરે ઢાળિયું બનાવી આપવા માટે આરોપીએ મેઘરજના રહીમભાઈ બંગા પાસેથી ઉધારીમાં સામાન ખરીદી આપેલો. એ વાતની મને ખબર નથી કે આરોપી જામીન રહેલા અને આ પૈસા અમે ચૂકવેલા નહીં તેથી આરોપીએ ચૂકવેલા. એ વાત ખરી છે કે અમારા ઢાળિયાનું કામ કરવા માટે સને – ૨૦૨૦ ના અરસામાં ભાથીભાઈ હજુરભાઈ કામ કરવા માટે આવતા હતા. એ વાતની મને ખબર નથી કે ભાથીભાઈ હજુરભાઈની હાજરીમાં આરોપીએ રૂપિયા અઢી લાખની ઉઘરાણી કરેલી. એ વાત ખરી નથી કે આરોપીએ પૈસાની ઉઘરાણી કરતા મારા પિતા ઉશ્કેરાઈ જઈને ધારીયું લઈને આરોપી સામે ઉગામ્યું હતું અને મેં તથા મારી પત્નીએ તથા મારા પિતાએ આરોપીને જાનથી મારી નાખવાની ધમકી આપેલી. એ વાત ખરી નથી કે મારા પિતાએ એવી પણ ધમકી આપેલી કે પૈસા માંગતો નહીં નહિતર બળાત્કાર જેવા કેસમાં ફસાવી દઈશું. એ વાત ખરી નથી કે આ સંબંધે આરોપીએ પોલીસમાં અરજી આપેલી અને પોલીસે

ચેપ્ટર કેસ કરી અમારા જામીન લેવડાવેલા. એ વાત ખરી નથી કે અમારા પરિવારના સભ્યો પર ચાર થી પાંચ એફ.આઈ.આર. ફાટેલી છે તે અંગેના કેસો મેઘરજ કોર્ટમાં પેન્ડિંગ છે. સાહેદ જણાવે છે કે બે કેસની મને ખબર છે.એ વાત ખરી છે કે બાબુભાઈ સોમાભાઈ ડામોરને ઓળખું છું. એ વાત ખરી નથી કે મેં અને આરોપીએ તેમનું ખેતર રૂપિયા આઠ હજારમાં ગીરો રાખેલ હતું અને તેમાં મકાઈ, સૂંઢિયું અને ઘઉંનું વાવેતર કરેલું અને તેમાં મારા અને આરોપીના ઘરના સભ્યો હળીમળીને કામ કરતા હતા.એ વાત ખરી છે કે આરોપીએ બે વાર મને પૈસા પરત આપી દે તેવું કહેલું. એ વાત ખરી નથી કે મેં એવું કહેલ કે અમારી પાસે પૈસાની સગવડ નથી જ્યારે સગવડ થશે ત્યારે આપી દઈશું.કોર્ટથી સવાલ: આરોપીએ પૈસા માંગ્યા ત્યારે તમે શું કહેલું? જવાબ: કયા પૈસા? એ વાતની મને ખબર નથી કે પૈસાની ઉઘરાણી બાબતે આરોપીએ અમારી વિરુદ્ધ બે–ત્રણ વખત પોલીસ સ્ટેશનમાં સાદી અરજીઓ કરેલી. એ વાત ખરી છે કે પોલીસે બે–ત્રણ વખત અમારા જામીન ચેપ્ટર કેસમાં લીધેલા. એ વાત ખરી નથી કે મારા ઘર આગળથી આરોપી ગાડી લઈને નીકળતો હતો ત્યારે પથ્થરમારો કરીને ગાડીના કાચ તોડી નાખ્યાની ફરિયાદ આરોપીએ કરેલ હતી. એ વાત ખરી નથી કે મારા ઘરના સભ્યો આરોપીને એવી ધમકી આપતા હતા કે પૈસા માંગવા નહીં કે ઘર આગળથી નીકળવાનું નહીં નહિતર ખોટા કેસમાં જેલમાં પુરાવી દઈશું અને ભાડૂતી ગુંડાઓ બોલાવી મર્ડર કરાવી દઈશું. એ વાત ખરી નથી કે પૈસા માંગવા માટે આરોપીએ અમારી સામે બે–ત્રણ વખત ફરિયાદ કરેલી. એ વાતની મને ખબર નથી કે તા. ૮/૧/૨૦૨૧ નારોજ આરોપીએ વકીલ મારફતે પૈસાની

ઉઘરાણી બાબતે નોટીસ આપેલી. એ વાતની મને ખબર નથી કે પૈસાની ઉઘરાણી અને બોલાચાલી બાબતે સમાજના માણસો ભેગા થઈને સમાધાનની વાતચીત કરેલી કે કેમ? અને તે અંગે કાગળ પર લખાણ કરવાનું નક્કી થયેલું. એ વાત ખરી નથી કે હું આવું લખાણ કરવા માટે હાજર રહેલ નહીં અને અમદાવાદ મજૂરીએ જતો રહેલો. મને યાદ નથી કે મારી પત્ની મોબાઈલ નં. ૮૧૪૧૫૦૮૦૧૨ વાપરતા હતા. ભાથીભાઈ હજુરભાઈના મોબાઈલ નંબરની મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે ભાથીભાઈ હજુરભાઈ મારા પરિવારના સમર્થનમાં હોય તેમના પર પણ આરોપીએ ફરિયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે આરોપીએ હાથઉછીના આપેલા પૈસાની માંગણી કરી એટલે હાલની ફરિયાદ કરેલી. મને હાલમાં યાદ નથી કે મેં મારા પોલીસ જવાબમાં એવું લખાવેલ નહીં કે "જ્યારે અમને બંનેને તાલુકામાં સાથે લઈ જાય ત્યારે સાંજના મોડા પાંચ-છ વાગ્યે છોડતા હતા." એ વાત ખરી નથી કે અમે કપડાં લેવા માટે મેઘરજ જતા હતા ત્યારે મેડી ગામે આરોપીએ ઉભા રાખેલા તેવું મેં સરતપાસમાં જણાવેલ ત્યારે પણ આરોપીએ પૈસાની ઉઘરાણી કરેલી. એ વાત ખરી નથી કે આ વખતે આરોપીને એમ જણાવેલ કે આપણે ઘરે જઈને હિસાબ કરી દઈશું. એ વાત ખરી છે કે તા. ૧૯/૫/૨૦૨૦ ના બનાવ બાબતે મેં પોલીસમાં કોઈ ફરિયાદ આપેલ નહીં. એ વાત ખરી છે કે તા. ૩/૩/૨૦૨૦ ના બનાવ બાબતે મેં કે મારી પત્નીએ કોઈ ફરિયાદ આપેલ નહીં. એ વાત ખરી છે કે તા. ૧૫/૧૧/૨૦૨૦ ના બનાવ બાબતે મેં કે મારી પત્નીએ કોઈ ફરિયાદ આપેલ નહીં. એ વાત ખરી છે કે તા. ૧૫/૧૧/૨૦૨૦ ના રોજ મારી પત્નીએ મને આરોપીએ તેની

સાથે કરેલ દુર્વ્યવહારની વાત કરેલ નહીં. એ વાતની મને ખબર નથી કે સને – ૨૦૨૧ ના ઉત્તરાયણ પછી પંચ ભેગું થયેલું તેમાં આ હકીકત ઉભી થતાં હાલની ફરિયાદ કરેલી. એ વાત ખરી નથી કે હાલની ફરિયાદ કરવા માટે હું અને મારી પત્ની ગામના માણસો સાથે ચાર થી પાંચ વખત મેઘરજ પોલીસ સ્ટેશને ગયેલ હતા. એ વાત ખરી નથી કે ફરિયાદ કરવા માટે હું, મારા પિતા તથા મારી પત્ની તથા મનીષભાઈ નાનાભાઈ ડામોર, શારદાબેન વીરાભાઈ ડામોર, કેશાભાઈ સોદરાભાઈ ડામોર, ધુળાભાઈ લાલાભાઈ ડામોર, લાલાભાઈ નાનાભાઈ ડામોર, લાલાભાઈ હાથીભાઈ ડામોર, કનુભાઈ ચેહરાભાઈ ડામોર વગેરે ગયેલા. એ વાત ખરી નથી કે ઉપરોક્ત વ્યક્તિઓ મારા કુટુંબીઓ છે. એ વાત ખરી છે કે આરોપીએ બળાત્કાર કર્યો હોય તેવી હકીકત મેં નજરોનજર જોયેલ નહીં અને તે બાબતેની હકીકતો મારી પત્નીના કહેવાથી જાણેલી. એ વાત ખરી છે કે ફરિયાદ કરવા ગયા ત્યારે મારું નામ સરનામું અને કેટલા બાળકો છે તેમ પૂછેલું. એ વાત ખરી નથી કે હું બોલતો હોઉં અને પોલીસ લખતી હોય તે રીતે મારો જવાબ લખાવેલ નહીં. એ વાત ખરી છે કે પોલીસ જવાબ લખાવવા માટે મને હાજર રહેવા અંગે નોટીસ મોકલાવેલ નહીં. એ વાત ખરી છે કે ફરિયાદ દાખલ થયા પછી આ કેસના સંદર્ભે કોઈ જગ્યાએ ગયેલો નથી. એ વાત ખરી નથી કે ભોગ બનનાર મારા પત્ની થાય છે અને આરોપીએ મને, મારી પત્નીને તથા મારા પરિવારના સભ્યોને ઉછીના આપેલા પૈસા પરત કરવા ન પડે તેથી મારી પત્ની મારફતે ખોટી ફરિયાદ કરાવી તેમજ સોગંદ પર હું ખોટી જુબાની આપું છું.

ઉપરોકત સાહેદ કે જે ફરીયાદીના પતિ છે અને પોતાની જુબાનીમાં જણાવેલ છે કે ૨૦૧૮ માં આરોપી મનરેગામાં કામ આપવાનું કહેવા આવેલ, પોતે હા પાડેલ અને તેની પત્નીના નામનો ઓર્ડર લાવેલ. પોતે પણ મજુર તરીકે કામે જતા હોવાનું, બંનેને તાલુકા પંચાયત લઈ જતા હોવાનુ, મસ્ટર લખાવવા બંનેને ઘરે બોલાવતા હોવાનું અને એક વાર બંનેને મેઘરજ લઇ ગયેલ અને તાલુકા પંચાયત પોતાને મોકલી ફરીયાદી તેની પત્નીને ગાડીમાં લઈ જઈ ધમકી આપેલ,મારઝુડ કરેલ,તેમજ કળશીયાવાળી નાળ પર કામ ચાલતુ હોય ત્યાં બંને ગયેલા,કોઈ હાજર ન હતુ, અને આરોપીએ તેને કાઢી મુકેલ અને બળજબરીથી ફરીયાદી સાથે બળાત્કાર કરેલ. ઉન્ડવા તરફ લઈ ગયેલ અને ત્યાં પણ બળાત્કાર કરેલ. નોકરી છોડી દીધેલ અને માઈ લાઈફ કંપનીની મીટિંગ ન હોવા છતાં ગાડી મા લઈ જઈ ફરીયાદી સાથે બળાત્કાર કરેલ. દિવાળી સમયે આવતા હતા ત્યારે રસ્તો રોકી ગાળો દીધેલ. ખેતરમાં ગયેલ અને શારીરિક સુખ માણવા માટે આરોપીએ માંગણી કરેલ અને ફરીયાદીએ બુમો પાડતા કુટુંબના માણસો આવી ગયેલાનુ જણાવેલ છે તેમજ પોતે ૧૨ ધોરણ ભણેલ હોવાનું અને આરોપીને કોઈ ફરીયાદીના પુરાવા આપેલ નહી હોવાનું, આરોપી સરકારી નોકર નહી હોવાનું, મેઢ તરીકેનો કોઈ ઓર્ડર રદ કરાવેલ નથી, અને રાજીનામું આપવાનું ફરીયાદીએ કયારેય કહેલ નથી. પોતે મનરેગામા મજુર તરીકે મજુરી કરતા હોવાનું, ૯ થી ૨ નો સમય હોવાનું, મજુરો ભેગા થતા હોવાનું, અઠવાડિયા મસ્ટર મળતુ હોવાનું, મેઢ હાજરી પુરતા હોવાનુ, અન્ય ગામના ૩-૪ માણસો પણ કલાર્ક તરીકે ફરીયાદી સાથે કામ કરતા હોવાનું, ૨૦૧૮ થી હાલની ફરીયાદ કરી ત્યા સુધી

અન્ય કોઈ ફરીયાદ નહી કરેલ હોવાનું, અને ફરીયાદ આપતા પહેલા ગામના લોકો સમાધાન માટે ભેગા થયેલા. પોતે પણ માઇ લાઇફ કંપનીમાં જોડાયેલા હોવાનું, તેમના કુટુંબના સભ્યો પણ સભ્ય હોવાનુ, આરોપી પણ સભ્ય હોવાનું, સંમતિપત્રકમાં ફરીયાદીનો પણ ફોટો હોવાનું, ફરીયાદી સખી મંડળના પ્રમુખ હોવાનું, આરોપીએ બે વાર પૈસા આપેલ હોવાનું, તેમજ તા.૧૯/૫/૨૦૨૦ તથા તા.૩/૩/૨૦૨૦ તથા તા.૧૫/૧૧/૨૦૨૦ અંગેની કોઇ પોલીસ ફરીયાદ નહી કરેલ હોવાનુ અને તા.૧૫/૧૧/૨૦૨૦ ની ફરીયાદીએ કોઈ વાત નહી કરેલ હોવાનું સ્વીકારેલ છે. પોતે બનાવ નજરે નહી જોયેલ હોવાનું સ્વીકારેલ છે.

**(૧૪) <u>મેડીકલ પુરાવો :-</u>**

ફરીયાદપક્ષે **આંક-પર** થી **તબીબી સાહેદ ડો.પી.જે.પ્રજાપતિ** ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું તારીખ – ૦૮/૦૪/૨૦૨૧ ના રોજ સીએચસી, મેઘરજ ખાતે મેડિકલ ઓફિસર તરીકે મારી ફરજ ઉપર હાજર હતી ત્યારે આરોપી: રત્નાભાઈ જેમાભાઈ ડામોરને સાંજના ०६:०० વાગ્યે પોલીસ યાદી સાથે પોલીસ કોન્સ્ટેબલ સતીષભાઈ, બકલ નંબર – ૨૪૩ શારીરિક તપાસ માટે લઈને આવેલા. આ આરોપી મારી પાસે લાવવામાં આવ્યા ત્યારે તેમનો કેસ અમારી હોસ્પિટલમાં કાઢવામાં આવેલો. આરોપીની શારીરિક તપાસ માટે તેમની લેખિત સંમતિ કેસ પેપરમાં લીધેલી. આરોપીએ મારી રૂબરૂ હિસ્ટ્રી લખાવેલ છે કે: "૨૦૧૮ માં મનરેગા યોજના કાલીયાકુવા ગામ ખાતે ચાલતી હતી ત્યાં ભોગ બનનાર તથા તેમનું ફેમિલી અને હું ત્યાં કામે આવતા હતા. તેમને ઘરની જરૂરિયાત માટે પૈસાની

જરૂર હોવાથી મેં તેમને આશરે સાત લાખ રૂપિયા છૂટક છૂટક કેશ આપ્યા હતા. એપ્રિલ–૨૦૨૦ માં મેં તેમની પાસે ઉઘરાણી કરી તો તેમણે મારી સાથે ઝઘડા કર્યા અને મને ધમકી આપી કે પૈસા માંગશો તો જાનથી મારી નાખીશ તથા બળાત્કારના ગુનામાં નાખી દઈશ એવી રીતે મને વારંવાર ધમકી આપી. પછી ઓગસ્ટ – ૨૦૨૦ માં ભોગબનનાર તેમના પતિ અને ત્રણ બાળકો સાથે મજૂરી કામે અમદાવાદ જતા રહ્યા અને ત્યાં રહી મને જાનથી મારી નાખવા માટે ભાડેથી માણસો લઈ મારા ઘરે કાલીયાકુવા આવ્યા, જેની જાણ મને થતાં મેં પોલીસ સ્ટેશને અરજી આપેલી. મારી પૈસાની લેવડદેવડ હોય પૈસા માંગતા મને જાનથી મારી નાખવાની ધમકી આપી. ત્યારબાદ આ લોકો અમદાવાદથી દિવાળીના સમયે ઘરે આવ્યા હતા તે સમયે ફરીથી મારા સાથે ઝઘડો થયેલ. ઝઘડો કરેલ હોય અમે ગામના આગેવાનો સાથે વાતચીત કરાવેલી. પછી પૈસા બાબતે કોઈ વળતો જવાબ આપેલ ન હોય વકીલ દ્વારા નોટીસ કાઢવામાં આવી પરંતુ આ નોટીસ તેમના કુટુંબવાળાએ ન સ્વીકારી. ફરીથી મારા ઉપર તેમના કુટુંબીજનોએ જાનથી મારવા હુમલો કરી મારી ગાડીના કાચ તોડી નુકસાન કર્યું. પછી ફરીથી પંચ ભેગા કરી ભોગ બનનારને ગામ સમક્ષ નાણાંની લેવડદેવડ નોટીસ ફટકારી જે રૂપિયા ૬,૮૧,૫૫૦/– ની નોટીસ વાંચી સંભળાવી તેઓએ કબૂલ કરી, પછી સમાધાન કાગળો લખવાનો બાકી હતો અને ભોગ બનનાર તથા વિક્રમભાઈ અમદાવાદ જતા રહ્યા. પછી તા. ૨૯/૧૨/૨૦૨૦ ના રોજ મને ભોગ બનનાર અને ભાથીભાઈ હજુરભાઈ ડામોર ગામ ડચકા બંનેનો ટેલિફોનથી વાતો કરતો વિડીયો ક્લીપ મળી, તેમાં ભોગ બનનાર ભાથીભાઈને કહે છે 'આજે હું

મેઘરજ જાઉં છું તો આજે પેલાનું કામ પૂરું કરી દેજે.' ભાથીભાઈ કહે છે કે 'તું ટેન્શન કર્યા વગર જા તેને તો હું આજે પૂરો કરી દઈશ. આજનો જશે તો કાલનો ન જવા દઉં, કાલનો જશે તો પરમનો નઈ જવા દઉં.' ભોગ બનનાર કહે 'ગાંડા તને આજે મોકો મળે તો ઉઠાવી લે.' તે ભાથીભાઈ કહે 'આજે મારાથી થાય તેમ નથી, મારી પાસે પૈસા નથી.' ભોગ બનનાર કહે 'પૈસા હું આપું પણ આજે પૂરો કરી દે.' અને પછી ભરતભાઈ કહે 'હું એકલો છું તો આજે મારાથી નહીં થાય' તો ભોગ બનનાર કહે 'બે માણસો બીજા આપું તો દૂર લઈ જઈ પૂરો કરી દે.' પછી 'અમારી પાસે પૈસા ન માંગો અને ફરિયાદ નહીં કરું' એવી મને તેમણે સૂચના આપી, જેથી અમે તેની ફરિયાદ કરી." આ આરોપીને મેં તે જ દિવસે તપાસેલા. આરોપીને ડાબા હાથની છેલ્લી આંગળીમાં કાળો તલ હતો. તેમને તપાસતા શરીર પર તથા ગુપ્ત ભાગ પર કોઈ ઈજા જણાયેલ નહીં. તેમનો બાંધો સામાન્ય હતો. બી.પી. અને નાડીના ધબકારા સામાન્ય હતા. આરોપીના પ્યુબિક હેર, ઓક્ઝીલરી હેર, લાળ, નખ, લોહી, વીર્ય, ગ્લાન્સ વોશના નમૂના લીધેલા. જે નમૂના પત્ર સાથે એફ.એસ.એલ.ને મોકલી આપવા માટે પોલીસ કોન્સ્ટેબલને સોંપી આપેલા. આરોપીને તપાસીને સર્ટિફિકેટ આપેલું. મારા અભિપ્રાય મુજબ આરોપી શારીરિક સંભોગ કરવા માટે સક્ષમ હતો.**ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી વિદ્વાન વકીલશ્રી જે.જી.પ્રજાપતિ.** એ વાત ખરી છે કે આરોપીને મારી સમક્ષ તપાસણી માટે લાવ્યા ત્યારે તે કસ્ટડીમાં હતો અને તેની સાથે પોલીસ કોન્સ્ટેબલ હાજર હતો. એ વાત ખરી છે કે મને આપેલ પોલીસ યાદીમાં ગુનાનું ટૂંકું વર્ણન હતું. એ વાત ખરી છે કે આરોપીના નમૂના લેવા માટે મેં સ્ટાફની મદદ લીધેલી.

ઉપરોકત સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ આરોપીને તપાસેલા અને હિસ્ટ્રીમા જણાવેલ કે ૨૦૧૮ માં મનરેગા યોજના ચાલતી હતી તેમા ભોગબનનારને અને તેના કુટુબીઓ કામે આવતા તેમને પૈસાની જરુરીયાત હોવાથી ૭ લાખ રૂપિયા છુટક છુટક આપેલા તેમને પૈસાની માંગણી કરતા ધમકી આપેલ અને કેસ કરવાનું કહેતા, ફરીયાદી સાથે તેના ૩ બાળકો પણ મજુરીએ આવતા હતા, નોટીસ લેણી રકમ માટે આપેલ, નમુના લીધેલ વગેરે હકીકતો જણાવેલ છે.

ફરીયાદપક્ષે **આંક–૫૭** થી **તબીબી સાહેદ ડો.પી.બી.રાઠોડ** ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, હું તારીખ – ૨૭/૦૧/૨૦૨૧ ના રોજ સીએચસી, મેઘરજ ખાતે મેડિકલ ઓફિસર તરીકે મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે ભોગ બનનારને પોલીસ યાદી સાથે લેડીઝ કોન્સ્ટેબલ જાગૃતિબેન, બકલ નંબર – ૫૨૭ શારીરિક તપાસ માટે સાંજના ૦૮:૧૦ વાગ્યે પોલીસ યાદી સાથે આવેલા. આ ભોગ બનનારને તપાસ માટે લાવ્યા ત્યારે તેમનો કેસ પેપર કાઢવામાં આવેલો જે કેસ પેપરમાં ભોગ બનનારની શારીરિક તપાસ કરવા માટે લેખિત સંમતિ લેવામાં આવેલી. ભોગ બનનારને પૂછતાં તેણે મારી રૂબરૂ હિસ્ટ્રી લખાવેલી કે: "હું ભોગ બનનાર જણાવું છું કે આરોપી બે વર્ષ પહેલાં ૨૦૧૮માં નરેગા અંતર્ગત મારા પતિને કામ આપવાની વાત કરી અને દસ દિવસ મારા નામનો કામનો ઓર્ડર લઈ આવ્યા અને બીજા દિવસથી સાઈટ પર કામે આવવાનું કહ્યું. બીજા દિવસે સવારે છ વાગ્યે તે ગાડી લઈ મારા ઘરે આવ્યા અને મને ડુંગરવાળી સાઈટ પર ૦૬:૩૦ વાગ્યે લઈ ગયા અને મારી સાથે મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ

રાખ્યા અને ત્યારબાદ મને ત્યાં બેસાડી રાખી અને 'અહીંયા જ રહે, જો અહીંથી જઈશ તો મારી નાખીશ' એમ ધમકી આપી ચપ્પુ બતાવ્યું અને આરોપી પોતે ત્યાંથી જતા રહ્યા અને થોડી થોડી વારે તે આવીને જોયા કરતા. પછી બપોરે બે વાગ્યાની આસપાસ ગાડીમાં આજુબાજુના સૂમસામ વિસ્તારમાં લઈ ગયા અને મને ચપ્પુ બતાવીને મારી નાખવાની ધમકી આપી ગાડીમાં મારી સાથે મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ રાખ્યા અને મેં બૂમો પાડતા મારું મોઢું દબાવી દીધું. પછી ચાર વાગ્યાની આસપાસ મને ઘરે મૂકી ગયા. પછી હું કામે જતી ત્યારે સાઈટ પર મને 'તે કોઈને કહીશ તો મારી નાખીશ' તેવી ધમકી આપતા. તેમજ અવારનવાર મારા ઘરે આવી મને અને મારા ઘરવાળાને મારી નાખવાની ધમકી આપતા. પછી એક વાર ગાંધીનગર મીટિંગના બહાને સવારે મને ઘરેથી લઈ ગયા અને ગાડીમાં મારી મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ રાખ્યા અને ફરી ધમકી આપી. ત્યારબાદ બીજા દિવસે સવારે મને ઘરેથી સાઈટ પર લઈ ગયા અને ત્યાંથી મેઘરજ જવાના બહાને રોલેશ્વર લઈ ગયા અને મારી સાથે મારકુટ કરી ધમકી આપી. પછી થોડા દિવસ હું કામે ગઈ અને બંધ કરી દીધું. લોકડાઉનના સમયમાં હું પાણી ભરતી હતી પંપ પર, ત્યાં આવીને મને પકડવાની કોશિશ કરી અને મેં બૂમો પાડતા મારા સગા અને આજુબાજુના લોકોએ આવીને મને બચાવી અને લોકડાઉન ખુલતા અમે અમદાવાદ રહેવા જતા રહ્યા. તે અવારનવાર અમારા કાલીયાકુવા ખાતેના ઘરે આવી ધમકી પણ આપતો. પછી અમે ચાર-પાંચ દિવસ પહેલાં અમદાવાદથી હું અને મારા પતિ કાલીયાકુવા આવ્યા અને મેઘરજ પોલીસ સ્ટેશન ગયા." આ ભોગ બનનારને તપાસતા જમણા હાથના આગળના ભાગે

અંગ્રેજીમાં "S.V." નું ટેટૂ હતું. ભોગ બનનારની માસિકની છેલ્લી તારીખ તા. ૧૦/૦૧/૨૦૨૧ ના રોજ આવેલું. આ ભોગ બનનાર સંપૂર્ણ સભાન અવસ્થામાં હતા અને તપાસમાં સહયોગ આપતા હતા. આ ભોગ બનનારના ગુપ્ત ભાગ પર નિશાન ન હતા. આ ભોગ બનનારના લોહી, નખ, લાળ, યુરેથ્રલ સ્વેબ તથા સ્લાઈડ, પ્યુબિક હેર , ઓક્ઝીલરી હેર, વજાઈનલ સ્વેબ , સર્વાઈકલ સ્વેબ તથા સ્લાઈડ એન્ટીરિયર અને પોસ્ટિરિયર વગેરેના નમૂના મેં લીધેલા. આ નમૂના પત્ર સાથે એફ.એસ.એલ.માં મોકલી આપવા માટે કોન્સ્ટેબલને સોંપી આપેલા. આ ભોગ બનનારને તપાસીને મેં સર્ટિફિકેટ આપેલું. ભોગ બનનારને મેં વધુ તપાસ માટે સાર્વજનિક હોસ્પિટલ, મોડાસા ખાતે ગાયનેક એક્સપર્ટ માટે રીફર કરેલા. **ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી ધારાશાસ્ત્રીશ્રી જે.જી.પ્રજાપતિ.** એ વાત ખરી છે કે ભોગ બનનાર પરિણીત અને ત્રણ બાળકોની માતા હતી. એ વાત ખરી છે કે બળાત્કારના કેસમાં શરીર પર ઈજાઓ થઈ શકે. મને યાદ નથી કે ભોગ બનનાર મારી સમક્ષ આવેલી ત્યારે તેની સાથે તેના પતિ તથા કુટુંબના માણસો સાથે આવેલા કે કેમ? એ વાત ખરી છે કે નમૂના લીધા ત્યારે મારા સ્ટાફના માણસો સાથે હાજર હતા. એ વાત ખરી નથી કે નમૂના લેડીઝ નર્સે લીધેલા. મેં રીફર નોટ રજૂ કરેલ નથી પરંતુ આજ રોજ મારી સાથે રીફર નોટની ઝેરોક્ષ સાથે લાવેલ છું.એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું.

ઉપરોકત સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ ભોગબનનારને તપાસેલા અને હિસ્ટ્રીમા જણાવેલ કે ૨૦૧૮માં મનરેગા ના કામમાં તેણીના પતિને કામ આપવાનું આરોપીએ કહેલ અને ઘરે આવી

તેણીને લઈ જઈ શારીરિક સંબંધ બાંધેલ, ધમકી આપેલ , અન્ય જગ્યાએ લઈ ગયેલ વગેરે હકીકતો જણાવેલ અને જરુરી નમુના લીધેલાનુ જણાવેલ છે તેમજ ભોગબનનાર ૩ બાળકોની માતા હોવાનુ તેણીને કોઈ ઈજા જણાયેલ નહી,વગેરે હકીકત જણાવેલ છે.

**(૧૫) પંચ સાહેદની જુબાની :-**

ફરીયાદપક્ષે **આંક-૩૩** થી શ્રી **કેશાજી કોદરજી ડામોર**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, મને પોલીસે આશરે ત્રણ વર્ષ પહેલાં કાલીયાકુવા ગામની સીમમાં કળશિયાવાળી નાળ તરીકે ઓળખાતી પડતર જગ્યાએ બોલાવેલો. મારી સાથે બીજા પંચ તરીકે ધુળાજી લાલાજી ડામોર હતા. આ જગ્યાએ પોલીસના માણસો તથા ફરિયાદી ભોગ બનનાર બહેન હાજર હતા. ફરિયાદીએ બનાવવાળી જગ્યા બતાવેલી. આ બનાવવાળી જગ્યા કળશિયાવાળી નાળ તરીકે ઓળખાય છે. આ જમીન ઢાળવાળી હતી અને નીચે કાંકરા હતા. આ જમીનની પૂર્વ દિશાએ ઝાડવા તથા વાડ આવેલી હતી અને ત્યાં ઢાળવાળી જમીન હતી અને અમુક અમુક જગ્યાએ ત્યાં વૃક્ષો ઉગેલા હતા અને આ જગ્યાની પશ્ચિમે, ઉત્તરે તથા દક્ષિણે ઢાળવાળી જમીન હતી અને તેમાં અમુક અમુક જગ્યાએ ઝાડ ઉગેલા હતા તેમજ અમુક અમુક જગ્યાએ લંબચોરસ ચોકડી એન.આર.જી.ની ખોદેલી હતી. આ જગ્યાની આજુબાજુ કોઈ મકાનો ન હતા અને તેમજ કોઈની અવર-જવર જણાતી ન હતી. આ જગ્યાની પશ્ચિમ દિશાએ લાઈટનું કનેક્શન ઉત્તર - દક્ષિણની લાઈન પસાર થતી હતી. આ જગ્યાનું પંચનામું અમારા બંને પંચોની હાજરીમાં કરેલું અને તેમાં પોલીસે પંચનામામાં અમારા બંને પંચોની

સહી કરાવેલી. **ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી જે.જી.પ્રજાપતિ.** મારે બે દીકરા છે. મારા મોટા દીકરાનું નામ દશરથભાઈ છે અને તેને બે દીકરા અને એક દીકરી છે. દશરથભાઈના કોઈ સંતાનના લગ્ન કરેલા નથી. એ વાત ખરી છે કે વીરાભાઈ કાલીચાકુવા ગામની આશ્રમશાળામાં નોકરી કરતા હતા અને તે નિવૃત થયેલા છે. હું વીરાભાઈથી પાંચેક વર્ષ નાનો છું. એ વાત ખરી છે કે પંચ નં. ૨ ના તેઓ વીરાભાઈ કરતાં મોટા છે. એ વાત ખરી છે કે વીરાભાઈ મારા તથા પંચ નં. ૨ ના કુટુંબી થાય છે. એ વાત ખરી છે કે વીરાભાઈ તથા મારા તથા પંચ નં. ૨ ના પરિવારજનો નરેગા યોજનામાં કામે જતા હતા અને ગામમાં જ્યાં કામ ચાલતું હોય ત્યાં જવાનું હોય. એ વાત ખરી છે કે એન.આર.જી.ના લગભગ ચાર–પાંચ કારકુન (મેઢ) છે. એ વાત ખરી છે કે નરેગા યોજનામાં જેટલું કામ કરીએ તેની મજૂરી સીધી બેંક ખાતામાં જમા થાય છે. એ વાત ખરી છે કે આ કામના ફરિયાદી પણ નરેગા યોજનામાં કારકુન (મેઢ) તરીકે કામ કરતા હતા. એ વાત ખરી છે કે આરોપી રત્નાભાઈ ગામના માજી સરપંચ છે. એ વાત ખરી છે કે ગામના વિકાસનું કામ આરોપી શોધી લાવતા હતા. એ વાત ખરી છે કે જો નરેગા યોજનાનું કામ બંધ થઈ ગયેલું હોય તો આરોપી તેને ચાલુ કરાવી લાવતા હતા. એ વાત ખરી છે કે કાલીચાકુવા ગામ વિસ્તારમાં વરસાદ પડે ત્યારે ખેતી પાકે છે અને ઉનાળામાં ખેતી થતી નથી. એ વાત ખરી છે કે જો નરેગા યોજનામાં મજૂરી મળે તો ગામવાળાઓનું જીવન ચાલે.એ વાત ખરી છે કે આરોપી અને વીરાભાઈના પરિવાર વચ્ચે ઉછીના પૈસા બાબતે ઝઘડો ચાલતો હતો. એ વાત ખરી છે કે આરોપીએ વીરાભાઈના પરિવાર ઉપર પોલીસ

સ્ટેશનમાં બે–ત્રણ અરજીઓ કરેલી. એ વાત ખરી છે કે આરોપીએ ઉઘરાણીના પૈસાની નોટીસ પણ વકીલ દ્વારા આપેલી. એ વાત ખરી છે કે આ ઝઘડાના કારણે સમાજ ભેગો થયેલો. એ વાત ખરી છે કે ગામમાં નિકાલ ન આવ્યો તેથી પોલીસ સ્ટેશને પણ ભેગા થયેલા અને પોલીસ સ્ટેશનના સાહેબે પૈસાની લેવડદેવડ બાબત હોય ઘરમેળે સમાધાન કરવા સમજાવેલું. વીરાભાઈના કુટુંબી ભાઈનું નામ મનીષભાઈ નાનાભાઈ ડામોર છે અને તેમના એક ભાઈ પોલીસ ખાતામાં જમાદાર છે. એ વાત ખરી છે કે આ જમાદાર પણ સમાધાન કરવા માટે ભેગા થયેલ પંચમાં આવેલા હતા. એ વાત ખરી છે કે લેવડદેવડનો એક પણ રૂપિયો આરોપીને આપીએ નહીં તે રીતે સમાધાનની વાતચીત કરી આરોપીને દબાવતા હતા અને એમ પણ કહેતા હતા કે આ બધું ભૂલી જા નહીં તો તને કેસ કરીને પુરાવી દઈશું. એ વાત ખરી છે કે આ બેઠકમાં ગામ લેવલે કાગળ લખવાનું નક્કી થયેલું. એ વાત ખરી છે કે વીરાભાઈના ઘરના લોકો આ બેઠકમાં કાગળ લખવા બેઠેલા નહીં. એ વાત ખરી છે કે ફરિયાદી અને તેના પતિ મજૂરી માટે અમદાવાદ જતા રહેલા અને પંદરેક દિવસ બાદ પરત આવેલા અને પરત આવીને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. એ વાત ખરી છે કે આ ફરિયાદ આપી તેના બે–ત્રણ દિવસ અગાઉ પણ અમે બધા ભેગા થઈને પોલીસ સ્ટેશને ગયેલા. એ વાત ખરી છે કે પોલીસ સ્ટેશનમાં મને પોલીસના સાહેબ ધાબા પર લઈ ગયેલા. એ વાત ખરી નથી કે ધાબા પર લઈ જઈને મારી સહી કરાવેલી. એ વાત ખરી છે કે ફરિયાદ થયા બાદ પણ બે થી ત્રણ વખત પંચ બેઠેલું. એ વાત ખરી છે કે ફરિયાદ પક્ષના માણસોએ રત્નાભાઈ પાસેથી ઉછીના પૈસા લીધા હોવાની વાત

કરેલી. એ વાત ખરી છે કે પંચના માણસોએ ફરિયાદ પક્ષના લોકોને કહેલ કે ઉછીના લીધેલા પૈસા પૂરા નહીં આપો તો થોડા ઘણા પણ પાછા આપો પરંતુ વીરાભાઈ કે તેમનો પરિવાર માનેલો નહીં. એ વાત ખરી છે કે હાલની ફરિયાદ થઈ તે કામે પોલીસવાળા વીરાભાઈના ઘર આગળ આંટા મારતા હતા તેથી વીરાભાઈએ મને બોલાવેલો. એ વાત ખરી છે કે વીરાભાઈના ઘરે પોલીસવાળા બેઠા હતા ત્યાં મેં સહી કરેલી. સાહેદ જણાવે છે કે પંચનામાવાળી સહી મેં સ્થળ પર જઈને કરેલી. એ વાત ખરી છે કે આ ફરિયાદ થઈ તે પહેલાં આરોપી રત્નાભાઈએ ફરિયાદ પક્ષ વિરૂદ્ધ બે ફરિયાદ કરેલી છે. એ વાત ખરી છે કે આ ફરિયાદો પૈસાની લેવડદેવડની બોલાચાલીમાં જ થયેલી. એ વાત ખરી છે કે આ ફરિયાદ ફાટ્યા પછી પણ બે–ત્રણ ફરિયાદો થયેલી છે. એ વાત ખરી છે કે કળશિયાવાળી નાળવાળી જગ્યાએ હું પહેલાં પણ ગયેલો છું તેથી પરિચિત છું. એ વાત ખરી છે કે અમારા ગામમાં પેટા પરા આવેલા છે તેમાં એક સામીતેડ અને બીજું ધોળા ખાખરા છે. એ વાત ખરી છે કે મેં લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય બીજું કશું જાણતો નથી. સાહેદ જણાવે છે કે પંચનામું લખેલુ પછી મેં સહી કરેલી. એ વાત ખરી છે કે હું બોલતો હોઉં અને પોલીસ લખતી હોય તેવું બનેલ નહીં. એ વાત ખરી છે કે વીરાભાઈ મારા કુટુંબી થતા હોય તેમને સમર્થન આપવા સોગંદ પર ખોટી જુબાની આપું છું.

ઉપરોકત પંચ જે બનાવવાળી જગ્યા ફરીયાદીએ બતાવેલ તેના પંચ છે અને તેઓની જુબાનીમાં વીરાભાઈ સગા થતા હોવાનું અને નરેગા યોજનામાં તેના કુટુંબના લોકો કામે જતા હોવાનું, ફરીયાદી પણ કારકુન તરીકે

કામ કરતા હોવાનું, રકમ સીધી બેંકમાં જમા થતી હોવાનું, આરોપી માજી સરપંચ હોવાનું અને ગામના વિકાસનું કામ લઈ આવતા, યોજના ફરી ચાલુ કરાવતા, રોજગારી મળી રહે તેવા પ્રયત્ન કરતા, એ વાત ખરી છે કે આરોપી અને વીરાભાઇ ના પરીવાર વચ્ચે ઉછીના પૈસા બાબતે ઝગડો ચાલતો હતો અને આરોપીએ ૨–૩ અરજીઓ ફરીયાદીના પરીવાર પર કરેલી, ઉઘરાણી માટે નોટીસ મોકલેલ, સમાજ ભેગો થયેલો અને પોલીસે ઘરમેળે સમાધાન માટે સમજાવેલું, તેમજ લેવડદેવડ નો એકપણ રૂપીયો આરોપીને આપે નહી તે રીતે સમાધાન વાતચીત ફરીયાદી કરી આરોપીને દબાવતા, બધુ ભુલી જાવ તેવું આરોપીને કહેતા, દબાવતા, ગામ લેવલે કાગળ લખવાનું કહેતા ફરીયાદીના ઘરના કોઈ બેઠકમાં હાજર રહેતા નહી, ફરીયાદના ૨–૩ દિવસ પહેલા પણ પોલીસ સ્ટેશને ગયેલા, ૨–૩ વખત પંચ બેઠેલ, તેમજ પંચે પણ આરોપીના પૈસા પુરા નહી તો થોડા ઘણા આપવા માટે જણાવેલ પરંતુ ફરીયાદી માનેલ નહી. આરોપીએ પણ સામી ફરીયાદ અગાઉ કરેલ હોવાનું, પૈસાની લેવડદેવડ બાબતે થયેલી, લખેલા કાગળમાં સહી કરેલ તે સીવાય કાઈ કરેલ નહી વગેરે હકીકતો જણાવેલ છે.

ફરીયાદપક્ષે **આંક–૩૫** થી શ્રી **મનિષકુમાર નાનાભાઈ ડામોર**ને તપાસવામાં આવેલા છે. તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે કે, મને તારીખ – ૨૮/૦૧/૨૦૨૧ ના રોજ પોલીસે મેઘરજ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ હતા. મારી સાથે બીજા પંચ તરીકે મારા ભાભી શારદાબેન વીરાભાઈનાઓને પણ બોલાવેલા હતા. અમે પોલીસ સ્ટેશનમાં ગયા ત્યારે અમારા ભત્રીજા વહુ ભોગ બનનાર હાજર હતા. આ ભોગ બનનારે તેમના કપડાં રજૂ કરેલા, જેમાં

પીળા કલરની સાડી, લાલ કલરનો ચણીયો તથા કેસરી જેવા કલરનું બ્લાઉઝ રજૂ કરેલ અને ભોગ બનનારે જણાવેલ કે આરોપી વિરૂદ્ધ તેણે બળાત્કાર અંગે ફરિયાદ કરેલ છે તેના કપડાં રજૂ કરે છે. પોલીસે આ કપડાં અમારા બંને પંચોની હાજરીમાં કબજે લીધેલા અને તેમાં અમારા બંને પંચોની સહીવાળી કાપલી મૂકી સીલ કરેલ અને તે અંગેનું પંચનામું કરેલું. બનાવ સંબંધે પોલીસે સાહેદ તરીકે મારો જવાબ તારીખ – ૩૦/૦૧/૨૦૨૧ ના રોજ લીધેલો. બનાવમાં ભોગ બનનાર અમારા ભત્રીજા વહુને આ કામનો આરોપી રત્નાભાઈ જેમાભાઈ બે–ત્રણ વખત અલગ–અલગ જગ્યાએ લઈ જઈને બળજબરીથી બળાત્કાર કરેલો, જે અમારા ભત્રીજા વહુએ પહેલાં અમને જણાવેલ નહીં. આ બનાવ પહેલાં સને – ૨૦૧૮ માં બનેલો, તે વખતે ભોગ બનનાર નરેગાના મસ્ટર કારકુન તરીકે કામ કરતા હતા તે વખતે આરોપીએ ભોગ બનનારને વહેલી સવારે કળશિયાવાળી નાળ તરીકે ઓળખાતી જગ્યાએ બોલાવેલી અને ભોગ બનનાર ત્યાં ગયેલી ત્યારે કોઈ મજૂર હાજર ન હતા ત્યારે આરોપીએ ભોગ બનનાર સાથે બળાત્કાર ગુજારેલો અને ભોગ બનનારને ધમકી આપેલી કે જો બનાવ અંગે કોઈને જણાવશે તો તેણીને તથા તેના પતિને જાનથી મારી નાખશે. ત્યારબાદ આરોપી ભોગ બનનારને પોતાની કારમાં ઊંડવા તરફ લઈ ગયેલા અને ત્યાં પણ પોતાની કારમાં આરોપીએ ભોગ બનનાર સાથે ખોટું કામ કરેલું. ત્યારબાદ બીજી વખત ગાંધીનગર ખાતે માય લાઈફ કંપનીની મીટિંગ છે તેવું જણાવીને આરોપી ભોગ બનનારને ગાંધીનગર લઈ ગયેલા અને ગાંધીનગરમાં કોઈ મીટિંગ હતી નહીં અને આરોપી ભોગ બનનારને છેતરીને લઈ ગયેલો અને ગાડીમાં તેની સાથે બળાત્કાર ગુજારેલો અને બનાવ અંગે

કોઈને જણાવવું નહીં તેમ ભોગ બનનારને કહેલું. ત્યારબાદ થોડા દિવસ બાદ ભોગ બનનારે પોતાના પતિ, સાસુ, સસરાને આરોપીએ તેની સાથે અવારનવાર બળાત્કાર ગુજારેલો તેની વાત કરેલી. ત્યારબાદ આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવેલી અને તે સંબંધે પોલીસે મારો જવાબ લીધેલો. આ કામના આરોપીને હું ઓળખું છું જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. આ કામના આરોપી વિરૂદ્ધ આજથી પાંચેક વર્ષ પહેલાં લાખાપુર ગામની સ્ત્રી સાથે બળાત્કાર ગુજારેલો તેની ફરિયાદ આરોપી સામે થયેલી.**ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી જે.જી.પ્રજાપતિ.** એ વાત ખરી છે કે ભોગ બનનાર મારા ભત્રીજાની વહુ છે. એ વાત ખરી છે કે પંચ નં. ૨ શારદાબેન ભોગ બનનારના સાસુ છે. એ વાત ખરી છે કે ફરિયાદ આપી ત્યારે હું, વીરાભાઈ વગેરે ભોગ બનનાર સાથે ગયેલા. એ વાતની મને ખબર નથી કે બે દિવસ પોલીસે અમને બધાને પાછા કાઢેલા અને 'સમાધાન થતું હોય તો ચર્ચા કરી લો' તેમ જણાવેલું. એ વાત ખરી છે કે મારા મોટા ભાઈ પોલીસમાં નોકરી કરે છે. એ વાત ખરી છે કે વીરાભાઈ કાલીયાકુવા આશ્રમ શાળામાં નોકરી કરતા હતા અને રીટાયર્ડ થયેલા છે. એ વાત ખરી છે કે નરેગા યોજનામાં અમારા ગામમાં ચાર થી પાંચ કારકુન છે. એ વાત ખરી છે કે નરેગા યોજનામાં જે લોકો કામે જાય તો તેમનો પગાર સીધો બેંક એકાઉન્ટમાં જમા થાય છે. એ વાતની મને ખબર નથી કે રત્નાભાઈ માજી સરપંચ હોવાથી ગામના વિકાસ માટે જુદી જુદી યોજનાના કામો ગામમાં લાવે છે. એ વાત ખરી છે કે નરેગા યોજનાનું મસ્ટર અઠવાડિયામાં એક વખત આવે છે. એ વાત ખરી છે કે હું પણ નરેગા યોજનામાં મજૂર તરીકે જતો હતો. એ વાત ખરી છે કે નરેગા

યોજનામાં વીરાભાઈ, શારદાબેન, જશવંતસિંહ તથા વિક્રમભાઈ આવતા હતા. એ વાત ખરી છે કે કાલીયાકુવા વિસ્તારમાં ચોમાસામાં ખેતી થાય છે, ઉનાળામાં ખેતી થતી નથી. એ વાત ખરી છે કે મનરેગા યોજનામાં કામ ચાલતા હોય તો ગામના લોકોને રોજીરોટી મળી રહે છે. એ વાતની મને ખબર નથી કે હાલની ફરિયાદ દાખલ થઈ ત્યારે આરોપીએ વીરાભાઈ, શારદાબેન, જશવંતસિંહ તથા વિક્રમભાઈ તથા ભોગ બનનારનાઓને હાથઉછીના પૈસાની ઉઘરાણી બાબતે નોટીસ આપેલી. એ વાતની મને ખબર નથી કે આ નોટીસ બાબતે ગામના પંચો ભેગા થયેલા. એ વાતની મને ખબર નથી કે પંચો ભેગા થયા તેમાં હું તથા અન્ય આગેવાનો હતા. એ વાતની મને ખબર નથી કે સમાધાન ન થતાં આ કેસના આરોપીએ વીરાભાઈ, શારદાબેન, જશવંતસિંહ તથા વિક્રમભાઈ વગેરેનાઓ સામે મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરેલી. એ વાત ખરી નથી કે જે કામે હું વીરાભાઈ અને તેમના પરિવારજનોના જામીન થવા માટે મામલતદાર કચેરીમાં ગયેલો. એ વાત ખરી છે કે નાણાકીય લેવડદેવડ બાબતે ત્રણ થી ચાર વખત ઝઘડાઓ થયેલા અને આ રત્નાભાઈએ ત્રણ થી ચાર વખત ફરિયાદ થયેલી. સાહેદ જણાવે છે કે રત્નાભાઈએ નવ  વખત ફરિયાદ કરાવેલી. એ વાત ખરી છે કે હું ત્રણ થી ચાર વખત ચેપ્ટર કેસમાં જામીન થવા માટે ગયેલો છું. એ વાત ખરી છે કે એક ફરિયાદમાં આરોપી તરીકે મારું પણ નામ છે અને તેનો ક્રિમિનલ કેસ મેઘરજ કોર્ટમાં પેન્ડિંગ છે. એ વાત ખરી નથી કે પોલીસે મારો જવાબ લીધો હોવાનું ખોટું જણાવું છું. એ વાત ખરી નથી કે અમે ફરિયાદ કરવા માટે ગયા ત્યારે પોલીસે અમને એવું જણાવેલ કે 'તમે બીજા દિવસે કપડાં લઈને આવજો'. એ

વાત ખરી છે કે અમે ભોગ બનનારના કપડાં લઈને તેમની સાથે તા. ૩૦/૦૧/૨૦૨૧ ના રોજ ગયેલા. એ વાત ખરી છે કે પોલીસે ભોગ બનનારના કપડાં મંગાવેલા હતા. એ વાત ખરી છે કે આજરોજ કપડાં મેં ઓળખી બતાવ્યા તે બનાવ પહેલાં પણ ભોગ બનનાર પહેરતા હતા તેવું મેં જોયેલું, તેથી ઓળખી બતાવેલ છે. એ વાત ખરી છે કે અગાઉ પણ હું ઘણા કેસમાં પંચ તરીકે તેમજ જામીન તરીકે ગયેલ છું. એ વાત ખરી છે કે કોર્ટમાં જુબાની આપવા માટે પણ ગયેલો છું. એ વાત ખરી છે કે પંચનામું થયેલ ત્યારે પણ હું, શારદાબેન, વીરાભાઈ તેમજ ગામના એક–બે આગેવાનો સાથે હતા. એ વાત ખરી છે કે પંચનામું થયેલ ત્યારે અમે મેઘરજ પોલીસ સ્ટેશનની બહાર ઝાડ નીચે બેઠેલા હતા. એ વાત ખરી છે કે ભોગ બનનાર તથા તેમના સાસુ શારદાબેન થેલીમાં કપડાં લઈને આવેલા અને મેઘરજ પોલીસ સ્ટેશનના પહેલા માળે ગયેલા. એ વાત ખરી નથી કે પંચનામું લખાઈ ગયા પછી અમને સહી કરવા બોલાવેલા. એ વાત ખરી છે કે ભોગ બનનાર મારી ભત્રીજા વહુ છે તેથી તેના સમર્થનમાં જવાબ આપવા માટે આજરોજ કોર્ટમાં આવેલ છું અને આજરોજ મારી સાથે વીરાભાઈ કોર્ટમાં આવેલા છે. એ વાત ખરી નથી કે પંચનામું મારી હાજરીમાં થયેલ ન હોવા છતાં સોગંદ પર ખોટી જુબાની આપું છું.

ઉપરોકત પંચ ફરીયાદીએ રજુ કરેલ કપડાંના પંચનામાના પંચ હોવાનું અને આરોપી વિરુદ્ધ અગાઉ બળાત્કારની ફરીયાદ થયેલ છે. ઉપરોકત પંચ ફરીયાદીના સગા હોવાનું,તેમના મોટાભાઇ પોલીસમાં નોકરી કરતા હોવાનું, નરેગા યોજનામા ગામના ૪–૫ માણસો કારકુન હોવાનું, તેમનો પગાર બેંકમા

જમા થતો હોવાનુ અને મજુરનું મસ્ટર અઠવાડિયે એક વાર આવતુ હોવાનુ, પોતે પણ આ યોજનામા મજુરી તરીકે જતા હોવાનુ, અન્ય માણસો પણ જતા હોવાનું, ગામના લોકોને રોજીરોટી મળતી હોવાનુ, આરોપીએ પૈસા બાબતે નોટીસ આપેલ, ૨–૩ વખત તે અંગે ફરીયાદી સાથે ઝગડા થયેલ, પોતે પણ ફરીયાદમાં આરોપી તરીકે હોવાનુ, અગાઉ પણ ઘણા કેસમાં પંચ તરીકે અને જામીન તરીકે રહેલ હોવાનું વગેરે હકીકતો જણાવેલ છે.

**(૧૬) ત.ક.અમલદારની જુબાની :—**

આ કામે ફરિયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામના **ત.ક.અમલદાર શ્રી જે.પી.ભરવાડને આંક–૬૨** થી કોર્ટ સમક્ષ સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાની માં જણાવે છે કે,"હું વર્ષ ૨૦૨૧ ના વર્ષમાં મેઘરજ પોલીસ સ્ટેશન ખાતે પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે આ કામના ફરિયાદીએ તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ મારી રૂબરૂ ફરિયાદ લખાવેલી અને તેની નીચે મેં રૂબરૂ તરીકે સહી કરેલી છે. અને ત્યાર બાદ સદર ગુનાનું સૂચિપત્ર મેં તૈયાર કરેલ. ત્યારબાદ આ ગુનાની તપાસ પીએસઓ તરફથી મને મળતા મેં તપાસ સંભાળી લીધેલ. આ કામે લગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું અને ત્યારબાદ ભોગબનનારની શરીરસ્થિતિનું પંચનામું બે પંચોની હાજરીમાં કરી તેણીએ બનાવ સમયે પહેરેલ કપડાં કબજે લીધેલા અને ભોગબનનારની મેડિકલ તપાસણી કરાવવા તજવીજ કરેલી. ભોગબનનારનું નિવેદન લેવા યાદી કરેલી.ત્યારબાદ મારી બદલી થતાં આગળની તપાસ પીઆઈ શ્રી એમ.ડી.પંચાલને સોંપી આપેલ."**ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી વિદ્વાન**

**ધારાશાસ્ત્રીશ્રી જે.જી.પ્રજાપતિ.**"એ વાત ખરી છે કે ભોગબનનાર ત્રણ બાળકોની માતા હતી. મને એ વાતની ખબર નથી કે ભોગબનનારનું લગ્ન જીવન ૧૪ વર્ષનું હતું કે કેમ. એ વાત ખરી છે કે મેં તાલુકા પંચાયતના કોઈ પણ અધિકારીનું નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે ભોગબનનારને મેઢ તરીકેની નોકરી બાબતનું ફોર્મ કે ઓર્ડર તપાસના કામે કબજે લીધેલ નથી. એ વાત ખરી છે કે મેં મનરેગા યોજના હેઠળ ભોગબનનારના હાથ નીચે કામ કરતા મજૂરોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે મેં મેઘરજ તાલુકાના રોલેશ્વરની જગ્યાનું કોઈ પંચનામું કરેલ નથી. એ વાત ખરી છે કે કળીચાવાળી નાળ તરીકે ઓળખાતી જગ્યા બાબતે રેવન્યુ અધિકારીનું કોઈ નિવેદન કે નકશો તપાસના કામે મેળવેલ નથી. એ વાત ખરી છે કે મેં મોડાસા કે ગાંધીનગર મુકામે ભોગબનનારને સાથે રાખી કોઈ પંચનામા કરેલ નથી.એ વાતની મને ખબર નથી કે ભોગબનનારના કપડાં કબજે કર્યાના પંચ મનીષભાઈ નાનાભાઈ ડામોર ભોગબનનારના કુટુંબી છે તથા બીજા પંચ શારદાબેન હીરાભાઈ ડામોર ભોગબનનારના સાસુ છે કે કેમ. એ વાત ખરી નથી કે મેં કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે મેં ગુનાવાળી જગ્યાની કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલ નથી. એ વાતની મને ખબર નથી કે હાલની ફરિયાદ દાખલ કરતા પહેલા આરોપીએ ફરિયાદીના કુટુંબીજનો ઉપર ફરિયાદ દાખલ કરેલી કે કેમ. એ વાત ખરી છે કે ફરિયાદીએ સને ૨૦૧૮ થી ૨૦૨૧ ના વર્ષ દરમિયાન વચ્ચેના સમયમાં કોઈ પણ પ્રકારની આરોપી વિરુદ્ધ અરજી આપેલ નહિ.એ વાતની મને ખબર નથી કે હાલના ફરિયાદીએ આરોપી પાસેથી હાથ ઉછીના પૈસા લીધા તે પરત લેવા

બાબતે ચર્ચા ચાલતી હતી તે અનુસંધાને ઝઘડો થયેલો. મને યાદ નથી કે આ ફરિયાદ દાખલ કરતા પહેલા મને લેખિતમાં ફરિયાદ મળેલ કે કેમ. એ વાત ખરી નથી કે ફરિયાદ દાખલ કરતા પહેલા ફરિયાદી અને આરોપીના ગામના પંચો પોલીસ સ્ટેશને ભેગા થયેલા. એ વાત ખરી નથી કે આ ફરિયાદ દાખલ કરતા પહેલા આ કામના આરોપી મને રૂબરૂમાં મળેલા. એ વાત ખરી નથી કે મને રૂબરૂમાં ઓડિયો ક્લિપ અને લેખિત ડોક્યુમેન્ટ તથા વકીલ મારફતે આપેલ ઉઘરાણીની નોટિસ બતાવેલું. એ વાત ખરી નથી કે આરોપી અને ભોગબનનાર વચ્ચે પ્રેમસંબંધ હતો. મને ખબર નથી કે ફરિયાદીના સસરા છાત્રાલય ચલાવતા હતા કે કેમ.એ વાત ખરી છે કે કાલીયાકુવા મોટું ગામ છે જ્યાં હાઈસ્કૂલ, દૂધ ડેરી, શાળા, દુકાનો તથા રહેણાંકના મકાનો આવેલા છે. એ વાત ખરી નથી કે ફરિયાદીનો રહેણાંકવાળો વિસ્તાર ધોળાખાખરાની મેં મુલાકાત લીધેલ નથી. એ વાત ખરી છે કે મેં આ સ્થળની મુલાકાત લીધેલ હોય તે બતાવતો કોઈ આધાર રજૂ કરેલ નથી. એ વાત ખરી છે કે મેં ફરિયાદપક્ષના પીયર પક્ષના કોઈ નિવેદન લીધેલ નથી. એ હકીકતની મને ખબર નથી કે આરોપી એક્સ–આર્મી મેન છે કે કેમ. એ વાત ખરી છે કે આરોપી માજી સરપંચ છે.એ વાત ખરી છે કે ફરિયાદ વિલંબથી આપવા બાબતનો ખુલાસો ફરિયાદમાં કરેલ નથી. એ વાત ખરી છે કે તા.૧૫/૧૧/૨૦૨૦ ના રોજ જે બનાવ બનેલ ત્યારે ફરિયાદીએ કોઈ ફરિયાદ તે સમયે કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી ફરિયાદીએ ૮ લાખ જેટલી રકમ લીધેલી અને તે આપવી ના પડે તે માટે મારા મારફતે ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી ફરિયાદના આધારે

ખોટા પંચનામા કરેલ છે અને ખોટા નિવેદન લીધેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપું છું."

ત્યારબાદ આ કામના **ત.ક.અમલદાર શ્રી એમ.ડી.પંચાલને આંક–૬૫** થી કોર્ટ સમક્ષ સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાની માં જણાવે છે કે,"હું સને ૨૦૨૧ ના વર્ષમાં મેઘરજ પોલીસ સ્ટેશન ખાતે ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતો હતો ત્યારે ત્યારબાદ આ ગુનાની તપાસ પીએસઓ તરફથી મને મળતા મેં તપાસ સંભાળી લીધેલ. આરોપી મળી આવતા આરોપીની શરીરસ્થિતિનું પંચનામું બે પંચોની હાજરીમાં કરી તેણીએ બનાવ સમયે પહેરેલ કપડાં કબજે લીધેલા અને આરોપીની મેડિકલ તપાસણી કરાવવા તજવીજ કરેલી. ત્યારબાદ ગુનાના કામે વપરાયેલ મુદ્દામાલ ગાડી કબજે લઈ પંચો રૂબરૂ પંચનામું કરેલું. ત્યારબાદ મેં મુદ્દામાલ રવાનગી પત્રક મોકલેલ. ત્યારબાદ મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ મને મળેલી. જેનું પૃથ્થકરણ થઈને એફએસએલના ફોરવર્ડિંગ લેટર સાથે મને મળેલ. તેમજ બાયોલોજી તથા સિરોલોજી પૃથ્થકરણ અહેવાલ મને મળેલ. ત્યારબાદ આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો જણાતા ચાર્જશીટ મેં કરેલું. આરોપી કોર્ટમાં હાજર છે તે જ છે."**ઊલટ તપાસ – બચાવ પક્ષ તરફથી વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી જે.જી.પ્રજાપતિ."** એ વાત ખરી નથી કે આરોપીના ઓળખ અંગેના પુરાવા મેં કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે મેં આરોપીને સાથે રાખી ગુનાવાળી જગ્યાની વિઝીટ કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસ મળ્યા બાદ મેં ભોગબનનાર તથા અન્ય સાહેદોના નિવેદન લીધેલ નથી કે તેઓને મળેલ નથી. એ વાત ખરી છે કે મુદ્દામાલ ગાડીને એફ.એસ.એલ.અધિકારીને

બોલાવીને ચકાસણી કરાવેલ નથી કે તે ગાડીમાંથી કોઈ વસ્તુ કબજે કરી તેને એફ.એસ.એલ.માં મોકલાવેલ નથી. એ વાત ખરી છે કે રજૂ કરેલા એફ.એસ.એલ.ના પુરાવા કે મુદ્દામાલ અંગે ફાઇનલ ઓપીનીયન બાબતે કોઈ અધિકારીને રૂબરૂ મળી તેની પૂછપરછ કરેલ નહિ. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.ના અધિકારીનો રિપોર્ટ રજૂ કરેલ નથી. સાહેદ જણાવે છે કે એફ.એસ.એલ.નો પરીક્ષણ અહેવાલ રજૂ કરેલ છે. એ વાત ખરી છે કે મુદ્દામાલ ગાડીના માલિકી અંગેના પુરાવા આ કામે સામેલ રાખેલ નથી. એ વાત ખરી છે કે મેં ભોગબનનારને સાથે રાખી રોલેશ્વર, મેઘરજ, મોડાસા તથા ગાંધીનગર સાથે રાખી કોઈ તપાસ કરેલ નથી.એ વાત મને યાદ નથી કે ફરિયાદીએ આરોપી પાસેથી નાણાં લીધેલા તે બાબતે તકરાર ચાલતી હોય હાલના આરોપીએ ફરિયાદીના પરિવારના સભ્યો ઉપર ત્રણ-ચાર ફરિયાદો કરેલી. મને ખબર નથી કે આરોપી નિવૃત આર્મી મેન કે નિવૃત સરપંચ છે કે કેમ. એ વાત ખરી નથી કે ફરિયાદના તરફેણમાં ખોટા પુરાવા ઊભા કરી આરોપી સામે પૂરતો પુરાવો ના હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે."

## (૧७) બચાવપક્ષના સાહેદોની જુબાની :—

આ કામે બચાવપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામના સાહેદ **કનુભાઇ રૂપાભાઇ ખાંટને આંક-७४** થી કોર્ટ સમક્ષ સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાની માં જણાવે છે કે,"હું સને ૨૦૧૮ થી સને ૨૦૨૦ દરમિયાન મેઘરજ પોલીસ સ્ટેશનમાં અ.હે.પો.કો. તરીકે ઉંડવા આઉટ પોસ્ટમાં ફરજ બજાવતો હતો. મારા બીટ વિસ્તારમાં કાલીયાકુવા ગામ આવેલ. હું ડામોર જેમાભાઈ રત્નાભાઈને નામજોગ ઓળખું છું. મારા બીટ

વિસ્તારમાં કોઈ અરજદારની ફરિયાદ આવે તો તેની તપાસ કરવાની હોય છે અને જો ફરિયાદમાં તથ્ય લાગે તો એફ.આઈ.આર પણ રજીસ્ટર્ડ કરવાનો હોય છે. અરજી સ્વરૂપ હોય તો કોગ્નિઝેબલ ગુનો બનતો અટકાવવા મામલતદાર સમક્ષ જામીન લેવામાં આવે છે.એ વાત ખરી છે કે મને ડામોર રત્નાભાઈ જેમાભાઈએ ભોગબનનાર તથા વિક્રમભાઈ વિરુદ્ધ ફરિયાદ આપેલી.મને અરજી સાથે કોઈ ઠરાવની કોપી આપેલ નહિ. તા.૨૫/૦૮/૨૦૨૦ ના રોજ ડામોર રત્નાભાઈએ ડામોર ભાથીભાઈ હજુરભાઈ વિરુદ્ધ ફરિયાદ આપેલી. ત્યારબાદ આ ફરિયાદ અનુસંધાને ભાથીભાઈ હજુરભાઈ ડામોરના સી.આર.પી.સી.ની કલમ–૧૦૭, ૧૬૬(૩) હેઠળ જામીન લેવા મામલતદાર, મેઘરજ સમક્ષ અરજી કરેલી. તા.૦૪/૦૯/૨૦૨૦ ના રોજ ડામોર રત્નાભાઈ જેમાભાઈએ અશોકભાઈ જુમાભાઈ વગેરે ત્રણ સમક્ષ ફરિયાદ આપેલી તેમજ તા.૨૭/૧૧/૨૦૨૦ ના રોજ ડામોર વિક્રમસિંહ તથા ભોગબનનાર વગેરે ચાર સમક્ષ ફરિયાદ આપેલી.તા.૧૪/૧૨/૨૦૨૦ તથા તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ ડામોર રત્નાભાઈએ ડામોર જશવંતસિંહ વીરાભાઈ વગેરે બે જણ વિરુદ્ધ ફરિયાદ કરેલી. ત્યારબાદ આ ફરિયાદ અનુસંધાને જશવંતસિંહ વીરાભાઈ વગેરે બે ના સી.આર.પી.સી.ની કલમ–૧૦૭, ૧૬૬(૩) હેઠળ જામીન લેવા મામલતદાર, મેઘરજ સમક્ષ અરજી કરેલી. ત્યારબાદ તા.૧૩/૦૧/૨૦૨૧ ના રોજ ડામોર રત્નાભાઈએ વિક્રમભાઈ, ભોગબનનાર તથા અન્ય આ ઈસમો વિરુદ્ધ મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી.ત્યારબાદ આ ફરિયાદ અનુસંધાને ભોગબનનાર, શારદાબેન, વિક્રમસિંહ, વીરાભાઈ અને જશવંતસિંહના અનુક્રમે

તા.૨૨/૦૧/૨૦૨૧ તથા તા.૨૫/૦૧/૨૦૨૧ ના રોજ સી.આર.પી.સી.ની કલમ – ૧૦૭, ૧૬૬(૩) હેઠળ જામીન લેવા મામલતદાર, મેઘરજ સમક્ષ અરજીઓ કરેલી.મને જે ફરિયાદો મળેલી તે મેં વાંચેલી. આ ફરિયાદમાં પૈસાની લેવડદેવડના કારણે એકબીજા સાથે તકરારો થતી હતી. ફરિયાદના અનુસંધાને ઉપરોક્ત આરોપીઓ વિરુદ્ધ મેં ચાર્જશીટ કરેલ. આ ઉપરાંત ઉપરોક્ત આરોપીઓ વિરુદ્ધ અન્ય ગુનાના કામે મેં ચાર્જશીટ કરેલ છે. મેં જે ગુનાના ચાર્જશીટ કરેલા તેમાં પણ તકરારો જોતા નાણાકીય લેવડદેવડ બાબતની હતી.**ઉલટ તપાસ – ફરિયાદપક્ષ તરફ વિ.પ્રોસીક્યુટરશ્રી – આર.એમ.પટેલ.** સરતપાસમાં મેં જે આરોપીએ ફરિયાદ કર્યાની હકીકતો જણાવેલ છે તેમાં કેટલીક ફરિયાદો હાલનો કેસ થયેલ તે પહેલાં કરવામાં આવેલ અને કેટલીક આ કેસ થયા બાદ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે મને આંક–૮૮ તથા આંક–૮૯ બતાવવામાં આવે છે જેમાં ફરિયાદી તરીકે હાલના આરોપી છે જ્યારે આરોપી તરીકે ભોગબનનાર પોતે કે ભોગબનનારના ઘરના સભ્યો આરોપી તરીકે દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે આંક–૨૨ વાળી એફ.આઈ.આર. તા.૦૫/૦૭/૨૦૨૧ ના રોજ નોંધવામાં આવેલ છે જે હાલના ગુના પછીની ફરિયાદ છે. એ વાત ખરી છે કે આંક–૨૪ વાળી એફ.આઈ.આર. તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ નોંધવામાં આવેલ છે જે હાલના ગુના પછીની ફરિયાદ છે.હું કહી શકું નહિ કે હાલની ફરિયાદમાં દબાણ લાવવા પાછળથી ખોટી ફરિયાદ ભોગબનનાર તથા તેમના પતિ વિરુદ્ધ કરેલ છે કે કેમ. એ વાત ખરી છે કે ભોગબનનાર અને આરોપી વચ્ચે કોઈ નાણાકીય તકરાર છે કે કેમ તેની કોઈ મને જાત માહિતી નથી. એ

વાત ખરી નથી કે અગાઉ સરતપાસમાં જે ફરિયાદોનો ઉલ્લેખ કરેલ છે તે સંબંધે મેં કોઈ વ્યાજબી તપાસ કરેલ નથી. એ વાત ખરી નથી કે આંક–૨૬ અને આંક–૨૭ વાળા ચાર્જશીટ ભોગબનનાર, તેના પિતા તથા અન્ય ઈસમો વિરુદ્ધ ખોટી રીતે કરેલ છે. એ વાત ખરી નથી કે હું આરોપીને બચાવવા ખોટી જુબાની આપું છું."

ત્યારબાદ આ કામના સાહેદ **મનુબેન દિનેશભાઈ ડામોર**ને **આંક–૯૦** થી કોર્ટ સમક્ષ સોગંદ ઉપર તપાસેલા છે. તેઓ પોતાની જુબાની માં જણાવે છે કે,"મને કોર્ટનું સમન્સ મળેલ છે જેથી હું પુરાવો આપવા આવેલ છું. આ કામના ફરિયાદી મારા દેરાણી થાય છે. તેમનું ઘર અને મારું ઘર નજીક નજીક આવેલું છે. હું ઘરકામ, ખેતી ઉપરાંત કાલીયાકુવા ખાતે મનરેગા યોજનામાં મેટ (ક્લાર્ક) તરીકે કામ કરું છું. મારા દેરાણી પણ મેટ (ક્લાર્ક) તરીકે કામ કરતા હતા. રત્નાભાઈ (આરોપી) મારા ગામના છે અને તે પણ મનરેગા યોજનામાં મેટ (ક્લાર્ક) તરીકે કામગીરી કરે છે. હું આશરે ૧૦ વર્ષ પહેલા કાલીયાકુવા ગ્રામ પંચાયતમાં સરપંચની ઉમેદવારી કરી સરપંચ તરીકે રહી ચૂકી છું. રત્નાભાઈ આર્મીમાં નોકરી કરતા હતા અને તેઓ ઘરે આવ્યા પછી તેઓએ પણ સરપંચમાં ઉમેદવારી કરેલી અને સરપંચ તરીકે ચૂંટાયેલા હતા.સરકારી રોજગારી માટે મારા દેરાણી ભોગબનનારે મેઘરજ તાલુકા પંચાયતમાં મેટ તરીકે રહેવા માટે અરજી કરેલી અને હુકમ મેળવેલો. તે હુકમ મળ્યા બાદ તેઓ મેટ તરીકે કામગીરી કરતા હતા. તેમના ઘરના સભ્યો કાકી સાસુ નામે શારદાબેન, કાકા સસરા નામે વીરાભાઈ તથા ભોગબનનારના પતિ વિક્રમભાઈ તથા ભોગબનનારના દિયર જશવંતભાઈ મનરેગા યોજનામાં

કામ કરવા જતા હતા. અમારા ફળિયામાં રત્નાભાઈને સારા સંબંધો હોય તે અમારા ફળિયામાં આવતા જતા અને બેઠક જેવા સંબંધો હતા. મારા દેરાણી ભોગબનનાર તથા દિયર વિક્રમભાઈ બંને જણા 'માય લાઈફ સ્ટાઈલ' કંપનીમાં ડિસ્ટ્રીબ્યુટર તરીકે કામ કરતા હતા અને તેમના ઘરના બધા સભ્યો ડિસ્ટ્રીબ્યુટર હતા. અને આ રત્નાભાઈને માય લાઈફ કંપનીમાં ડિસ્ટ્રીબ્યુટર તરીકે જોડાવવા કહેલું અને સારી એવી આવક મળશે તેવું ભોગબનનાર અને વિક્રમભાઈએ કહેલું.ત્યારબાદ ભોગબનનાર અને વિક્રમભાઈ બંને જણાએ રૂ.૨,૫૦,૦૦૦/– રત્નાભાઈ પાસેથી માય લાઈફ સ્ટાઈલ કંપનીમાં ભરવા માટે લીધેલા. તે પૈસા મેઘરજ એસ.બી.આઈ. બેંકમાંથી રૂ.૫,૦૦,૦૦૦/– ઉપાડેલા. પૈસા ઉપાડ્યા તે વખતે હું રત્નાભાઈ સાથે હતી. હું પણ આ માય લાઈફ કંપનીમાં સભ્ય તરીકે હતી. તે સિવાય ઘરકામ માટે ભોગબનનાર તથા તેમના ઘરના તમામ સભ્યોએ રત્નાભાઈ પાસેથી રૂ.૮,૦૦,૦૦૦/– જેટલી રકમ હાથ ઉછીના તરીકે લીધેલા. જે પૈસા માય લાઈફ સ્ટાઈલ કંપનીનું કમિશન ભોગબનનાર તથા તેમના ઘરના સભ્યોને મળ્યું ત્યારે પાછા માંગેલા. તેથી રત્નાભાઈ ભોગબનનારના ઘરે પૈસાની ઉઘરાણી કરવા ગયા તે વખતે ભોગબનનારના પતિ વિક્રમભાઈએ રત્નાભાઈ સામે ધારિયું લઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલી. તે વખતે રત્નાભાઈ સાથે ભાથીભાઈ અરજણભાઈ હતા જેથી રત્નાભાઈને બચાવેલ અને તે વખતે રત્નાભાઈનું મર્ડર કરી નાખવાનું કહી ધમકી આપેલી અને પૈસા તમને પાછા મળશે નહિ અને પૈસા પરત માંગશો તો તમને ખોટા બળાત્કાર કેસમાં ફસાવી દઈશું અને પોલીસ સ્ટેશનમાં જેલમાં પુરાવી દઈશું.આવો ઝઘડો થતાં ગામના આગેવાનો પંચો

ભેગા કરેલા. ત્યારે ભોગબનનારના ઘરના સભ્યોએ એવું કહેલ કે પૈસા વપરાઈ ગયેલ છે. તે સમયે ગામના પંચોએ ભોગબનનારના ઘરના સભ્યોને એવું કહેલ કે તમે પૈસા બાબતે એક કાગળ લખી આપો અને હપ્તે હપ્તે રત્નાભાઈને પૈસા પરત આપજો. તેમ છતાં પણ તે લોકોએ રત્નાભાઈને પૈસા પરત આપેલ નહિ અને પૈસા બાબતે વારંવાર લડાઈ ઝઘડા થતા હતા. ભોગબનનારના ઘરે તબેલાનું કામ કાજ ચાલતું હતું તે વખતે ત્યાં ભાથીભાઈ હજુરભાઈ રહે. ડંચકા તથા ભોગબનનારના ઘરના બધા માણસો હતા ત્યારે પણ રત્નાભાઈ ઉઘરાણીએ ગયેલા ત્યારે આ ભાથીભાઈ તથા ભોગબનનારના ઘરના સભ્યોએ રત્નાભાઈ સાથે ઝઘડો કરેલો.આ ભોગબનનારને આ ભાથીભાઈ હજુરભાઈ ડામોર રહે. ડંચકાવાળા સાથે આડા સંબંધો હતા. આ ભાથીભાઈ હજુરભાઈએ ભોગબનનારનો સાથ આપીને રત્નાભાઈને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા. ભાથીભાઈ ભોગબનનાર સાથે ફોન વાત કરતા હતા કે રત્નાભાઈને જાનથી મારી નાખીશું જેથી તમારે પૈસા આપવા નહિ પડે તેવી ધમકી આપતા હતા. તે અંગેનું કોલ રેકોર્ડિંગ ભાથીભાઈના કાકાના દીકરા પાસેથી મળી આવેલું. તે કોલ રેકોર્ડિંગ ગામ પંચો સમક્ષ સંભળાવેલું અને ભોગબનનારના પતિને પણ સંભળાવેલું. ફરિયાદીએ રત્નાભાઈ પર ખોટો કેસ કરેલ છે.**ઉલટ તપાસ– ફરિયાદપક્ષ તરફ વિ.પ્રોસીક્યુટરશ્રી–આર.એમ.પટેલ.** હું ૨૨–૨૩ વર્ષથી કાલીયાકુવા ગામે રહું છું. મારા પતિનું નામ દિનેશભાઈ છે જે ખેતી કરે છે. મનરેગા યોજનામાં મારા પતિ કામ કરતા ન હતા. રત્નાભાઈ મારા ગામના છે એટલે ઓળખું છું. તેમની સાથે બીજો કોઈ સંબંધ નથી. હું સને ૨૦૦૬ માં સરપંચ તરીકે

ચૂંટાયેલ છું. એ વાત ખરી છે કે હું સરપંચ તરીકે ચૂંટાયેલ તે પહેલાં રત્નાભાઈ સરપંચ હતા. એ વાત ખરી નથી કે હું સરપંચ તરીકે ચૂંટાયેલ ત્યારે અમારા મકાન ગૌચરની જમીનમાં દબાણ કરીને બનાવેલ છે તે બાબતની અરજીઓ ટીડીઓ તથા ડીડીઓ સમક્ષ રત્નાભાઈએ કરેલી. એ વાત ખરી છે કે આ બાબતે અમે મુદતોમાં અમે જતા હતા.એ વાત ખરી નથી કે આ અરજીઓના કારણે હું સરપંચ તરીકે સસ્પેન્ડ થાવ તેમ હોય મેં રત્નાભાઈ સાથે મેં સમાધાન કરતા તેઓએ અરજી પાછી ખેંચેલી. એ વાત ખરી નથી કે ત્યારબાદ રત્નાભાઈ સાથે મારા સારા સંબંધો હતા. એ વાત ખરી છે કે રત્નાભાઈ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ થયેલી. સાહેદ જણાવે છે કે આ ફરિયાદો ખોટી થયેલી. એ વાત ખરી નથી કે અગાઉ જે ફરિયાદ રત્નાભાઈ વિરુદ્ધ થયેલી તે મેં તથા ગામના બીજા માણસોએ ભેગા મળી સમાધાન કરાવેલું. એ વાત ખરી છે કે રૂ.૨,૫૦,૦૦૦/- ની રકમ ફરિયાદીએ રત્નાભાઈ પાસેથી લીધેલા તે વખતે હું હાજર હતી. એ વાત ખરી નથી કે મેં સરતપાસમાં જે હકીકતો જણાવેલી છે તે રત્નાભાઈને બચાવવા ખોટી જણાવેલ છે. હું કોર્ટમાં ત્રણ વાર આવેલ છું. એ વાત ખરી નથી કે હું રત્નાભાઈની જોડે ગાડીમાં કોર્ટમાં આવું છું. એ વાત ખરી નથી કે આ મેં કોર્ટમાં જે જુબાની આપેલ છે તે મને રત્નાભાઈ તથા તેમના વકીલશ્રીએ શીખવાડેલ તે મુજબ આપેલ છે. એ વાત ખરી નથી કે રત્નાભાઈ સાથે સારા સંબંધો હોય તેને બચાવવા ખોટી જુબાની આપું છું."

ઉપરોકત બંને સાહેદો પોતાની જુબાનીમાં ફરીયાદીએ આરોપી પાસેથી કટકે કટકે ઉછીના પૈસા લીધેલાની તથા તેઓ વચ્ચે પૈસાની લેવડદેવડ અંગેની તકરારો ચાલતી હોવાની હકીકત જણાવેલ છે.

ઉપરોકત ફરીયાદપક્ષના કેસની હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીએ આરોપી તેના ઘરે ગયેલા અને મનરેગા યોજના ૨૦૧૮ માં તેણીના પતિને કલાર્ક તરીકે કામે રાખવાનુ કહેલ અને ફરીયાદીના નામનો મેઢ એટલે કે કલાર્ક તરીકેનો હુકમ લાવેલા અને જુદી જુદી જગ્યાએ જુદી જુદી વારે તેણી સાથે બળાત્કાર કરેલ હોવાનું ફરીયાદપક્ષનું કહેવું છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લઈએ તો ૨૦૧૮ માં ફરીયાદી કલાર્ક તરીકે નોકરીમાં લાગેલા અને તેણી તથા તેણીના પતિની જુબાની ધ્યાને લેતાં તેઓએ સ્વીકારેલ છે કે મસ્ટર અઠવાડિયામાં એક વાર મળતુ હોય છે. મજુરો જે જગ્યાએ કામ કરે ત્યાં મસ્ટર કલાર્કે ફરીયાદી સહીતનાએ ચાલુ કામે હાજરી પુરવાની હોય છે. મજુરો સહીતનો કામનો સમય સવારના ૯ થી ૨ વાગ્યા સુધીનો હોવાનું તથા ગામના અન્ય વ્યકિતઓ પણ ત્યાં કલાર્ક તરીકે રહેલા હોવાનું, મજુરોની હાજરી પુરતા હોવાનુ અને ફરીયાદી સાથે તેના કુટુંબના અન્ય વ્યકિતઓ પણ કામ કરતા હોવાનું જણાય છે. ફરીયાદીએ તેની ઉલટતપાસમાં પોતે ચાલુ કામગીરી મજુરોની હાજરી પુરતા હોવાનું અને ૨૦૧૮ માં કળશીયાવાળી સાઇટ પર ગયેલ અને ત્યાં મરજી વિરુદ્ધ શારીરિક સુખ માણેલ અને ત્યાથી ઉન્ડવા તરફ લઈ ગયેલ ત્યાં પણ શારીરિક સુખ માણેલ તેમજ ૨૦૧૯માં નોકરી છોડી દીધેલ તેમજ ૨૦૨૦ માં માઇ લાઇફ કંપનીની મીટીગ હોવાનું જણાવી ગાડીમાં લઇ જઇ શારીરિક સુખ માણેલ, ધમકી આપેલની હકીકતો જણાવેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં ફરીયાદીએ આરોપીએ જુદી જુદી જગ્યાએ લઈ જઈ બળાત્કાર કરેલ હોવાનું જણાવેલ છે. જયારે આ અંગે

તેણીના પતિની આંક-૩૦ ની જુબાની ધ્યાને લેતાં તેઓએ આરોપીએ પોતાને પણ મજુરી કામે રાખેલ હોવાનું અને મેઘરજ લઇ જઇ પોતાને મોકલેલ અને ગાડીમાં તેની પત્નીને લઇ ગયેલ અને ધમકી આપેલાનુ જણાવેલ છે જે કળસીચાવાળી નાળના બનાવ અંગેની હકીકત જોઇએ તો પોતે ફરીયાદીને મુકવા ગયેલ અને તેને આરોપીએ ઘરે જવાનું કહેલું અને બળાત્કાર કરેલ, ધમકી આપેલ અને ગાડીમાં બેસાડીને ઉન્ડવા લઇ ગયેલ અને ત્યા પણ બળાત્કાર કરેલ અને સાંજે મુકી ગયેલ. તેમજ ગાંધીનગર મીટીંગ માં ફરીયાદીને લઇ ગયેલ અને તેની સાથે બળાત્કાર કરેલ ની હકીકતો જણાવેલ છે. તેઓએ સ્વીકારેલ છે કે ૨-૩ ગામના માણસો પણ કલાર્ક તરીકે નોકરી કરતા હતા અને ૨૦૧૮ થી હાલની ફરીયાદ કરી ત્યાં સુધી પોતે ઉપરોકત બનાવ અંગેની કોઇ ફરીયાદ નહી આપેલ હોવાનું સ્વીકારેલ છે. આમ, ઉપરોકત ફરીયાદી અને તેના પતિનો પુરાવો તથા ઉલટતપાસ ધ્યાને લેતાં ફરીયાદીના પતિ પોતે ફરીયાદીને સાઇટ પર મુકવા ગયેલા છે અને આરોપીએ જતા રહેવાનુ કહેલ અને પોતે જતા રહેલ અને પછી ફરીયાદી પર બળાત્કાર કરેલ હોવાનુ અને ગાડીમા લઇ જઇ ફરી બળાત્કાર કરેલ હોવાનુ, ગાંધીનગર માઇ લાઇફ કંપનીની મીટીંગ માં ગાડીમા લઇ જઇ બળાત્કાર કરેલાનુ જણાવેલ છે. ફરીયાદીનાબ પતિ ને ૨૦૧૮ થી હાલની ફરીયાદ કરી ત્યાં સુધી ઉપરોકત બનાવની ખબર હોવા છતાં તેઓએ કોઇ ફરીયાદ નહી કરેલ હોવાનું સ્વીકારેલ છે.  હવે જયારે મજુરો કામ કરતા હોય અન્ય કલાર્કો પણ ગામના ત્યાં હોય, ૯ થી ૨ નો સમય હોય અને તે રીતે જયારે માણસોની હાજરી હોય અને વારંવાર આરોપી બળાત્કાર કરેલ હોય અને તેમ છતાં તે હકીકતો અંગે કોઇ ફરીયાદ વગેરે ફરીયાદી કે તેના

પતિએ હાલની ફરીયાદ કરેલ નથી જે હકીકત અંગે કોઇ વિરુદ્ધનો પુરાવો રેકર્ડ ઉપર નથી. એટલુ જ નહી ૨૦૧૮ માં આરોપીએ ફરીયાદી ઉપર સાઇટ પર લઇ જઇ બળાત્કાર કરેલ વગેરે હકીકતો જણાવેલ છે અને ૨૦૧૯ માં ફરીયાદીએ નોકરી છોડી દીધેલાનુ પણ જણાવેલ છે. જયારે ફરી ૨૦૨૦ માં માઇ લાઇફ કંપનીમાં ફરીયાદી, તેનો પતિ અને અન્ય કુટુંબના સભ્યો સભ્ય થયેલ છે તે અંગેના જરુરી સહમતી દસ્તાવેજો પણ બનાવેલ છે જે આંક-૨૮ થી આ કામે રજુ થયેલ છે અને તે રીતે હકીકત જોતા જો ખરેખર ઉપરોકત બનાવ બનેલ હોય તો સ્વાભાવીક છે કે સામાન્ય રીતે કોઇ પણ વ્યકિત ફરીથી આવું કૃત્ય કરનાર વ્યકિત સાથે કામ ન કરે. જેથી પણ ફરીયાદી અને તેના પતિ એ જણાવેલ હકીકતો રેકર્ડ પરથી નિ:શંકપણે પુરવાર થતી નથી. ફરીયાદીના પોતાના ઘરના સભ્યો પણ મનરેગા યોજનામા કામ કરતા હોવાનું રેકર્ડ ઉપર હોય છતા તેણીએ કોઇને બનાવની વાત કરેલ નથી.તેમજ આરોપી ફરીયાદીને પોતાના ઘરે મસ્ટર લખવા બોલાવતા અને મોડે સુધી બેસાડતા તેવું ફરીયાદીનુ કહેવુ છે તો તેની સાથે તેણીના પતિએ પણ પોતે જાતે સાથે જતા હોવાનુ તેની જુબાનીમાં જણાવેલ છે.બંનેના ઘર વચ્ચે દોઢ કિલોમીટર અંતર હોવાનું પણ જણાવેલ છે.

આ કામે આંક-૫૨ ના ડોક્ટરે પણ આરોપીએ હિસ્ટ્રીમાં ફરીયાદી પાસે રકમ માંગતા હોવાનું કુટુંબ સાથે કામે આવતા હોવાનું વગેરે હકીકતો જણાવેલ છે.તેમજ આંક-૫૭ ના અન્ય ડોક્ટરે પણ જણાવેલ છે કે ભોગબનનાર ૩ બાળકોની માતા હોવાનુ, શરીર પર કોઇ ઇજાઓ હતી નહીનું જણાવેલ છે અને

મેડીકલ પુરાવો પણ મોડી ફરીયાદના કારણે એફ.એસ.એલ સહીત ફરીયાદપક્ષને મદદ કરતો રેકર્ડ ઉપર આવેલ નથી.

આ કામે તપાસેલા આંક-૩૩ ના પંચ કે જેઓ ફરીયાદીના સગા છે. તેમજ તેઓએ ઉલટતપાસ માં સ્વીકારેલ છે કે આરોપી અને વીરાભાઇના પરીવાર વચ્ચે ઉછીના પૈસા બાબતે ઝગડો ચાલતો હતો અને આરોપીએ તેના ઉપર કેસો કરેલા હોવાનું, લેણી રકમ માટે નોટીસ આપેલી, સમાજ ભેગો થયેલ, નીકાલ ન આવતા પોલીસ સ્ટેશન ગયેલા, પોલીસે પૈસાની લેવડદેવડ માટે ઘરમેળે સમાધાન માટે કહેલું અને ફરીયાદીના પતિ આરોપીને એકપણ રૂપિયો આપવો નથી તે રીતે સમાધાન કરવા માટે દબાવતા, નહીતર કેસ કરવાનુ કહેતા, તેમજ પંચના માણસોએ પણ ફરીયાદીને કહેલ કે ઉછીના પૈસા પુરા નહી તો થોડા આપો પરંતુ ફરીયાદીનો પરીવાર માનેલ નહી અને આરોપીએ પણ અગાઉ ફરીયાદો કરેલ હોવાનું પૈસાની લેવડદેવડ બાબતે બોલાચાલી થયેલ હોવાનુ હાલની ફરીયાદ પછી પણ ફરીયાદો થયેલ હોવાનું વગેરે હકીકતો જણાવેલ છે. એટલુ જ નહી આંક-૩૫ ના અન્ય પંચે પણ ઉપરોકત હકીકતો જણાવેલ છે અને ફરીયાદીના સગા થતા હોવાનુ જણાવેલ.

આ કામે બચાવપક્ષ દ્વારા પણ એવો બચાવ લેવામાં આવેલ છે કે, હાલના ફરીયાદી પાસે પૈસા આરોપી માંગતા હોય તેની માંગણી કરતા તે નહી આપવાના કારણે અને આરોપીએ ફરીયાદો કરેલ હોવાથી હાલ આ ખોટી ફરીયાદ કરેલ છે. અને તેના સમર્થનમાં આંક-૭૪ થી સાહેદ તપાસેલ છે જેઓએ પણ જુદા જુદા આંક-૭૫ થી ૮૯ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે જે આ કામના આરોપીએ ફરીયાદી વગેરે સામે ફરીયાદો કરેલ જે હાલની ફરીયાદ પહેલ

કરેલ તે સમહતિપત્રક, ફોટોગ્રાફ વગેરે રજુ કરેલ છે. ત્યારબાદ આંક-૯૦ થી સાહેદ તપાસેલ છે. તેઓએ પણ બચાવપક્ષની હકીકતોના બચાવ મુજબની હકીકતો જણાવેલ છે. આરોપી પૈસા માંગતા હોવાનું, માંગણી કરતા ફરીયાદીએ ખોટી ધમકી આપેલ હોવાનું કટકે કટકે ૮ લાખ ફરીયાદી સહીતનાને આપેલ હોવાનું જણાવેલ છે તેમજ ઉલટતપાસમાં પણ સ્વીકારેલ છે કે ૨,૫૦,૦૦૦/- ની રકમ ફરીયાદીએ આરોપી પાસેથી લીધેલ તે વખતે પોતે હાજર હતા.

આ કામે આંક-૬૨ થી ત.ક.અમલદારની જુબાની ધ્યાને લેતા તેઓએ પણ જણાવેલ છે કે ફરીયાદીને કલાર્ક તરીકે આરોપીએ નોકરી પર રાખેલ હોય તે અંગેના કોઇ ફોર્મ ઓર્ડર કબજે લીધેલ નથી અને કામ કરનાર અન્ય વ્યકિતના નિવેદન પણ લીધેલ નથી, પંચનામા પણ કરેલ નથી, ૨૦૧૮ થી ૨૦૨૧ ના સમય દરમિયાનના બનાવની ફરીયાદીએ કોઇ ફરીયાદ કરેલ નથી. આરોપી માજી સરપંચ છે. ફરીયાદ મોડી કરવાનો ફરીયાદીએ કોઇ ખુલાસો આપેલ નથી. ફરીયાદીના પીયરપક્ષના કોઇ નીવેદન નહી લીધેલ હોવાનુ પણ જણાવેલ છે. તે જ રીતે અન્ય ત.ક.અમલદારે પણ ફરીયાદીને સાથે રાખી રોલેશ્વર, મેઘરજ, મોડાસા સીવાય ગાંધીનગર ખાતે તપાસ નહી કરેલ હોવાનું સ્વીકારેલ છે.

આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતા ફરીયાદીએ જે ૨૦૧૮ થી હાલની ફરીયાદ કરેલ ત્યા સુધીમાં જુદી જુદી વખતે આરોપીએ બળાત્કાર કરેલ હોવાનું જણાવેલ છે તે હકીકતો રેકર્ડ પર થી પુરવાર થતી નથી. મોડી ફરીયાદ આટલા વર્ષો પછી કરવાનુ કારણ ફરીયાદપક્ષે જણાવેલ નથી. ફરીયાદીના પતિ, ઘરના સભ્યો તથા ગામના માણસો કામ પર જતા હોય છતાં પણ તેમને કોઇને

ફરીયાદીએ કયારેય બનાવની વાત કરેલ નથી તેમજ અન્ય તેમના ગામના માણસો કલાર્ક તરીકે નોકરી કરતા હોય છતાં તેઓને પણ કોઇને કાઇ બનાવની વાત ફરીયાદીએ કે તેમના પતિએ કરેલ નથી. ફરીયાદી પોતે કામ પર સાથે હોવાનુ જણાવે છે છતાં તેઓએ બનાવ વખતે કોઈ ફરીયાદ કરેલ નથી અને ફરીયાદીના સગા તેવા તપાસેલ પંચો જેઓએ પણ આરોપીએ ઉછીની રકમ ૭-૮ લાખ આપેલ અને તેની માંગણી કરતા પંચ સહીતનાએ કહેવા છતાં આપેલ નહી અને દબાણ કરતા હોવાનું અન્ય તેથી આરોપીએ જુદી જુદી ફરીયાદો કરેલ હોવાનુ અને તે હકીકત રેકર્ડ ઉપર હોય બચાવપક્ષના સાહેદોએ પણ ઉપરોકત હકીકતને સમર્થન આપેલ હોય તે રીતે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર થતો ન હોય બચાવપક્ષે રજુ થયેલા ચુકાદાઓ, કેસની હકીકતો, સંજોગો, બંને પક્ષકારોની મૌખિક દલીલો વગૈરે ધ્યાને વંચાણે લેતાં **મુદા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી મુદા નં.ર તથા ૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. આરોપી **રત્નાભાઈ જેમાભાઈ ડામોર,** ઉ.વ.૪૭, ધંધો:–ખેતી, રહે.કાલીયાકુવા, તા.મેઘરજ, જી.અરવલ્લી નાઓને **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬,૩૨૩,૫૦૪,૫૦૬(૨)** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) અન્વયે **નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ પીરીયડ સુધીના અત્રેની કોર્ટ સમક્ષ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા જાતજામીન આપવાના રહેશે.

3. બિનકિંમતી મુદ્દામાલ અપીલ સમયે પુરો થયે નાશ કરવા હુકમ કરવામાં આવે છે તેમજ મુદ્દામાલ વાહન અંગે જે અગાઉ કોઇ હુકમ થયેલ હોય તે કાયમ કરવામાં આવે છે તથા મુદામાલ વાહન હ્યુન્ડાઇ કંપનીની એકસેન્ટ ગાડી રજી.નંબર જી.જે.૩૧.ડી.૩૮૫૦ તેના મુળ માલીકને માલીકીની ખરાઇ કરી પરત કરવું.

હુકમ આજરોજ તા.૨૨ મી, માહે: જુલાઇ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૨૨/૦૭/૨૦૨૬
મોડાસા

**(કમલેશ કિશોરકાંત શુકલ)**
સ્પેશ્યલ જજ–પોક્સો
અરવલ્લી જીલ્લા, મોડાસા
જજ કોડ જીજે૦૦૫૪૭

જે.બી.રાઠોડ